بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-જુલાઈ-૨૦૧૨**

શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાન શરીફ

હિજરી સન : ૧૪૩૩

વર્ષ : ૦૯, અંક : ૦૭, સળંગ અંક : ૧૦૩



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | ફઝાઈલે શાબાનુલઈ મોઅઝ્ઝમ | ૦૨ |
| ૦૨ | **હે બહેનો ! બંને જહાનમાં સુકૂન ચાહો છો ! તો પર્દો કરી લો !** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | હુદાઈકે બખ્શિશ | ૧૫ |
| ૦૬ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૭ |
| ૦૭ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૦ |
| ૦૮ | કાનૂને શરીઅત | ૨૨ |
| ૦૯ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૪ |
| ૧૦ | શું માટલીવાલાના મોલ્વીઓનું આ કૃત્ય.... | ૨૫ |
| ૧૧ | વહાબીઓ થકી અસલ કિતાબોમાં થતી.... | ૨૭ |
| ૧૨ | ઈસ્લામમાં વારસાની વહેંચણી અને સ્ત્રીઓ... | ૩૩ |
| ૧૩ | ૧૯મા ફિકહી સેમીનારના ફેંસલા | ૩૮ |
| ૧૪ | **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા થકી થયેલ કામો તથા તેનું રિઝલ્ટ !** | ૪૩ |
| ૧૫ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૫ |


**જન્નત ઝમીં પે દેખને કા ઈન્તિઝાર હય**

અઝ : **'ગનીમત'** બાવાશિનોરી

મેહબૂબ રબ કે પ્યારે, મુઝે તુઝસે પ્યાર હય
તયબાહ મેં આકે મિલને, કો દિલ બેકરાર હય
નૂરી મઝારે પાક, હય ગુંબદે અઝીમ
જન્નત ઝમીં પે દેખનેકા ઈન્તિઝાર હય
છાઈ હુઈ થી દુન્યામેં વીરાની તીરગી
હર સિમ્ત આજ તેરે, કદમસે બહાર હય
શમ્સો કમરકા ગશ્ત, તેરે હુકમ પર રહા
તેરે ઈશારે પર સદા લયલો નિહાર હય
તૂને મિટા કે કુફ્ર, બતાઈ હય રાહે હક્ક
ચારોં દિસા મેં આજ, અઝાં કી પુકાર હય
તેરા કરમ હય ઉમ્મતે આસી પે બે શુમાર
હોગા અદા ન શુક્ર, બહોત શર્મસાર હય
તેરે સિવા ન હોગા, મદદગાર હશ્ર મેં
ઉમ્મત કા એક તૂહી, બળા ગમગુસાર હય
એઅ્ઝાઝ કા તેરે ક્યા, **'ગનીમત'** કરે બયાં
અલ્લાહ જાને તેરા, ક્યા ઈઝ્ઝો વકાર હય

-કાર્યાલય

# ફઝાઈલે શાબાનુલ્ મોઅઝઝમ

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : "ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, "જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

- ❐ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **"લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ"** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.
- ❐ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.
- ❐ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજીવખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.
- ❐ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.
- ❐ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.
- ❐ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દુ પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.
- ❐ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.
- ❐ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.
- ❐ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દુ) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને "સલાતુલ ખૈર" કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, "જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)



## હે બહેનો ! બંને જહાનમાં સુકૂન ચાહો છો !

# તો પર્દો કરી લો !

તંત્રી લેખ

મુસલમાન એટલે શું ? **ઈસ્લામનો અર્થ** છે, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની **ફર્માબરદારી કરવી,** જેથી **મુસલમાન એટલે ફર્માબરદાર.** પરંતુ અફસોસ કે આજે મુસ્લિમ સમાજનું નિરીક્ષણ કરવામાં આવે તો જણાશે કે જાણે કહેવાતા મુસલમાનો જ ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની નાફર્માની કરવાની જાણે હરીફાઈમાં ઉતર્યા છે ! ખાસ કરીને આજના યુવાન યુવતીઓ પોતાના જીવનનો આઈડિયલ કોઈ મોડેલ, હીરો, હીરોઈન, ક્રિકેટર કે ડાન્સરને બનાવે છે અને બસ એવો જ ડ્રેસ એવી જ અદાઓમાં જીવે છે. વિશેષતઃ યુવતીઓની જીવન પદ્ધતિ એટલી નિમ્ન કક્ષાએ ઉતરી ગઈ છે કે લગભગ કોઈ પ્રસંગ ગુનાહોની ગંદકીથી પાક નથી રહ્યો. ધાર્મિક પ્રસંગો અને ધાર્મિક સ્થળોએ જ્યારે સ્ત્રીઓ બેપર્દા ઘૂમી રહી છે તો દુનિયાવી પ્રસંગોની તો વાત જ શી થાય ?! શરમ તથા હયાનો સમાજમાંથી જાણે કે જનાઝો જ ઉઠી ગયો છે.

### ★ તે પાકીઝા મુસલમાન સ્ત્રીઓ આવી હતી ! ★

હે મારી બહેનો ! આવો ! મુસલમાન સ્ત્રીઓની શું શાન હતી, તેણીઓ કેવી શરમ તથા હયાવાળી હતી તેને જુઓ અને પોતાની જિંદગીને તેમની સાથે સરખાવો અને શરમાવો !

"એકવાર સરકારે દો આલમ ﷺ મસ્જિદથી બહાર નીકળી રહ્યા હતા તો જોયું કે રસ્તામાં પુરૂષ તથા સ્ત્રીઓ મિશ્ર થઈને ચાલી રહ્યાં છે, તો સ્ત્રીઓને સંબોધીને ફર્માવ્યું કે, **"પાછળ રહો ! અને રસ્તાની વચ્ચે ન ચાલો."** આપના આ ફર્માને આલીશાન પછી સ્ત્રીઓનો એ હાલ થઈ ગયો હતો કે **સ્ત્રીઓ ગલીના કિનારે એ રીતે અડીને ચાલતી હતી કે તેમનાં કપડાં દીવાલ સાથે ટીંગાઈ જતાં."** *(અબૂ દાઊદ શરીફ)*

સ્ત્રી પુરૂષોની ભેળસેળ એ સ્વભાવિકપણે ફિત્ના ફસાદનો સબબ છે. જેમ કે આપણા સમાજમાં મિશ્ર સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓ, ઓફિસો, ટ્યૂશન સેન્ટરો, કોમ્પ્યુટર ક્લાસિસ તથા ફેક્ટરીઓમાં સાથે કામ કરતાં મળતાં સ્ત્રી પુરૂષોમાં અસંખ્ય આડા વહેવારના દૃષ્ટાંતો જોવા મળે છે જેમાંથી લડાઈ, ઝઘડા, તલાક, આત્મહત્યા કે ખૂના મરકીના બનાવો પણ બને છે. એટલા માટે જ આપણા પ્યારા આકા ﷺએ પુરૂષો સ્ત્રીઓની ભેળસેળથી સખ્ત મનાઈ કરી. સીધી વાત છે કે આગ અને પેટ્રોલ ભેગુ થાય તો શું થાય ?!

હે પ્યારી બહેનો ! તે પાકીઝા બાપર્દા સહાબિયા સ્ત્રીઓને નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ કેવળ ચાલવામાં અજાણતાએ પુરૂષોથી ભેગી થઈ ગઈ હતી તેમને પુરૂષોની પાછળ રહેવા તથા રસ્તાના કિનારે ચાલવાની સૂચના આપી અને તે પાકીઝા સ્ત્રીઓએ તેનું કેવું પાલન કર્યું કે તેમનાં કપડાં દીવાલ સાથે ટીંગાઈ જતાં

હતાં ! જ્યારે આજે સોળ શણગાર સજીને બેપર્દા સ્ત્રીઓ પુરૂષો વચ્ચે પોતાના સૌંદર્યનું જાણે પ્રદર્શન કરતી ફરી રહી છે, ગૈર મર્દો સાથે એકાંતમાં મુલાકાતો થાય છે, કોલેજ ગાર્ડનમાં, કેન્ટિનોમાં કે બાઈકો પર નામેહરમો સાથે બેસીને ફરી રહી છે, હંસી મઝાક અને છેડછાઈ થઈ રહી છે. શું આ મુસલમાની છે ?!

## ★ જન્નતી ઔરતોની સરદારને આઈડિયલ બનાવો ! ★

નબી કરીમ علیہ الصلوٰۃ والسلام નાં સાહબઝાદી હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا જેમને નબી કરીમ صلی اللہ علیہ وسلم એ જન્નતી ઔરતોનાં સરદાર કહ્યાં છે તેમની શરમો હયાનો આલમ શો હતો તે જુઓ.

હુઝૂર અક્‌દસ صلی اللہ علیہ وسلم એ ખાતૂને જન્નત હઝરત ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہا ને ફર્માવ્યું કે, **સ્ત્રીના હક્‌માં સૌથી શ્રેષ્ઠ શું છે ?** તો ખાતૂને જન્નતે અર્ઝ કર્યું કે, **"નામેહરમ પુરૂષ એને ન જુએ !"** તો આપે તેમને ગળી લગાડી લીધાં. *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧૦, નિસ્ફ અવ્વલ, પેજ : ૨૮)*

આ જ હઝરત ફાતિમા رضی اللہ عنہا એ વસિયત કરી હતી કે મારા મૃત્યુ બાદ **મારો જનાઝો રાતના અંધકારમાં કાઢજો જેથી કોઈ ગૈર મેહરમની નજર મારા મૈયતવાળા જનાઝા પર પણ ન પડે !** આજે તો ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ની કહેવાતી કનીઝાઓ જીવતે જીવત અને જાણીબુઝીને પરપુરૂષોને નઝારો કરવાનુ જાણે દા'વત આપી રહી હોય એવું (અન) ડ્રેસિંગ કરીને ફરે છે !

## ★ હઝરતે ફાતિમાના નક્‌શે કદમ પર ચાલનાર એક હયાવાળી સ્ત્રી ★

ફરહંગે આસિફિયા નામના મોટા શબ્દકોશના નામથી ઉર્દૂનો કોણ ભણેલો ગણેલો બેખબર છે ? એના લેખક એની પ્રસ્તાવનામાં પોતાના ઘરની અગનજ્વાળાનું રહસ્ય લખે છે કે ઈ.સ. ૧૯૧૨, ૮–ફેબ્રુઆરીની રાતનો આ પ્રસંગ છે અને લેખકની પત્ની એ સમયે સુવાવડમાં હતી.

જ્યારે અડધા જેટલુ ઘર સળગી ઉઠયું તો એના ધુમાડાઓ અને આગની લપેટોએ ઢંઢોળીને જગાડયાં... એટલામાં તેમનાં પત્નીને ખબર થઈ તો તે પહેલાં તો એકલી વરંડા સુધી આવી પછી પોતાના બાળકને લેવા અંદર ચાલી ગઈ. એને કેડમાં ઉઠાવીને બાથરૂમમાં આવીને ઉભી રહી. એ સમયે આગ લાગી જવાની બૂમ પડી ગઈ જેથી બે ચાર નજીકના પડોશીના આદમી આવી ગયા. મેં મારી પત્નીને કેટલીયવાર કહ્યું કે દરવાજામાં આવી જા ! પણ આ જ જવાબ મળ્યો કે **"ગૈરપુરૂષોનો અવાજ આવી રહ્યો છે ! હું કેવી રીતે આવું ?!"** આ હઠથી અમને એ સમયે ઘણો રંજ થયો.

ખૈર, તે આગ છેવટે કેવી રીતે ઓલવાઈ અને સુવાવડી બાઈ અને બાળકનો જીવ કઈ રીતે બચ્યો ? આ બધી કહાનીથી આપણને મતલબ નથી. આપણા કામની ચીજ તો લખાણનાં છેલ્લાં વાકયો છે. કેમ કે ખતરો કોઈ મામૂલી નથી, બિલ્કુલ જાન પર આવી બન્યું છે. પોતાની જાન પર પણ અને બાળકની જાન પર પણ ! પતિ ખૂદ આઝાદી આપીને પુરૂષોવાળા ભાગમાં બોલાવી રહ્યો છે તેમ છતાં પણ પર્દાનશીન સ્ત્રીની ઈજ્જતપરસ્તીનો એ આલમ છે કે પોતાની અને પોતાના બાળકની જાન જવી મંજૂર છે ! બંનેનું આગના અંગારાઓમાં ભસ્મ થઈ જવું મંજૂર છે ! પરંતુ એ પસંદ નથી કે ઈજ્જત હયાની અતિશય અને ઉચ્ચ કક્ષાને કોઈ જરા જેટલી પણ આંચ આવવા પામે.

ઈસ્લામી સજ્જનતા તથા ઈજ્જત અને શરમનો આ પ્રસંગ સાચી મુસલમાન સ્ત્રીઓનો કિરદાર છે.

સળગી જવું મંજૂર પણ ગૈર પુરૂષોનો અવાજ સાંભળવો નામંજૂર ! આ બનાવને સામે રાખતાં આજકાલની મોડર્ન સ્ત્રીઓનો કિરદાર જોઈને એક સાચા મુસલમાનનું દિલ જલી ઉઠે છે. તેમને ઈજ્જત, સજ્જનતાની ખાતર સળગી જવું મંજૂર હતું અને આમને મેકઅપ કરીને બની ઠનીને બહાર બેપર્દા ફરીને જલાવવું મંજૂર છે. *(ઔરતોંકી હિકાયાત)*

આજે તો લગભગ સ્ત્રીઓ જાણીબુઝીને શોખથી પ્રદર્શન માટેની પૂતળી હોય તેમ બની ઠનીને પુરૂષોમાં બેપર્દા ફરે છે ! અને શાદીઓમાં કુમળી બાળકીઓથી લઈને આધેડ સ્ત્રીઓ સૌ મોડેલ જેમ સજીને ઓઢણીઓ ત્યજીને વાળો ફેલાવતી, લટોને લહેરાવતી વીડીયોમાં કેચ થવા માટે તલપાપડ થતી જોવા મળે છે ! અને આ બધું વીડીયો ઉતારનાર ફાસિક્ તથા અન્ય પર પુરૂષો તો જુએ જ છે પણ તેમનાં મા બાપ, પતિ તથા ભાઈઓની રૂબરૂમાં થાય છે છતાં જાણે એને ગુનોહ જ નથી ગણવામાં આવતું એટલુ સામાન્ય થઈ ગયું છે. હે બહેનો ! તમારામાં થોડી પણ શરમ હોય તો રસૂલુલ્લાહ ﷺ એવી સ્ત્રીઓ માટે કયા શબ્દો વાપરે છે તેને સાંભળો અને ભલાઈ ચાહતી હોઉ તો પોતાની સુધારણા કરી લો !

### ★ પર સ્ત્રી પર પુરૂષને જોનાર વિશે રસૂલેપાક ﷺનું ફર્માન ★

ઈમામ તિર્મિઝીએ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે : "દરેક (હવસ સાથે ગૈરને જોનારી) આંખ ઝિના કરનારી છે. **બેશક ! સ્ત્રી ખુશ્બૂ લગાડીને મજલિસમાં પસાર થાય તો તેણી ઝિના કરનારી (વ્યભિચારીણી) છે."** *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૯૬)* એટલે કે જે ખુશ્બૂ ફેલાવી નામેહરમોના આકર્ષણનું કેન્દ્ર બને.

એક હદીષમાં છે કે, **"જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તો તે સ્ત્રી ઝાનિયા (વ્યભિચારીણી) છે."**

જે સ્ત્રીઓ અર્ધનગ્ન પોશાક પહેરીને લોકોના આકર્ષણનું કેન્દ્ર બને છે તેમના માટે **અફસોસજનક વાત નથી કે પ્યારા મુસ્તફા ﷺ તેણીને ઝાનિયા કહે છે** ! હવે તો તૌબા કરવી જ જોઈએ !

એક હદીષમાં છે કે, "જોનાર પુરૂષ અને જેને જોવામાં આવે તે સ્ત્રી બંને પર **અલ્લાહ લા'નત** કરે છે." *(મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૨૭૦)*

હે પ્યારા ભાઈઓ ! બહેનો ! લા'નતી એટલે અલ્લાહની રહમતથી દૂર થનાર અને જે રબની રહમતથી દૂર થાય તો તેનો અંજામ શું થશે ?! હવે તેનો કોણ બેલી થશે ?! માટે બુરી નજરોથી બચો ! અને પર સ્ત્રીઓ પર પુરૂષોને તાકવાથી તૌબા કરી લો.

### ★ ઉઘાડા માથે રહેનારીઓ પર થતો અઝાબ ★

વળી આજે વાળોને ખુલ્લા ઉડાડવાની તથા મોઢા પર લતો લાવી મોડેલો જેવી એક્ટિંગ કરવાની ફેશન ચાલે છે. તો એવી સ્ત્રીઓ આ હદીષે પાક સાંભળીને બોધ લેશે ખરી ?!

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما પોતાની કિતાબ "અલ અસ્રાઉલ મેઅરાજ"માં લખે છે કે જ્યારે મેઅરાજની રાત્રે હુઝૂરે અકરમ علیہ الصلوٰۃ والسلامએ **વાળોથી લટકેલી સ્ત્રીઓ** જોઈ **જેમનાં દિમાગો હાંડલીઓની જેમ ઉકળી રહ્યાં હતાં** ! તો આપે હઝરત જિબ્રઈલ علیہ السلامથી પૂછયું કે આ કોણ છે ? તો તેમણે કહ્યું, આ તે બે પર્દા સ્ત્રીઓ છે જેઓ ગૈરો સમક્ષ પોતાના વાળોનું પ્રદર્શન કરાવતી હતી. *(હિજાઝ જદીદ, ફેબ્રુ. ૧૯૯૨)*

## ★ શરીર સાથે ચોંટી જાય તેવાં ફીટ કપડાં ન પહેરો ! ★

આજકાલ કાફિરોની દેખાદેખી યુવતીઓ એવાં કપડાં પહેરે છે જેમાં તેમના મસલ્સ ખુલ્લા ખભા સુધી દેખાતા હોય છે, તથા ટૂંકુ બારીક અને ફીટ ફ્રોક કે ટી શર્ટ જેવું હોય છે જે સીટ તથા અંગ અંગનો ઘાટ જાહેર કરે છે, ગળા તથા છાતીનો કેટલોક ભાગ તો ખુલ્લો હોય છે ઉપરથી ફિટ કપડામાં તેની સુંદરતાનું પ્રદર્શન ગૈરો સામે કરવામાં આવે છે. આ વ્યભિચારીને દા'વત આપવું છે અને આવી સ્ત્રી ખુદાના ગઝબને નોંતરી રહી છે. હદીષે પાકમાં છે કે, **''આવી તેણીઓ ન જન્નતમાં જશે ન એની ખૂશ્બૂ મેળવશે, જ્યારે કે જન્નતની ખૂશ્બૂ આટલા આટલા (૫૦૦ વરસના અંતર) દૂરથી મેહસૂસ થતી હશે.''** *(સહીહ મુસ્લિમ શરીફ, ૨/૨૦૫)*

ચુસ્ત ઈજાર કે પુરૂષો જેમ જિન્સની પેન્ટ તે પણ ફિટો ફિટ જે શરીરના સર્વ વળાંકો, સાંધાઓ જાહેર કરે તેને પહેરશો નહીં બલ્કે ખુલતી સલ્વાર (ઈજાર) પહેરવામાં આવે. એકવાર રસૂલુલ્લાહ ﷺ ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા. રસ્તામાં એક સ્ત્રીનો પગ લપસ્યો અને તેણી ગબડી પડી તો આપે પોતાનો ચહેરો મુબારક એ દિશાએથી ફેરવી લીધો. સહાબાએ અર્ઝ કરી, હુઝૂર ! તેણીએ સલવાર પહેરેલી છે. તો આપે ઈર્શાદ ફર્માવ્યો, **''હે અલ્લાહ ! મારી ઉમ્મતની સલ્વાર પહેરનારી સ્ત્રીઓને બખ્શી આપ.''** હે લોકો ! ઈજાર પહેરો કે તમારાં બીજાં કપડાંઓની સરખામણીમાં એ શરીરને અધિક છુપાવે છે, ખાસ કરીને સ્ત્રીઓ માટે.

તો ઈસ્લામની શાહઝાદીઓ ! પગો, જાંગો તથા સીટનો સંપૂર્ણ ઘાટ જાહેર કરે તેવો ચુસ્ત ચોંટેલો પહેરવેશ પહેરી **તમે કોને દેખાડવા નીકળો છો ?! સમજો !** એનાથી તૌબા કરી લો અને ખુલતી ઈજાર પહેરો અને રસૂલેપાક ﷺની બખ્શિશની દુઆની મુસ્તહિક઼ બનો.

## ★ પર્દો ઓછામાં ઓછો કેટલા પ્રમાણમાં હોવો જોઈએ ? ★

જાડાં (એટલે શરીર ઝલકે નહીં તેવાં અપારદર્શક) અને ઘેરવાળાં કપડાંઓ પહેરે, માથાથી પગ સુધી શરીર ઢાંકીને નીકળે કે મોં અને હથેળીઓ સિવાય, વાળ, ગળુ, ભૂજાઓ, કોણીઓ, પેટ, પિંડલી કોઈ જાહેર ન થાય. જો એમનામાંથી કોઈ પણ ભાગ જાહેર કરીને નીકળે છે તો તે **સ્ત્રીઓ ફાસિક઼ા** (ખુલ્લમ ખુલ્લા હરામ કામ કરનારી) અને એમના **પુરૂષો દય્યૂષ** છે, એવા લોકોથી બચવું જોઈએ. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૧૦/૨૨૪, નિસ્ફ આખિર)* દય્યૂષ જન્નતની ખુશ્બૂ પણ પામશે નહીં.

જો કે સ્ત્રીનો ચેહરો સતરે ઔરતમાં દાખલ નથી પણ **જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો ચેહરા પર પર્દો નાખી લેવો જરૂરી છે.** જેમ કે કુર્આનમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : ''હે નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.'' *(સૂ. અહઝાબ, રુકૂઅ–૫)*

વિચારો ! જ્યારે તે પાક દૌરમાં અતિ પાક સ્ત્રીઓને, ઉમ્મતની માઓને ચેહરો ઢાંકવાનો આદેશ અલ્લાહે આપ્યો તો આજે તો આ ગંદા માહોલમાં અતિ વિશેષપણે ચહેરો ઢાંકવો જરૂરી છે.

વળી કેટલીક બહેનોના ઉપર સુધી હાથો આખા ખુલ્લા હોય છે અને મોઢા પર કપડાનો ટુકડો ઢાંકી સમજે છે કે પર્દો કર્યો છે ! પણ આ તો એકદમ વિચિત્ર પહેરવેશ છે ! હાથો ઢાંકવા ફર્ઝ છે તેને પ્રથમ ઢાંકે. વળી કેટલીક બહેનો ફિટો ફિટ ઝભ્ભો પહેરે છે પછી મોઢા પર ફટકિયુ બાંધી દે છે, પાછળ

વાળ ખુલ્લા હોય છે, છાતીનો ઉભાર તથા અન્ય અંગો ફિટ જભ્ભાથી સ્પષ્ટ જાહેર થતાં હોય છે. તો આ "ફેશનેબલ પર્દો" છે ! "ઈસ્લામી પદો" ખુલતો હોવો જોઈએ અને માથાથી પગ સુધી હાથો સમેટ શરીરને ઢાંકનાર હોય છે, જેથી બહેનો કાળજી લે. વળી નેટવાળી પારદર્શક તથા હાફ બાંયોવાળાં કપડાં તો કદી ન પહેરે.

## ★ પર્દો કરનારીથી અલ્લાહ કેટલો રાજી છે તે જુઓ ! ★

હઝરત શયખ અબ્દુલહક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે કે એકવાર દુકાળ પડયો. લોકોએ ખૂબ દુઆઓ કરી પણ વરસાદ ન થયો. તો હઝરત મહબૂબે ઈલાહી શયખ નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ એ પોતાનાં વાલિદા મોહતરમાના પાકીઝા દામનનો એક દોરો પોતાના હાથમાં લઈને બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, **યા અલ્લાહ ! عزوجل આ તે ખાતૂનના દામનનો દોરો છે જેના પર કદી પણ કોઈ નામેહરમ (પરપુરૂષ)ની નજર નથી પડી ! એના તુફૈલથી રહમતની વરસાદ વરસાવ !** હજી હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ **આ વાક્ય બોલી જ રહ્યા હતા કે એવામાં વરસાદ વરસવા લાગ્યો.** સુબ્હાનલ્લાહ ! *(અખ્બારુલ અખ્યાર, પેજ : ૪૦)*

હે મારી બહેનો ! એક પાકદામન સ્ત્રીના પહેરેલ કપડાના એક દોરાના વસીલાથી દુઆ કરતાં દુકાળ જેવી મહા મુસીબત ટળી જાય અને અસંખ્ય માનવો, પશુ, પંખીઓ વરસાદ થવાથી ચૈન તથા સુકૂનની જિંદગી જીવવા લાગે ! તો વિચારો કે ખૂદ તે પાકીઝા સ્ત્રીને અલ્લાહ બંને જહાનની કેવી નેઅમતોથી નવાઝશે ?! માટે સમજો ! આપણે મુસલમાન છીએ, આપણા પર એ અલ્લાહનું એહસાન છે કે આપણને ઈમાનની દૌલત નસીબ થઈ છે, તો પછી આપણે શા માટે કાફિર, ફાસિક્, બેહયા ડાન્સરો, મોડેલો, હિરોઈનોનું અનુસરણ કરી જહન્નમમાં પડીએ ?! આપણે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاના નક્શે કદમ પર ચાલીને બંને જહાનમાં સુકૂન કેમ ન પામીએ !

હે મારી બહેનો ! તમે રોજ અખ્બારોમાં વાંચો છો કે આવારગીને લીધે ફલાણી યુવતી પર તેના બોયફ્રેન્ડોએ સામૂહિક બળાત્કાર કર્યો, પછી તેવી સ્ત્રીઓ ક્યાંક સગળીને કે ઝહેર ખાઈને મરી જાય છે, ક્યાંક ઘરના પંખા પર ટીંગાઈને ગળે ફાંસો ખાય છે તો ક્યાંક રેલ્વે નીચે સૂઈ જાય છે તો ક્યાંક નદીમાં કૂદી પડે છે. જે આપઘાત કરે છે તેની સજા એ છે કે કયામત સુધી એ એ જ રીતે મરશે અને જીવતો થશે ફરી મરશે અને ફરી જીવતો થશે, આમ કયામત સુધી તેને સજા થતી રહેશે. જેથી તેવા લોકો ન દુનિયામાં ઈજ્જત કે ચૈન પામે છે ન આખેરતમાં પામે છે. માટે સમજો કે ઈસ્લામ જ હક્ક છે અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَના પર્દા માટેના હુકમો એ આપણી જ ભલાઈ માટે છે. જેથી દિમાગના સર્વ ભરમો ત્યજી દો અને ઈસ્લામી ઢબથી જીવો અને બંને જહાનમાં ઈજ્જતદાર બનો.

## ★ સ્ત્રીઓની આવારગીનો સબબ અને તેનો ઈલાજ ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ વાતને સમજતા પહેલાં આ હદીષે પાકને દિલના કાનો વડે સાંભળો ! :–

એકવાર એક છોકરી ઉમ્મુલ મો'મિનન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની પાસે ઘુંગરૂ પહેરીને આવી. આપે ઘુંગરૂનો અવાજ સાંભળતાં જ ઈર્શાદ ફર્માવ્યો કે, "એને મારી પાસે ન લાવશો જ્યાં સુધી કે ઘુંગરૂ ન કાપી લેવામાં આવે ! કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી મેં સાંભળ્યું છે કે જ્યારે ઘરમાં ઘંટડી ઘુંગરૂ

(છમછમ અવાજવાળી) હોય એમાં ફરિશ્તા નથી આવતા." *(અબૂ દાઊદ, પેજ : ૫૧૮)*

**વિચારો ! કેવળ પગોમાં પાયલની ઝનકારવાળા ઘુંગરૂ પહેરવાથી ઘરમાં રહમતના ફરિશ્તા દૂર ભાગે છે તો જે ખૂદ પહેરે તે તો રબની રહમતથી વંચિત જ રહેશે ને !** એટલું જ નહીં, પણ **જે ઘરમાં કેવળ પાયલનો છમછમાટ જ નહીં પણ સંગીતના વિવિધ અવાજો સાથે પિક્ચરો, સીરીયલો, ડાન્સ તથા બહેયા સ્ત્રીઓની બેહયાઈનાં દશ્યો ટી.વી. પર ઈન્ટરનેટ પર ચાલતાં રહે તેમાં રહમતના ફરિશ્તા ક્યાંથી આવશે ?!** અને જ્યારે અલ્લાહની રહમત જ દૂર થઈ જશે **તો ઘરમાં મુસીબતો નહીં આવે તો શું આવશે ?** આપણી પુત્રીઓ, સ્ત્રીઓ બહેયાઈનાં દશ્યો જોઈને તેનું અનુસરણ કરવા ઘર બહાર નહીં નીકળી પડે તો બીજું શું થવાનું છે ?! પછી જ્યારે મુસીબત આવી પડે ત્યારે માથે હાથ દેવાથી શો ફાયદો ! માટે હે મુસલમાનો ! હજી સમય છે, કોશિશ કરો, પોતે પણ દીનદારી અપનાવો, પંજવક્તા નમાઝની પાબંદી કરો, અને ઘરમાં પણ કરાવો, આવાં જે ગુનાહનાં સાધનો છે તેને હટાવી નાખો અથવા તેના પર કન્ટ્રોલ મૂકો અને ઈસ્લામની મહોબ્બત જાગે, રસૂલે પાક ﷺની મહોબ્બત દિલોમાં જાગૃત થાય તેવાં બયાનો, નઅતો તથા મસ્અલા મસાઈલની સીડીઓ તથા કિતાબો ઘરમાં વસાવી દીની માહોલ પેદા કરો, **તમે કોશિશ કરો તો જરૂર અલ્લાહ તમારી મદદ ફર્માવશે અને આપણુ કલ્ચર જરૂર દીનદાર બનશે.** અને તમારી શક્તિભર સંપૂર્ણ કોશિશો છતાં ઔલાદ આવારા થશે તો તેની પૂછતાછ હવે તમને નહીં થાય. પણ જો તમે જ છૂટો દોર મૂક્યો હશે તો ઔલાદ જે ગુનાહો કરશે તેનો અઝાબ તમારા માથે પણ આવશે.

## ★ વ્યભિચારીઓ ! સાવધાન ! ખુદાના અઝાબથી ડરો ! ★

હે યુવાન ! યુવતીઓ ! હે મુસલમાનો ! આટલી વાતો વાંચીને પણ તમારૂં રુંવાટુ ફરકતુ ન હોય અને તમે જહન્નમ તરફ દોડી રહેલા કાફિર, ફાસિક઼, હીરો, હીરોઈનો, મોડેલો, ડાન્સરો જેમ બેહયાઈપૂર્વક જીવવા માગતા હોઉ તો સાંભળી લો ! આ ક્ષણિક મજાઓની સજા આખેરતમાં શું છું ?

ઝિના (વ્યભિચાર) તે અતિ ખરાબ જુર્મ છે કે, દુનિયાનો કોઈ ધર્મ પણ તેને જાઈઝ નથી દર્શાવતો, ન તો કોઈ સુસંસ્કૃત સોસાયટી (સંસ્કારી સમાજ) તેના માટેની ઈજાઝત આપે છે. અને ઈસ્લામ ધર્મએ તો તેને બદતરીન જુર્મ (સૌથી વધુ ખરાબ ગુનોહ) ઠરાવતાં વ્યભિચારીને દુનિયામાં સખત સજાના અને આખેરતમાં જહન્નમની કઠિન સજાઓના હકદાર ઠરાવ્યા છે અને તેને હરામ ઠરાવતાં કુર્આન મજીદે ફર્માવ્યું કે : "અને ઝિનાની નજીક ન જાવ, યકીનન તે બેહયાઈ (બેશરમપણુ) છે અને **ઘણો જ ખરાબ** (બુરો) **રસ્તો** છે." *(પારા–૧૫, સૂ.બની ઈસ્રાઈલ, આયત.૩૨)* વિચારો ! **અલ્લાહ જેને ઘણો જ ખરાબ રસ્તો** કહે તેની ખરાબીનો અંદાઝો કોણ લગાડી શકે ?! અને છતાંય એ રસ્તે જાય તે કેવો મુસલમાન કહેવાશે ?! અલ્લાહની પનાહ !

બીજી આયતમાં આ રીતે ઈર્શાદ ફર્માવ્યો તથા જહન્નમના અઝાબની સખત ધમકી (વઈદ) ફર્માવી કે : "(જન્નતી તેઓ છે) જેઓ વ્યભિચાર નથી કરતા અને જે એ કામ કરશે તે સજા પામશે, વધારવામાં આવશે તેના પર અઝાબ ક઼યામતના દિવસે અને તે હમેશાં તેમાં ઝિલ્લત (બેઈજ્જતી)ની સાથે રહેશે." *(પારા–૧૯, સૂરએ અલફુર્કાન, આ.૬૮–૬૯)*

ફર્માને ઈલાહી છે : "મુસલમાનોને કહી દો કે પોતાની આંખો બંધ કરી લે અને પોતાની શર્મગાહોની રક્ષા કરે." *(કુર્આન)* એટલે બુરી નજરો કરવાથી અને વ્યભિચારથી ખૂબ બચે.

અલ્લાહ તઆલાએ મુસલમાન સ્ત્રી પુરૂષોને હુકમ આપ્યો કે તેઓ હરામની તરફ ન જુએ અને પોતાની શર્મગાહોને હરામકારીમાં પડવાથી મહફૂઝ રાખે. એ પણ યાદ રાખશો કે આંખથી જોવું એ આંખનો ઝિના, હાથ મિલાવવા હાથનો ઝિના, પગોથી સ્પર્શવું કે ચાલીને ખોટા કામ માટે જવું પગનો ઝિના, કાનથી બિભત્સ સાંભળવું કાનનો ઝિના.... તેમ દરેક અંગથી ઝિના થતો હોય છે.

## ★ વ્યભિચારીનો ભયાનક અઝાબ ★

એ પણ રિવાયત છે કે જહન્નમમાં એક ભટ્ટી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ સાંકડી છે તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતા રહી ભટ્ટીના મુખ સુધી ઉપર આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ ઉપરથી ભટ્ટીના તળિયે ફેંકાઈ જશે. *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૫)*

ફર્માને ઈલાહી છે (અર્થ) : નાના મોટા, જાહેર છુપા કોઈ પણ ગુનાહની નજીક ન જાવ. *(કુર્આન)*

અહીં મોટાથી મુરાદ વ્યભિચાર (ઝિના) અને નાનાથી મુરાદ બોસો (ચુંબન) લેવો, બુરી નજરથી જોવું અને સ્પર્શવું, જેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, હાથ ઝિના કરે છે, પગો ઝિના કરે છે અને આંખો ઝિના કરે છે, જેમ કે ઉપર દર્શાવ્યું.

## ★ વ્યભિચારીને આખેરતની સજા ★

રબ તઆલાનું ફર્માન છે કે : ''જે શખ્સ વ્યભિચાર કરે છે તેને 'અષામ'માં નાખવામાં આવશે.'' *(કુર્આન)*

'અષામ' ના વિશે કહેવામાં આવ્યું છે કે, એ જહન્નમની એક વાદી છે. કેટલાક ઉલમા કહે છે કે, તે જહન્નમની એક ગુફા છે, જ્યારે તેનું મોઢુ ખોલવામાં આવશે તો તેની સખત દુર્ગંધથી જહન્નમીઓ ચીસો પાડી ઉઠશે.''

**હે લોકો ! આપણે આપણી જાત પર રહમ ખાવી જોઈએ અને આવા ખુદાનો ગઝબ વહોરનારા ગુનાહોથી માઈલો દૂર ભાગવું જોઈએ, ક્ષણિક આનંદ જહન્નમના હજારો વર્ષોના ભયાનક અઝાબમાં નાખશે ત્યારે હાય હાય કરવાથી કાંઈ જ વળશે નહીં. માટે હે વ્યભિચારીઓ ! ખુદાથી ડરો ! ખુદાથી ડરો ! ખુદાથી ડરો !**

શું તમે કદી નથી સાંભળ્યું કે તમારા પૈગમ્બરે રૂહી ફિદા ﷺ ફર્માવે છે : ''જેણે **ઝિના કર્યો** અથવા **શરાબ પીધી** તો અલ્લાહ તઆલા તેનામાંથી ઈમાનને એ રીતે કાઢી નાખે છે જેવી રીતે માણસ માથેથી કુર્તો કાઢી નાખે છે.''

શું તમને એ પણ ખબર છે ? કે : અલ્લાહ તઆલા પોતાની મખ્લૂકથી નજીક હોય છે અને કોઈ મગફિરત (બખ્શિશ) તલબ કરે તેને બખ્શે છે. પરંતુ તે સ્ત્રીને નથી બખ્શતો જે પોતાની શર્મગાહ (ગુપ્તાંગ)નો નાજાઈઝ ઉપયોગ કરતી રહે.

## ★ શિર્ક પછી સૌથી મોટો ગુનોહ કયો ? ★

પ્યારા આકા علیہ الصلاۃ والسلام એ ફર્માવ્યું, (અર્થ) : **શિર્ક પછી અલ્લાહની નજીક આ ગુનાહથી મોટો કોઈ ગુનોહ જ નથી કે એક શખ્સ પોતાના ખાસ માદ્દા (ગુપ્તાંગ)ને એવી ઔરતના**

**ગુપ્તાંગમાં પહોંચાડે જે તેના માટે હલાલ નથી એટલે કે જાઈઝ, કાયદેસરની પત્ની નથી.**

એક ઠેકાણે ફર્માવ્યું (અર્થ) : **મુસલમાન થઈને તો કોઈ ઝિના કરી જ નથી શકતુ !**

''વ્યભિચારી મર્દ ઔરતને ક઼યામતના દિવસે એવી રીતે ખુદાના દરબારમાં લાવવામાં આવશે કે **તેમના ચેહરાઓ આગની જેમ ભડકી રહ્યા હશે.''**

**આજે પર્દા પાછળ છુપાઈ છુપાઈને મોઢાં કાળાં કરી લો ! કાલે ક઼યામતના દિવસે આખી મખ્લૂક઼ની સમક્ષ બેઈજ્જતીનો અઝાબ મળશે ત્યારે જ ખબર પડશે !** કેટલાક આધેડો તથા વૃદ્ધો પણ વ્યભિચારમાં પડેલા હોય છે તેઓ પણ વાંચે અને તૌબા કરે.

સાતેવ આસમાન તથા સાતેવ જમીનો અને પહાડો **વૃધ્ધ વ્યભિચારી પર લઅનત** મોકલે છે. અને ક઼યામતના દિવસે ઝિનાકાર મર્દ તથા ઔરતના ગુપ્તાંગોએથી એ પ્રકારની દુર્ગંધ આવતી હશે કે જહન્નમમાં સળગનારા જહન્નમીઓને પણ તે દુર્ગંધથી તકલીફ઼ થશે.

**''જે શખ્સ કોઈ પરાયી સ્ત્રી સાથે સંભોગ કરશે તો અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તેના પર એક ઝેરીલો સાપ સવાર કરી આપશે.''**

મેઅરાજની રાત્રે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ જોયું કે, એક ભઠ્ઠીમાંથી કેટલાક સ્ત્રી પુરૂષોની ચીસો આવી રહી હતી અને તેમના ગુપ્તાંગોમાંથી આગના ભડકા ઉઠી રહયા હતા. જિબ્રઈલે અર્ઝ કરી કે, **આ તે લોકો છે જેઓ દુનિયામાં વ્યભિચારમાં મસ્ત રહેતા હતા તેની આ સજા તેમને મળી રહી છે.**

એક કલમો પઢનાર ઈન્સાનને, રસૂલે પાક ﷺના ચાહકને વ્યભિચારથી તૌબા કરવા માટે આટલી વાતો પૂરતી છે, નહીં તો ખુદાના ગઝબમાં સળગવાની તૈયારી રાખવી પડશે. અને ખુદાની કસમ ! એને સહન કરવાની શક્તિ તમારામાં નથી જ ! તો પોતાની આખેરતને સમારવા કાજે આજથી બુરી નજર કરવાથી તથા બુરા કુકર્મોથી તૌબા કરી લો.

અને દુનિયામાં પણ વ્યભિચારની એવી સજા કુર્આને નિશ્ચિત ઠરાવી છે કે, જો વ્યભિચારી પુરૂષ અને સ્ત્રી અપરણીત હોય તો તેમને **સો કોરડાઓ મારવામાં આવે** અને તેમના પર જરાય દયાભાવના નહીં કરવામાં આવે.

અને જો વ્યભિચારી બંને જણ પરણીત હોય તો તેઓને **જાહેર મજમામાં પથ્થરો વડે મારી મારીને** ત્યાં સુધી પથ્થરમારો (સંગસાર) કરવામાં આવશે કે જેથી તેઓ મૃત્યુ પામે અને આ મુજરિમોની સાથે જરા પણ દયાભાવનાનો વર્તાવ કરવામાં આવશે નહી. જેથી જેઓ ઝિના કરે છે તેઓ સમજે કે જો ઈસ્લામી બાદશાહ હોત તો આ સજાઓ તેમને પણ થાત ! **પોતે કોરડાના કે સંગસારીના પાત્ર છે જ !** ભલે અહીં બચી ગયા પણ ખુદાના દરબારમાં કોઈ બચી શકશે નહીં ! જેથી આજે જ તૌબા કરો.

અંતમાં બહેનોને વિનંતિ કે ઈસ્લામ પર ચાલવામાં જ નજાત છે, ઈસ્લામ પર ચાલવામાં જ ઈજ્જત છે, ઈસ્લામ પર ચાલવામાં જ સુકૂન છે. જે બાપર્દા હશે તેના પ્રતિ કોઈ બુરી નિગાહ કરશે નહીં અને અસંખ્ય ખરાબીઓથી તે બચી જશે. જેથી દુનિયાની ક્ષણિક રંગીનીઓથી દૂર રહી આખેરતની હમેશાંની ખુશીઓને પામવા માટે પર્દો અપનાવી લો એમાં જ સૌની ભલાઈ છે. રબ્બે કરીમ આપણને સૌને ઈસ્લામના ક઼ાનૂનો પર અમલ કરવાની નેક તૌફીક બખ્શે.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

وَاِنَّ
مِنۡهُمۡ لَفَرِيۡقًا يَّلۡوٗنَ اَلۡسِنَتَهُمۡ بِالۡكِتٰبِ لِتَحۡسَبُوۡهُ
مِنَ الۡكِتٰبِ وَمَا هُوَ مِنَ الۡكِتٰبِ ۚ وَيَقُوۡلُوۡنَ هُوَ مِنۡ
عِنۡدِ اللّٰهِ وَمَا هُوَ مِنۡ عِنۡدِ اللّٰهِ ۚ وَيَقُوۡلُوۡنَ عَلَى اللّٰهِ
الۡكَذِبَ وَهُمۡ يَعۡلَمُوۡنَ ﴿۷۸﴾ مَا كَانَ لِبَشَرٍ اَنۡ يُّؤۡتِيَهُ
اللّٰهُ الۡكِتٰبَ وَالۡحُكۡمَ وَالنُّبُوَّةَ ثُمَّ يَقُوۡلَ لِلنَّاسِ
كُوۡنُوۡا عِبَادًا لِّىۡ مِنۡ دُوۡنِ اللّٰهِ وَلٰـكِنۡ كُوۡنُوۡا رَبّٰنِيّٖنَ
بِمَا كُنۡتُمۡ تُعَلِّمُوۡنَ الۡكِتٰبَ وَبِمَا كُنۡتُمۡ تَدۡرُسُوۡنَ ﴿۷۹﴾
وَلَا يَاۡمُرَكُمۡ اَنۡ تَتَّخِذُوا الۡمَلٰٓـئِكَةَ وَالنَّبِيّٖنَ اَرۡبَابًا ؕ
اَيَاۡمُرُكُمۡ بِالۡكُفۡرِ بَعۡدَ اِذۡ اَنۡتُمۡ مُّسۡلِمُوۡنَ ﴿۸۰﴾

### ત.....ર્જુ.....મો....

અને બેશક ! એમનામાં એક પક્ષ તે છે જે મરડે છે પોતાની જીભોને[૮૩] કિતાબની સાથે જેથી તમે ખયાલ કરવા લાગો (તેમની) આ (ઉલટ ફેર)ને પણ અસલ કિતાબથી, જ્યારે કે એ કિતાબથી નથી. અને તેઓ કહે છે કે આ પણ અલ્લાહની તરફથી (ઉતર્યુ) છે જો કે તે અલ્લાહના પાસેથી નથી. અને તેઓ કહે છે અલ્લાહ પર જૂઠુ જાણીબુઝીને. યોગ્ય નથી કોઈ ઈનસાન માટે કે (જ્યારે) અતા ફર્માવી દે તેને અલ્લાહ તઆલા કિતાબ અને હિકમત અને નબુવ્વત[૮૪] તો પછી તે કહેવા લાગે લોકોને કે બની જાવ મારા બંદા અલ્લાહને છોડીને, (તે તો એવું કહેશે કે) બની જાવ અલ્લાહવાળા એટલા માટે કે તમે બીજાઓને તા'લીમ આપ્યા કરતા હતા કિતાબની અને એ કારણે કે અમે પોતે પણ તેને પઢતા હતા[૮૫] અને તે (મક્બૂલ બંદો) તમને હુકમ આપશે નહીં એ વાતનો કે બનાવી લો ફરિશ્તાઓ અને પયગંબરોને ખુદા. (તમે ખૂદ વિચારો) શું તે હુકમ આપી શકે છે તમને કુફ્ર કરવાનો એના પછી કે તમે મુસલમાન બની ચૂક્યા છો ?!

### તફસીર.........

૮૩. يلؤون નું અસ્લ لیّ છે જેનો અર્થ છે ઝુકાવવું, વાળવું. કહેવામાં આવે છે કે لوى بيده ''તેણે પોતાનો હાથ ઝુકાવ્યો.'' لوى براسه ''એણે પોતાનુ માથુ નમાવ્યું.'' એટલે કે તેની અસલી તથા પ્રાકૃતિક બનાવટમાં તબદીલી કરી આપી. એટલા માટે હવે એનો ઉપયોગ કોઈ કલામના શબ્દો કે એઅ્રાબ (ઝેર, ઝબર, પેશ વગેરે)માં એવો ફેરફાર કરી નાખવો જેનાથી તે વાતનો મૂળ ભાવાર્થ બદલાય જાય, અથવા એનો એવો મનઘડત ખુલાસો રજૂ કરવો જેનો એ વાત સાથે દૂરનો પણ સંબંધ ન હોય''ના અર્થમાં થવા લાગ્યો છે :

لوى لسانه بكذ اكناية عن الكذب وتخرص الحديث

(મુફર્રદાત) અરબી મુહાવરામાં જૂઠુ બોલવા અને મનઘડત વાત બનાવવાને لوى لسانه بكذا કહે છે. અલ્લામા કુર્તબીએ લખ્યું છે :–

والمعنى يحرفون الكلم ويعد لون به عن القصد

**"અમુક યહૂદી આલિમોની એ આદત હતી કે તૌરાતની જે આયતોમાં હુઝૂરે અકરમ ﷺનો ઝિક્રે પાક હોતો તો ક્યાં તો તેને એવો લહેજા તથા અંદાઝથી તેને પઢતા કે તેનો મતલબ બગડી જતો અથવા શબ્દો કે એઅરાબમાં હેરફેર કરી નાખતા અથવા એ આયતોનો ગલત મતલબ લોકોને બતાવ્યા કરતા. આ આયતમાં તેમની એ બુરી હરકતનું વર્ણન છે.**

**૮૪.** એટલે કે જેને આ ઈનામો વડે સરફરાઝ કરવામાં આવે છે તે કોઈને પોતાની પૂજા કે ઈબાદતની દા'વત નહીં આપે, બલ્કે તે તો સૌને તલ્કીન કરશે કે અલ્લાહવાળા બની જાવ. ربانیینએ ربّانીનું બહુવચન છે જે રબની તરફ સંબંધિત છે. આ નિસ્બતના કારણે તે હોવું જોઈએ, પરંતુ ઘણીવાર અતિશયોક્તિ માટે અલિફ નૂનનો વધારો કરી દેવામાં આવે છે. દા.ત. જેની ખૂબ ગાઢ દાઢી હોય તેને અલિફ નૂન સાથે لحیانی અને જેની ગરદન ખૂબ જ જાડી હોય તેને અલિફ નૂન સાથે رقبانی કહેવામાં આવે છે. આ સ્થિતિમાં એનો અર્થ એ થશે કે "બિલકુલ અલ્લાહવાળો." મુબરદે એનો એક અન્ય માખઝ બતાવ્યો છે, તે કહે છે કે એ ربّانનું બહુવચન છે જે ربه یربه فهوربانથી નીકળેલ છે, એનો અર્થ છે તર્બિયતે નુફૂસ, ઈસ્લાહે અહવાલ અને તદબીરે ઉમૂર કરનાર. હવે ربانیونનો અર્થ થશે માનવ જાતની સહીહ તર્બિયત કરનાર અને તેમની સુધારણા કરનાર. અહીં ઈસાઈઓને બતાવવામાં આવી રહ્યું છે કે હઝરત ઈસા علیہ السلام તો નબી હતા, તે પોતે પોતાને ખુદા કે ખુદાનો પુત્ર કઈ રીતે કહી શકતા હતા ?! તેમણે તો તમને કેવળ અલ્લાહવાળા બનવાની દા'વત આપી છે.

**૮૫.** મક્સદ એ છે કે હે કિતાબવાળાઓ ! તમારે તો અધિક અંશે રબ્બાની બનવું જોઈએ કેમ કે તમારી પાસે તો રુશ્દો હિદાયતનો આસ્માની સહીફો મૌજૂદ છે જેના અર્થ ભાવાર્થથી તમો સારી રીતે વાકેફ છો. તમે પોતે પણ એને પઢો છો અને અન્યોને પણ તેનો દર્સ આપો છો. અને જો તમે ખૂદ એના થકી હિદાયત હાંસલ ન કરી અને તૌહીદની ખાલિસ નેઅમતથી મેહરૂમ રહ્યા તો પછી દર્સ તથા તદરીસનો હંગામો કરવાથી શો ફાયદો ?!

## ✪ ચાંચવેલમાં જશ્ને ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ✪

**ચાંચવેલ** : ખાતે ૮–રજબુલ મુરજજબ તા. ૨૯–૫–૨૦૧૨ મંગળવારે ઈશા બાદ જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં મુકર્રિરે બાવકાર આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ખ્વાજા સાહબની શાનમાં વલવલાઅંગેઝ બયાન કર્યું તથા ખ્વાજા સાહબની સાચી મહોબ્બત કોને કહેવાય તેની સમજ આપી હતી તથા બદ્અકીદા વહાબી દેવબંદીઓની બદ્અકીદગી દર્શાવી તેમની સાથે દોસ્તી, વહેવાર ખત્મ કરવા વિશે શરીઅતની રૂએ સમજ પાડી હતી. ઉપરાંત હાડગુડ, દાહોદ, વાપી ખાતે આ જ પ્રમાણે હઝરતનાં કામયાબ સુન્ની ઈજતેમા થયા હતા.

## ✪ દયાદરામાં જશ્ને ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ✪

**દયાદરા** : ખાતે ૬–રજબ શરીફ તા. ૨૭–૫–૨૦૧૨ રવિવારે મોટા ચકલા પર "જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ" رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં હઝરત મૌલાના સાદિક સાબરી દહેગામી સાહબે "વલી કોને કહેવાય ?"એ શરીઅતની રોશનીમાં સમજાવી ખ્વાજા સાહબની શાને વિલાયત પર શાનદાર બયાન કર્યું હતું. અને બીજા દિવસે ગ્રામ્યજનો તરફથી આખા ગામને આમ ન્યાઝ જમાડવામાં આવી હતી.

*–(નૂરી જલ્સા કમિટી વ સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા)*

**હદીષ :** અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાની મસ્જિદમાં બે મજલિસો પાસેથી પસાર થયા[૧] તો ફર્માવ્યું કે આ બંનેવ ભલાઈ પર છે, પણ એક મજલિસ બીજી કરતાં બેહતર છે.[૨] પરંતું આ લોકો અલ્લાહથી દુઆ કરી રહ્યા છે, એના તરફ આકર્ષિત છે, જો ચાહે તો એમને આપે અને ચાહે તો ન આપે.[૩] પરંતું તે લોકો ફિક્હ તથા ઈલ્મ ખૂદ શીખી રહ્યા છે, અજ્ઞાનોને શીખવી રહ્યા છે તેઓ જ અફઝલ છે.[૪] હું મોઅલ્લિમ (શીખવાડનાર) બનાવીને જ મોકલવામાં આવ્યો છું. પછી આપ તેમનામાં બેઠા.[૫] (દારમી) ★ હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે નબી ﷺ ને પૂછવામાં આવ્યું કે એ ઈલ્મની હદ શું છે જ્યાં માનવી પહોંચે તો આલિમ બને. હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે જે મારી ઉમ્મત પર દીનના હુકમોની ચાલીસ હદીષો યાદ કરી લે એને અલ્લાહ ફકીહ ઉઠાડશે અને કયામતના દિવસે હું તેનો શફીઅ તથા ગવાહ બનીશ.[૬] હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ ﷺ એ કે શું તમે જાણો છો કે મહાન સખી કોણ છે ? અર્ઝ કરી, અલ્લાહ વ રસૂલ જાણે ![૭] ફર્માવ્યું, અલ્લાહ તઆલા મહાન જવ્વાદ છે[૮] પછી આદમની ઔલાદમાં હું મહાન સખીદાતા છું[૯] અને મારા પછી મહાન સખી તે શખ્સ છે જે ઈલ્મ શીખે પછી તેને ફેલાવે તે કયામતમાં એકલો અમીર અથવા ફર્માવ્યું એક જમાઅત બનીને આવશે[૧૧].

**-:: સ....મ....જૂ....તી.... ::-**

**૧.** એટલે કે મસ્જિદે નબવીમાં સહાબીઓની બે જમાઅતો બે ખૂણાઓમાં બેઠી હતી. એક ખૂણામાં એક જમાઅત નફલો, તિલાવત વગેરે ઈબાદત કરી રહી હતી, બીજા ખૂણામાં બીજી જમાઅત ઈલ્મી ચર્ચા અને શીખેલા સબકને દોહરાવી રહી હતી. હુઝૂર ﷺ એ એ બંનેને જોઈ.

**૨.** એટલે કે ઈલ્મની મજલિસ ઈબાદતની મજલિસ કરતાં અફઝલ છે, એનું કારણ આગળ આવી રહ્યું છે.

**૩.** એટલે કે આબિદોની મહેનત પોતાની જાતના માટે છે જેની કબૂલિયત તથા સવાબ યકીની નથી કેમ કે એ અલ્લાહના કરમ પર અવલંબિત છે. તેણે એ ચીજોનો વાયદો નથી ફર્માવ્યો. આ હદીષમાં મોઅતઝલા ફિર્કાનો ઉઘાડો રદિયો છે કે તેઓ ઈબાદતનો સવાબ વાજિબ તથા જરૂરી માને છે. યાદ રાખશો કે આયતે કરીમા اُدْعُوْنِیْ اَسْتَجِبْ નો અર્થ એ છે કે તમે મને પુકારો હું જવાબ આપીશ. અથવા તમે મારાથી દુઆ કરો સવાબ આપીશ. દુઆની કબૂલિયતનો વાયદો નથી. જેથી આ હદીષ એ આયતની વિરૂધ્ધ નથી.

**૪.** એટલે કે પોતાના માટે કાંઈ નથી માગતા પણ દીન ફેલાવી રહ્યા છે. તેમની ખિદમત યકીની કદરને પાત્ર છે. યાદ રાખશો કે બેઅમલ આલિમ તે આંધળા ચિરાગવાળાના જેમ છે જે પોતાના ચિરાગથી ખૂદ ફાયદો ન ઉઠાવે પણ લોકો તેનાથી ફાયદો ઉઠાવી લે. પણ ગૈરમકબૂલ ઈબાદત તદન જ બેકાર છે કે જેનાથી કોઈને ફાયદો નથી. જેથી હદીષ પર કોઈ વાંધો નથી. બેઅમલ આલિમ એવો છે જાણે બીમાર ડોક્ટર અન્યોનો ઈલાજ કરી આપે.

**૫.** સુબ્હાનલ્લાહ ! ઈલ્મની મજલિસ કેવી બરકતવાળી છે ! આજે પણ સરકાર ઉલમામાં જ

તશરીફ ફર્મા રહે છે, તેમને ઈલ્મની મજલિસમાં શોધો. યાદ રાખશો કે હુઝૂર ﷺ જો કે પ્રથમ કક્ષાના આબિદ પણ છે પરંતુ હુઝૂરની ઈબાદત અમલી તાલીમ છે જેથી આપ નમાઝ પઢવા સાથે પણ મોઅલ્લિમ છે અને હુઝૂરના આગમનનો મૂળ હેતુ તાલીમ છે. રબ ફર્માવે છે : وَيُعَلِّمُهُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ

**૬.** આ હદીષનાં ઘણા પાસાં છે, ચાલીસ હદીષો યાદ કરીને મુસલમાનને સંભળાવવી, છાપીને તેમનામાં વહેંચવી, તર્જુમો કે શરહ (ખુલાસો) કરીને લોકોને સમજાવવી, રાવીઓથી સાંભળીને પુસ્તક રૂપે જમા કરવી સૌ એમાં સામેલ છે. એટલે કે જે કોઈ રીતે દીની મસાઈલની ચાલીસ હદીષો મારી ઉમ્મત સુધી પહોંચાડી આપે તો કયામતમાં તેનો હશ્ર દીનના ઉલમાના ગિરોહમાં થશે અને હું તેની ખાસ શફાઅત અને તેના ઈમાન તથા તક્વાની ખાસ ગવાહી આપીશ. નહીં તો સામાન્ય રીતની શફાઅત તથા ગવાહી તો દરેક મુસલમાનને નસીબ થશે. આ હદીષના આધારે લગભગ સર્વ મુહદ્દિષોએ જેવી રીતે હદીષોનાં દફતર લખ્યાં તેવી જ રીતે અલગ રીતે ચાલીસ હદીષો જેને **અર્બઐનિયહ** કહે છે તે જમા કરેલ છે. ઈમામ નવવી અને શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વીની અર્બઐનિયાત મશ્હૂર છે. ફકીરે (લેખકે) પણ મારી કિતાબ "સલ્તનતે મુસ્તફા" ﷺમાં ચાલીસ હદીષો એકત્ર કરી છે.

**૦૭.** એ સહાબીઓનો અદબ (શિસ્ત) છે કે ન તો "ના" કહ્યું કે "હા" કે જાણીએ છીએ. જેથી હુઝૂર પર અગ્રતા ન થઈ જાય. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરને અલ્લાહથી મિલાવીને વર્ણન કરવું અને બંને હસ્તીઓના માટે એક જ સેગો (સૂચક શબ્દ) લાવવો જાઈઝ છે. રબ તઆલા ફર્માવે છે : اَغْنٰى هُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ "જેથી એવું કહી શકીએ છીએ કે અલ્લાહ વ રસૂલ અલીમો ખબીર છે, અલ્લાહ રસૂલે ગની કરી આપ્યા, અલ્લાહ રસૂલ ભલુ કરે, વગેરે.

**૮.** અરબના મુહાવરામાં સામાન્યતઃ સખી તેને કહે છે જે પોતે પણ ખાય અને અન્યોને પણ ખવડાવે. જવ્વાદ તે છે જે પોતે ન ખાય અને અન્યોને ખવડાવે. એટલા માટે અલ્લાહ તઆલાને સખી નથી કહેવામાં આવતો. સખીનું વિરુદ્ધાર્થી બખીલ (કંજૂસ) છે જે પોતે ખાય અન્યોને ન ખવડાવે. જલ્લાદનું વિરુદ્ધાર્થી મુમ્સિક છે જે ન ખાય ન ખાવા દે. અલ્લાહ તઆલાની સર્વ દુનિયવી આખેરતની નેઅમતો દુનિયાના માટે છે, એના માટે નથી.

**૯.** આ ઈર્શાદ ફખ્રના રૂપે નથી પણ શુક્રના રૂપે છે. હુઝૂર ﷺ સર્વ મખ્લૂકથી મહાન સખી છે. માણસ મખ્લૂકમાં સર્વ શ્રેષ્ઠ છે એટલા માટે એનો ઉલ્લેખ કર્યો. હુઝૂરે જૂદે ઈલાહીના મઝહર છે. રબની સર્વ જાહેરી આંત્રિક નેઅમતો હુઝૂરના થકી મખ્લૂકને મળે છે. ખૂદ ફર્માવે છે : અલ્લાહ આપે છે હું વહેંચનાર છું. આ હદીષમાં અલ્લાહ તઆલા તથા હુઝૂર ﷺની સખાવતો કોઈ પાબંદી વિના વર્ણન પામી છે. અને સખી તે જ હશે જે માલિક પણ હોય. જેથી હુઝૂર ﷺ (અલ્લાહની અતાથી) કૌનેનના માલિક છે.

**૧૦.** અહીં રુત્બાની બઅદિયત (ઉતરતો ક્રમ) મુરાદ છે ન કે જમાનાની. જેથી એમાં સહાબાએ કિરામ અને કયામત સુધીના આલિમો સામેલ છે. એટલે કે **મારી સખાવત પછી આલિમે દીનનો દરજો છે કેમ કે માલની સખાવત કરતાં ઈલ્મની સખાવત અફઝલ છે.** અને કેમ ન હોય કે હુઝૂર રહમતના વાદળ છે, દીનના ઉલમા એનાં તળાવો. યાદ રાખશો કે ઉલમાની સખાવતમાં ઈલ્મની શર્ત છે. હુઝૂરની સખાવત બિન શર્તી છે. ઈલ્મ ફેલાવવો ચાહે દર્સો તદરીસ થકી હોય કે કિતાબો પ્રસિદ્ધ કરીને.

**૧૧.** એટલે કે એ દિવસે આલિમે દીન ઈમામ હશે અને સર્વ આબિદ, નમાઝી, શહીદ વગેરે તેના હેઠળ હશે. કેમ કે જેણે જે નેકી કરી તે આલિમના બતાવવાથી કરી. અથવા એક આલિમને સર્વ મુસલમાનો જેટલો સવાબ મળશે, સર્વના હજ્જ, જેહાદ વગેરેમાં તેનો હિસ્સો હશે. આ મતલબ છે ઉમ્મતે વાહિદા હોવાનો. રબ તઆલા ફર્માવે છે :–
اِنَّ اِبْرَاهِيْمَ كَانَ اُمَّةً

# હદાઇકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**તુમ્હારે ઝર્રે કે પરતવ સિતારહાએ ફલક**
**તુમ્હારે નઅલ કી નાકિસ મષલ ઝિયાએ ફલહ**

*(પરતવ = પડછાયો, સિતારહા = તારાઓ, ફલક = આકાશ, નઅલ = જુતા મુબારક, નાકિસ = અધૂરી, મષલ = કહાવત, ઝિયાએ ફલક = આકાશની રોશની)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપના મામૂલી ઝર્રાઓનો પડછાયો આકાશના તારા છે અને આપની નાલૈન પાકની અદના મિષાલ આકાશની રોશની છે. આ શેઅરમાં હદીષે પાક : اَوَّلَ مَا خَلَقَ اللّٰهُ نُوْرِیْ وَکُلُّ خَلَائِقٍ مِّنْ نُوْرِیْ તરફ ઈશારો છે કે સૌથી પહેલાં હુઝૂર ﷺના નૂરને બનાવવામાં આવ્યું. અને પછી દરેક મખ્લૂક હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નૂરથી પૈદા કરવામાં આવી. તો દરેક વસ્તુમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નૂરનો સાયો છે. *(વધુ વિગત માટે જુઓ આ'લા હઝરતની કિતાબ "સલાતુસ્સફા ફી નૂરિલ મુસ્તફા ﷺ")*

**અગરચે છાલે સિતારોં સે પળ ગએ લાખોં**
**મગર તુમ્હારી તલબમેં થકે ન પાએ ફલક**

*(તલબ = તલાશ, થકે = થાક્યા, પાએ ફલક = આકાશના પગ)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આકાશ આપની તલાશમાં ફરી રહ્યું છે પરંતુ તેના પગ થાક્તા નથી ભલે લાખો તારાઓના રૂપમાં છાલાં પડી ગયાં છે.

**સરે ફલક ન કભી તાબા આસ્તાં પહુંચા**
**કે ઈબ્તેદાએ બંલદી થી ઈન્તેહાએ ફલક**

*(સરે ફલક = આકાશનું માથુ, તાબા આસ્તાં = ચોખટ સુધી, ઈબ્તેદાએ બુલંદી = ઊંચાઈની શરૂઆત, ઈન્તેહાએ ફલક = આકાશની આખરી હદ)*

**અર્થ** : આકાશનું માથુ કદી હુઝૂર علیہ الصلوٰۃ والسلامના આસ્તાના સુધી નથી પહોંચી શકતુ, કારણ કે જ્યાં આકાશની ઊંચાઈ પૂરી થાય છે ત્યાંથી હુઝૂર ﷺની ઊંચાઈ શરૂ થાય છે, કેમ કે આપ આકાશની ઉપર અર્શે આ'ઝમ અને લામકાં સુધી પહોંચ્યા છે.

**યે મિટ કે ઉનકી રવિશ પર હુવા ખૂદ ઉનકી રવિશ**
**કે નક્શે પા હૈ ઝમીં પર ન સૌતે પાએ ફલક**

*(મટકે = મટીને, કુર્બાન થઈને, રવિશ = ચાલ, નક્શે પા = પગનું નિશાન, સૌતે પાએ ફલક = આકાશના પગોનો અવાજ)*

**અર્થ** : આ આકાશ આપની ઉપર કુર્બાન થઈને હુઝૂર ﷺની ચાલ બની ગયો કે જમીન પર હુઝૂર ﷺ પગ મૂકે તો કદમનાં નિશાન ન ઉભરે અને આકાશ ચાલે તો તેના પગનો અવાજ ન આપે.

**તુમ્હારી યાદમેં ગુઝરી થી જાગતે શબભર**
**ચલી નસીમ હૂએ બંદ દીદહાએ ફલક**

*(શબભર = આખી રાત, નસીમ = સવારની ઠંડી હવા, દીદહા = આખોં)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપની યાદમાં આખી રાત જાગતાં ગુજરી કે આકાશની આંખો ખુલ્લી હતી એટલે તારા ઝગમગી રહ્યા હતા જ્યારે સવારની ઠંડી હવા ચાલી તો આકાશની આંખો બંધ થઈ ગઈ, એટલે કે તારા છુપાઈ ગયા.

**ન જાગ ઉઠેં કહીં અહલે બક઼ીઅ કચ્ચી નીંદ**
**ચલા યે નર્મ ન નિકલી સદાએ પાએ ફલક**

*(ન જાગ ઉઠેં = જાગી ન જાય, એહલે બક઼ીઅ = મદીના શરીફમાં આવેલ ક઼બ્રસ્તાન બક઼ીઅમાં દફન થયેલા, કચ્ચી = કાચી, નીંદ = ઊંઘ)*

**અર્થ :** ક્યાંક ઊંઘથી જાગી ન જાય બક઼ીઅવાળા, આકાશ એવી ચાલ ચાલ્યો કે પગનો અવાજ નીકળ્યો નહીં.

**યે ઉનકે જલ્વાને કીં ગર્મિયાં શબે અસ્રા**
**કે જબસે ચર્ખમેં હૈં નુક઼રા વ તિલાએ ફલક**

*(શબે અસ્રા = મેઅરાજની રાત, ચર્ખ = ચક્કર, ગરદિશ, નુક઼રા = ચાંદી, તિલા = સોનેરી, ગર્મિયાં = જોશ)*

**અર્થ :** મેઅરાજની રાતે હુઝૂર عليه الصلوة والسلامના જલ્વાથી જોશ પેદા થઈ ગયો જેના કારણે આકાશમાં સફેદી અને સોનેરી સૂરતો દેખાવા લાગી.

**મેરે ગનીને જવાહિર સે ભર દિયા દામન**
**ગયા જો કાસએ મહ લેકે શબ ગદાએ ફલક**

*(ગની = માલદાર, જવાહિર = મોતીઓ, કાસા = પ્યાલો, મહ = ચાંદ, શબ = રાત, ગદાએ ફલક = ફક઼ીર આકાશ)*

**અર્થ :** મારા આક઼ા عليه الصلوة والسلامની બારગાહમાં મેઅરાજની રાતે આકાશ ગદા બનીને ચાંદનો પ્યાલો લઈ પહોંચ્યું તો હુઝૂર ﷺએ મોતીઓથી તેનો દામન ભરી દીધો.

**રહા જો ક઼ાનેએ યક નાને સોખ્તા દિનભર**
**મિલી હુઝૂર સે કાને ગોહર જઝાએ ફલક**

*(કાનેઅ = સબ્ર કરનાર, યક = એક, નાને સોખ્તા = બળેલી રોટલી, કાને ગોહર = મોતીઓની ખાણ, જઝા = બદલો)*

**અર્થ :** આકાશ દિવસભર એક બળેલી રોટલી (સૂરજ) પર સબ્ર કરતું તો તેના બદલામાં હુઝૂર ﷺની બારગાહથી હીરાની ખાણ મળી, એટલે કે લાખો તારા મળ્યા.

**તજમ્મુલે શબે અસ્રા અભી સિમટ ન ચુકા**
**કે જબ સે વૈસે હી કોતલ હૈં સબ્ઝહાએ ફલક**

*(તજમ્મુલે = ધુમધામ, શબે અસ્રા = મેઅરાજની રાત, સિમટ ન ચુકા = પૂરી નથી થઈ, કોતલ = તે ઘોડો જે અમીરોની આગળ આગળ સજાવીને ચલાવવામાં આવે છે, સબ્ઝહા = હરીયાળીઓ)*

**અર્થ :** મેઅરાજની રાતે હુઝૂર ﷺના સ્વાગતમાં જે સજાવટો આકાશમાં કરવામાં આવી હતી તે ઉતારી લેવામાં નથી આવી બલ્કે ત્યારથી આજ સુધી તે સજાવટો એવી ને એવી જ છે.

**ખિતાબે હક઼ ભી હૈ દર બાબે ખલ્ક઼ મિન અજલિક**
**અગર ઈધર સે દમે હમ્દ હૈ સદાએ ફલક**

*(ખિતાબે હક઼ = ખુદાનું એલાન, દર બાબે ખલ્ક઼ = મખ્લૂક઼ના બયાનમાં, મિન અજલિક = તારા કારણે, હદીષનો ટુકડો છે, દમે હમ્દ = તારીફનો શ્વાસ, સદા = અવાજ)*

**અર્થ :** ખુદાનું ફર્માન છે, હે મહબૂબ ! તારા કારણે જ મેં બધી મખ્લૂક઼ પેદા કરી, જો તું ન હોત તો ન પૃથ્વી હોત ન આકાશ, આ ફર્માન સામે આકાશનો અવાજ દરેક શ્વાસમાં ખુદાનો શુક્રિયા અદા કરે છે.

**યે અહલે બૈત કી ચક્કી સે ચાલ સિખી હૈ**
**રવાં હૈ બે મદદે દસ્ત આસ્યાએ ફલક**

*(એહલે બૈત = હુઝૂર ﷺની આલ, મુરાદ સૈયદા ફાતિમા رضی اللہ عنہا, ચક્કી = દાણા દળવાની ઘંટી, રવાં હૈ = ચાલુ છે, બેમદદે દસ્ત = હાથની મદદ વગર, આસ્યા = ઘંટી)*

**અર્થ :** હઝરત ફાતિમા رضی اللہ عنہاની ચક્કીથી ચાલ શીખી છે કે વગર હાથની મદદે આકાશની ચક્કી ચાલી રહી છે.

**"રઝા" યે નઅતે નબીને બુલંદિયાં બખ્શી**
**લક઼બ ઝમીને ફલક કા હુવા સમાએ ફલક**

**અર્થ :** હે રઝા ! નઅતે નબીએ એક ઊંચાઈ આપી કે જમીનના આકાશનું નામ પણ સમાએ ફલક એટલે આકાશોનું પ્રથમ આકાશ થઈ ગયું.

## દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(**દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(સંપાદક : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

*(મજલિસ : 3)*

### ★ બેનમાઝી પર ખ્વાજા સાહબ હજારો અફસોસ વ્યક્ત કરે છે ! ★

બુધના દિવસે કદમ બોસીનો શરફ હાંસલ થયો. સમરકંદની તરફના કેટલાક દુરવેશ ખિદમતમાં હાજર હતા. મૌલાના બુખારી હાજર હતા જે ખ્વાજા સાહબની જ ખિદમતમાં રહેતા હતા, પછી વહદુદ્દીન કિર્માની પણ આવીને બેસી ગયા. ચર્ચા એ બારામાં થઈ રહી હતી કે ફર્ઝ નમાઝમાં એટલા પ્રમાણમાં મોડુ કરવામાં આવે કે સમય નીકળી જાય અને કઝા કરીને પઢે, **આપે ફર્માવ્યું, તેઓ કેવો મુસલમાન છે જેઓ સમય પર નમાઝ અદા નથી કરતા ?! અને એટલા પ્રમાણમાં મોડુ કરે છે કે સમય નીકળી જાય છે ! તેમની મુસલમાન પર હજારો અફસોસ છે જેઓ અલ્લાહની બંદગીમાં ઉણપ વર્તે છે !**

પછી ફર્માવ્યું કે હું એવા શહેરમાં થઈને પસાર થયો જ્યાં એવી રસમ હતી કે સમયથી પહેલાં નમાઝ માટે તૈયાર થઈ જતા હતા. મેં પૂછયું કે આમાં શું હિકમત છે કે તમો સૌ સમયથી પહેલાં જ તૈયાર છો ? કહ્યું, સબબ એ છે કે **જ્યારે સમય થાય તો તરત નમાઝ અદા કરી લઈએ, જો તૈયાર ન થઈશું તો કદાચ સમય નીકળી જાય, પછી આ મોઢું પયગંબરે ખુદા ﷺને કેવી રીતે દેખાડી શકીશું ?!** કેમ કે હદીષ શરીફમાં આવ્યું છે, "મરતાં પહેલાં **તૌબા માટે જલ્દી કરો** અને મૃત્યુ પામી જતાં પહેલાં **નમાઝ માટે જલ્દી કરો.**"

ત્યારબાદ ફર્માવ્યું કે ઈમામ યહયા ઝન્દૂસી رحمۃ اللہ علیہના રોઝામાં વાસિઅતામાં મેં લખેલું જોયું છે કે મૌલાના હુસામુદ્દીન બુખારીથી જે મારા ઉસ્તાદ હતા સાંભળ્યું છે કે નબી કરીમ ﷺ ફર્માવે છે : **"સૌથી મોટો ગુનોહ એ છે કે ફર્ઝ નમાઝમાં એટલા પ્રમાણમાં મોડુ કરવામાં આવે કે સમય નીકળી જાય અને પછી બે નમાઝો ભેગી અદા કરવામાં આવે."**

### ★ મુનાફિકોની નમાઝ ! ★

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ખિદમતમાં હું હાજર થયો, આપનાથી મેં હદીષ સાંભળી જેની રિવાયત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કરી છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે, "શું તમને મુનાફિકોની નમાઝ બતાવું ?! અર્ઝ કરી, જી હુઝૂર ! ફર્માવ્યું, જે શખ્સ અસરની નમાઝમાં એટલા પ્રમાણમાં મોડુ કરે કે સૂરજની રોશનીમાં ફરક આવી જાય અને તેનો રંગ પીળાશ પડતો થઈ જાય. પછી અર્ઝ કરી કે સમય નિશ્ચિત કરો. ફર્માવ્યું, એનો બરાબર સમય એ છે કે સૂર્યએ તેનો અસલ રંગ ન બદલ્યો હોય, એટલે કે પીળો ન થઈ ગયો હોય. શિયાળા તથા ઉનાળામાં આ જ હુકમ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં ફિકહે હિદાયામાં શયખુલ

ઈસ્લામ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہના હાથની લખેલી આ હદીષ જોઈ છે : "સવારની નમાઝ સફેદીમાં અદા કરો જેથી સવાબ વધારે મળે." ઝોહરની નમાઝમાં સુન્નત તરીકો એ છે કે એટલા પ્રમાણમાં મોડુ કરવામાં આવે કે હવા ઠંડી થઈ જાય અને શિયાળામાં જયારે પડછાયો ઢળે તો અદા કરવામાં આવે. જેમ કે હદીષ શરીફમાં આવ્યું છે, "ગરમીમાં ઝોહરની નમાઝ ઠંડા પહોરે અદા કરો."

### ★ નમાઝ કઝા થતાં રૂદન તથા આહોઝારી ! ★

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہથી સવારની નમાઝ કઝા થઈ ગઈ તો એટલા પ્રમાણમાં રડયા અને આહોઝારી (આક્રંદ) કરી કે વર્ણન નથી થઈ શકતું ! અવાજ આવ્યો કે હે બાયઝીદ ! તું આટલા પ્રમાણમાં આહોઝારી શા માટે કરે છે ?! જો સવારની એક નમાઝ છૂટી ગઈ તો અમે તારા અમલોમાં હજાર નમાઝોનો સવાબ લખી આપ્યો છે.

**નોંધ** : *આમ લોકો કોઈ દુનિયવી નુકસાન થતાં તથા કોઈ ચહીતુ મૃત્યુ પામતાં આક્રંદ કરે છે, જ્યારે બુઝુર્ગો નમાઝમાં ઉણપ થતાં આક્રંદ કરે છે ! આ પરથી તેનું મહત્વ સમજો. –અનુવાદક*

પછી ફર્માવ્યું કે તફસીરે મહબૂબે કુરૈશમાં લખેલું જોયું છે કે જે શખ્સ પાંચેવ નમાઝો તેના સમયોમાં અદા કરે છે તે કયામતના દિવસે તેની રહનુમા બને છે.

ત્યારબાદ ફર્માવ્યું કે નબીએ અકરમ علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે કે, "જેની નમાઝ નથી તેનું ઈમાન નથી."

### ★ નમાઝ કઝા કરનારને સખત અઝાબ ! ★

એ જ મોકા પર ફરી ફર્માવ્યું કે મેં શયખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہથી સાંભળ્યું છે કે ઈમામ ઝાહિદની તફસીરમાં લખ્યું છે, "વેલ" દોઝખમાં એક કૂવો છે. અમુક કહે છે કે દોઝખની એક વાદી (પહાડીઓ વચ્ચે સપાટ મેદાન) છે જેમાં સખતથી સખત અઝાબ એ લોકોને થશે જેઓ નમાઝમાં ગફલત કરે છે.

પછી "વેલ"ની તફસીર આ પ્રમાણે ફર્માવી કે વેલે ૭૦ હજારવાર અલ્લાહ તઆલાથી રડીને પૂછયું કે આટલો સખત અઝાબ કયા લોકોને થશે ?! હુકમ થયો, "તેઓના માટે જેઓ નમાઝને સમયસર અદા નથી કરતા અને કઝા કરે છે."

પછી ફર્માવ્યું કે એકવાર અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ મગરિબની નમાઝ અદા કરી અને જ્યારે આસ્માનની તરફ જોયું તો તારાઓ જોવા મળ્યા. ગમગીન થઈને આપ અંદર ચાલ્યા ગયા અને એના કફ્ફારામાં એક ગુલામ આઝાદ કર્યો. એનો સબબ એ હતો કે હુકમ છે કે જયારે સૂર્ય ડૂબી જાય તો તુરત જ નમાઝ અદા કરો, કેમ કે એવું કરવું સુન્નત છે.

### ★ ભૂખાને ખવડાવવાની ફઝીલત ★

ત્યારબાદ સદકાના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે **જે ભૂખ્યાને ખાવા ખવડાવે છે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તે શખ્સ અને દોઝખના દરમ્યાન સાત પર્દા આડા કરી આપશે, જેમાંથી દરેક પર્દા વચ્ચે પાંચસો વરસના માર્ગ જેટલું અંતર હશે.** પછી થોડીકવાર જૂઠુ બોલવાના બારામાં ચર્ચા થઈ તો ફર્માવ્યું, **જેણે જૂઠી કસમ ખાધી જાણે તેણે પોતાના કુટુંબને વેરાન કરી નાખ્યું ! એ ઘરેથી બરકત ઉઠાવી લેવામાં આવે છે.**

### ★ બેનમાઝી તથા જૂઠી કસમખાનારને અઝાબ ! ★

પછી ફર્માવ્યું કે એકવાર બગદાદની જામેઅ મસ્જિદમાં એક ઝાકિર મૌલાના ઈમામુદીન બુખારી નામથી રહેતા હતા જે ખૂબ જ મર્દે સાલેહ હતા. આ હિકાયત મેં એમના થકી સાંભળી કે એકવાર અલ્લાહ તઆલા હઝરત મૂસા علیہ السلام સાથે દોઝખના બારામાં કલામ કરી રહ્યો હતો. ફર્માવ્યું કે, હે મૂસા ! મેં દોઝખમાં એક વાદી હાવિયહ પેદા કરી છે જે સાતમી

દોઝખ છે અને સૌથી ભયંકર અને કાળી છે અને એની આગ પણ ખૂબ જ કાળી તથા તેજ છે, તેમાં સાપ વિછી પુષ્કળ પ્રમાણમાં છે. તેને ગંધકના પથ્થરો વડે દરરોજ તપાવવામાં આવે છે, જો એ ગંધકનું એક ટીપુ દુનિયામાં આવી પડે છે તો તમામ પાણી સૂકાઈ જાય અને સર્વ પહાડો ઓગળી જાય ! અને તેની ગરમીથી જમીન ફાટી જાય ! હે મૂસા ! આવો અઝાબ તે લોકો માટે બનાવવામાં આવ્યો જેમાંથી એક તે જે નમાઝ અદા નથી કરતો અને બીજો તે જે મારા નામની જૂઠી કસમ ખાય છે.

### ★ સાચી કસમનો કફ્ફારો ! ★

પછી ફર્માવ્યું કે એક બુઝુર્ગ ખ્વાજા મુહમ્મદ અસ્લમ તૂસીએ એકવાર કોઈ કામના માટે સાચી કસમ ખાધી. તે વખતે તે હાલતે સુકરમાં (બેહોશી જેવી) હતા. જ્યારે હાલતે સહવમાં (હોશમાં) આવ્યા તો પૂછયું કે શું મેં આજે કસમ ખાધી છે ? કહ્યું, હા ! ફર્માવ્યું, કેમ કે **આજે સાચી કસમ ખાવા માટે મારા નફસે હિંમત કરી છે તો કાલે જૂઠી કસમની હિંમત કરશે, એટલા માટે બેહતર છે કે જ્યાં સુધી હું જીવંત રહીશ ત્યાં સુધી વાત જ કરીશ નહીં !** ત્યારબાદ ચાલીસ વરસો સુધી જીવંત રહ્યા પરંતુ કોઈની સાથે વાત ન કરી. આ તે સાચી કસમનો કફ્ફારો હતો ! જે એમણે એકવાર ખાધી હતી.

ત્યારબાદ દુઆગોએ અરજ કરી કે તે બુઝુર્ગને જરૂરત પડતી હતી તો શું કરતા હતા ? ફર્માવ્યું, ઈશારાઓ વડે કામ લેતા હતા. જ્યારે આ ફવાઈદ ખત્મ થયા તો સૌ આદાબ બજાવી લાવીને પોતાને ઘરે પરત થયા અને ખ્વાજા સાહબ યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા.

**નોંધ** : *હે ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہ ની મહોબ્બતનો દમ ભરનારાઓ ! કેવળ જીભ વડે "હમ ખ્વાજા વાલે હૈં !"નો દાવો ન કર્યા કરો ! બલ્કે ખ્વાજા સાહબનાં આ કથનો વાંચીને તમારા જીવનની ઢબને સુધારો અને નમાઝના પાબંદ બનો અને જૂઠ બોલવાથી બચો ! બેનમાઝી પર ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہ હજારો અફસોસ વ્યક્ત કરે છે ! અને જૂઠ બોલનારની બુરાઈ પણ ફરી ફરી વાંચો અને શરીઅતના પાબંદ બની જાવ ! અને તમામ ગુનાહોથી તૌબા કરી લો. –અનુવાદક*


**રમઝાન મુબારકમાં અમને ભૂલશો નહીં !**

## દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ

ભરૂચમાં અહલે સુન્નતના કિલ્લા સમાન આપણા આ દારુલ ઉલૂમ થકી અત્યાર સુધીમાં ૧૩૬–હાફેઝો અને ૨–આલિમોને સનદ આપવામાં આવેલી છે. તેમજ તજવીદની તા'લીમ પણ ઘણા તલબાએ મેળવેલી છે. જેઓ હાલ અહલે સુન્નતની મસ્જિદ મદ્રસાઓમાં સુન્ની જગતમાં ખિદમત માટે ફેલાયેલા છે. હઝરત બાબા રયહાન رحمۃ اللہ علیہ જેવા મહાન રૂહાની બુઝુર્ગના સાયામાં ફયઝાને ગરીબ નવાઝને ફેલાવતા આ ઈદારાને દીનો સુન્નિયતની ખિદમતમાં સાથ આપવા માટે લિલ્લાહ, ઉશ્ર, ઝકાત, સદકા, ફિત્રા, કુર્બાનીની ખાલો, ન્યાઝની રકમો વગેરે મોકલીને ભરપુર સહાય કરશો એવી અપીલ છે. સંપર્ક કરો :–

**દારુલ ઉલૂમ ગુલશને અજમેર**, ઠે. રયહાન નગર, હઝરત બાબા રયહાન દરગાહ પાસે, વેજલપુર, રેલ્વે સ્ટેશન નજીક–ભરૂચ, ફોન : ૦૨૬૪૨–૨૫૫૭૦૮, મોબાઈલ : ૯૮૨૪૧ ૩૬૨૫૭


**બાલાશિનોર** : થી મશહૂર શાયર જનાબ **"ગનીમત બાલાસિનોરી"**નો "બરકાતે ખ્વાજા" (માસિક) થકી ચાલતા કલમી જેહાદની પ્રશંસામાં તેમજ સલ્તનતે મુસ્તફા ﷺ કિતાબ તથા અન્ય અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની કામગીરીની પ્રશંસામાં તેમજ વિરોધીઓ સામે ટક્કર લેવા પ્રોત્સાહિત કરતો લાંબો પત્ર મળ્યો છે એ બદલ આભાર ! જઝાકલ્લાહ ! બસ, દુઆઓની દરખાસ્ત છે કે રબ્બે કરીમ દીનો સુન્નિયતનું કામ કરવાની તૌફીક આપે અને તેને મકબૂલ ફર્માવે. (આમીન)–*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

(ચાર્ચાક)

# મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

## કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી—પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) —તંત્રી*

## શયખે દેવબંદીની ગયબદાની !

અખ્બાર અલ્ જમીઅત (દિલ્હી)એ દેવબંદી વર્તુળના શયખુલ હિંદના જીવન પ્રસંગોની ''શયખુલ ઈસ્લામ નંબર''ના નામથી દળદાર કિતાબ પ્રગટ કરી છે. આ શયખુલ ઈસ્લામ નંબરમાં મૌલ્વી હુસૈન અહમદ સાહબના પુત્ર મૌલ્વી અસદમિયાં તે મહેમૂદ મદનીના પિતાની એક રિવાયતથી એક બનાવ લખેલો છે, જેનું મથાળુ ''કરામત ઔર મુકાશિફ઼ાત'' તેમાં લખ્યું છે કે :—

*''ગિઝાલી સાહબ દહેલ્વીએ મદીનહ તયબહમાં મને વાત કરી કે, દિલ્હીમાં એક રાજકીય સભામાં હું સામેલ થયો. હઝરતવાલા (મૌલ્વી હુસૈન) પણ આ સભામાં સામેલ હતા ત્યાં મેં જોયું કે સ્ત્રીઓ પણ સ્ટેજ પર બેઠી હતી. દિલમાં ખયાલ આવ્યો કે એ માણસ શું વલી હોઈ શકે છે જે આવી સભામાં ઉપસ્થિત રહે જેમાં સ્ત્રીઓની હાજરી હોય ! આ વિચાર આવતાં જ હઝરત (મૌલ્વી હુસૈન અહમદ) પ્રત્યે મારા દિલમાં ધિક્કારની લાગણી પેદા થઈ ગઈ અને હું સભાસ્થાન છોડીને ચાલ્યો ગયો. એ જ રાત્રે મેં ખ્વાબમાં જોયું કે, હઝરતે મને છાતીથી લગાડી દીધો છે, બસ ! એટલીવારમાં મારું દિલ ઝાકિર થઈ ગયું અને નફ઼રત અક઼ીદતમાં બદલાઈ ગઈ !'' (શયખુલ ઈસ્લામ નંબર, પેજ : ૧૬૨)*

જરા આ બનાવની થોડીક અજાયબીઓને પણ જુઓ, પ્રથમ તો એ કે આ કેટલી મોટી ગયબદાની હતી કે **સભામાંથી નારાજ થઈને ચાલ્યા જનાર અજાણ્યા માનવીના દિલની હાલત જાણી લીધી !** માત્ર જાણી લીધી એટલું જ નહીં બલ્કે, એક જૂદુ જ સ્વરૂપ લઈને તેના ખ્વાબમાં પણ પધાર્યા અને એક જ નિશાને એવો તસર્રુફ જાહેર કર્યો કે, **છાતી પર હાથ રાખતાં જ તેના દિલની નફ઼રત દૂર થઈ ગઈ અને અક઼ીદતે ત્યાં સ્થાન લીધું, એ જ વખતે સૂતેલા ઈન્સાનનું દિલ જાગૃત અને ''ઝાકિર'' થઈ ગયું !**

આ બધી વાતો એ છે કે **જો આપણે કોઈ નબી તથા વલીના સંબંધે માનવાનો અક઼ીદો જાહેર**

**કરીએ તો તોહમતોના બોજથી આપણી ગરદનો તૂટી જાય. પરંતુ પોતાના શયખને ઉચ્ચ બતાવવા માટે અગર ઈમાનનું ખૂન પણ કરવામાં આવે તો દેવબંદી શ્રીમાનો પીછેહઠ કરતા નથી ! છેને દેવબંદીઓની બે શરીઅત !**

## દેવબંદી શયખને પોતાના મૃત્યુનો ઈલ્મ હતો ?

મૌલ્વી રિયાઝ અહમદ ફૈઝાબાદી પ્રમુખ જમીઅતે ઉલ્મા (મેવાતે) આ શયખુલ ઈસ્લામ નંબરમાં મોલ્વી હુસૈન અહમદ સાહબની સાથેની છેલ્લી મુલાકાતનું વર્ણન કર્યું છે. છેલ્લી વિદાય વેળાની વાતચીત ખાસ કરીને વાંચવા જેવી છે, ધ્યાનપૂર્વક વાંચો :–

*"મેં કહ્યું કે, હઝરત ! ઈન્શાઅલ્લાહ વર્ષની આખરે હું જરૂર હોઈશ. તો ફર્માવ્યું કે, કહી દીધું ને કે, મુલાકાત નહીં થાય ! હવે તો આખેરતના મેદાનમાં ઈન્શાઅલ્લાહ મળશું. સભામાં જેઓ મારી નજીક હતા તેમની આંખો આંસૂ ભીની થઈ ગઈ. હઝરતે ફર્માવ્યું કે, રડવાની શું વાત છે ? શું મને મૌત નહીં આવે ?! મુઝ નાચીઝને ઈલ્મે ગયબ અને ઉમરમાં વધારાની બાબતની વાત કરવી હતી, પરંતુ ગમને કારણે હું કંઈ કહી શક્યો નહીં."(શયખુલ ઈસ્લામ નંબર, પેજ : ૧૫૬)*

ઉપરોક્ત વાર્તાલાપનો મક્સદ એ સિવાય બીજો શું હોઈ શકે છે કે, **મૌલ્વી હુસૈન અહમદ સાહબને કેટલાયે મહીના પહેલાં તેમની મૌતનો ઈલ્મ થઈ ગયો હતો,** એટલે તેમણે કહી દીધું કે, "કહ દિયા કે મુલાકાત નહીં હોગી !" આ કહેવાનો ભાવ શંકાનો નથી બલ્કે નિશ્ચિતતાનો છે, "મજમા આબદીદા હો ગયા" એટલે સભામાં હાજર રહેલાઓની આંખો અશ્રુભીની થઈ ગઈ ! એ વાક્ય પણ સ્પષ્ટ બતાવે છે કે, લોકોને ખરેખર ! એ વાત તદ્દન સાચી જણાઈ હતી. અને તેમના ગયબના ઈલ્મ પર તેમણે યક઼ીન કરી લીધું હતું !

વિચારો એક તરફ રસૂલુલ્લાહ ﷺ માટે દેવબંદીઓનો અક઼ીદો આ છે :–

*"નબવી યુગમાં મુનાફિક઼ોએ હઝરત આઈશા સિદીક઼ા (رضی اللہ عنہا) પર આક્ષેપ થોપેલો. એનાથી આપ ﷺને ઘણુ દુઃખ થયું. આપે ઘણા દિવસો સુધી બનાવની ખરી હક઼ીક઼ત જાણવા તપાસ કરી પણ કાંઈ પણ જાણી શકાયું નહીં." –(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ : ૬૭, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

સાંભળ્યું ! કેટલો નીચ ખયાલ દેવબંદીઓનો છે ! હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ કઈ હિકમતથી પોતાની જાણકારી જાહેર ન કરી હતી એ તો એ વાક઼યાની શરહમાં વાંચશો, પણ આ વાક઼યાથી દેવબંદીઓને ખુશી થાય છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઈલ્મે ગયબ જાણતા ન હતા એવું એમની દષ્ટિમાં સાબિત થઈ ગયું ! જ્યારે અહીં પોતાના મોલ્વીઓના ઈલ્મે ગયબના ડંકા વગાડી રહ્યા છે ! અને છતાં શિર્કથી પવિત્ર તો જગતમાં એઓ જ છે ! શું આ મુનાફિક઼ત નથી ?!

રૂા. ૫/- ટપાલ ટિકિટ મોકલીને મંગાવો
કિતાબ
**ઔલાદ અને મા બાપ**

સંપાદક : **મર્હૂમ હાજી ઉસ્માનભાઈ ખત્રી ચિશ્તી નસીરી**
*(માજી તંત્રી : તયબાહ–માસિક)*
પ્રકાશક : **ગરીબ નવાઝ કમિટી,** રેલ્વે કોલોની, ક્વાટર્સ નં. ૯૧–ડી, મુ. હાપા, પીન. ૩૬૧ ૧૨૦, જિ. જામનગર

**નોંધ : આ કમિટીને રમઝાનમાં ખાસ સહકાર કરવા અપીલ છે.**

દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ★ નમાઝનો ફિદિયો ★

**મસ્અલો** : જેની નમાઝો કઝા થઈ ગઈ અને તે મરી ગયો તો જો તે મૃત્યુવેળા ફિદિયો આપવાની વસીયત (ભલામણ) કરતો ગયો તેમજ માલ પણ છોડી ગયો છે તો ત્રીજા ભાગના માલમાંથી **દરેક ફર્ઝ** અને **વિત્રના બદલામાં** અડધો સાઅ (એક સદકએ ફિત્ર જેટલા) ઘઉં અથવા એક સાઅ જવ સદકો કરે, અને **જો માલ છોડી નથી ગયો** અને વારિસો પોતે ફિદિયો આપવા વિચારે તો તે પોતાના માલથી કે કર્ઝ લઈને મિસ્કીનને સદકો આપે જ્યારે તે મિસ્કીન તે માલ ઉપર પોતે કબ્જો કરી લે ત્યારબાદ તે વારિસને પોતાના તરફથી બખ્શિશ કરી દે અને વારિસ પણ તેના ઉપર કબ્જો કરી લે. ફરી પાછો વારિસ મિસ્કીનને આપે એ જ રીતે આપ લે, આપ લે કરે ત્યાં સુધી કે બધીય નમાઝોનો ફિદયો અદા થઈ જાય.

અને જો માલ તો છોડી ગયો પરંતુ પુરતો નથી તો પણ એ જ ઉપર પ્રમાણે (દીલએ શરઈ મુજબ) કરે અને જો મરનારે પોતે ફિદયો આપવા માટેની કોઈ વસીયત કરી નથી અને વારિસ ભલાઈ રૂપે આપવા ચાહે તો આપે.

**મસ્અલો** : જેની નમાઝોમાં નુકસાન કે કરાહત હોય તે પોતાની પાછલી ઉંમરની બધીયે નમાઝો ફરીથી પઢે તો સારી વાત છે અને નુકસાનવાળી ન હોય તો ન પઢે અને જો પઢે તો ફજર અને અસર પછી ન પઢે તેમજ બધીય રકાતો ભરેલી પઢે એટલે કે અલ્હમ્દો પછી દરેકમાં કિરાઅત પઢે (સૂરત કે આયત પઢે) વળી વિત્રની ત્રણ રકાતો પઢી ત્રીજીમાં કાયદો કરી ચોથી માટે ઉભા થઈ જાય અને ચાર રકાતો પૂરી કરી લે. (એક વધારાની મેળવી ચાર રકાતો પૂરી કરવી) *(આલમગીરી)*

**મસ્અલો** : કેટલાક લોકો **શબે કદ્રની** રાત્રે કે **રમઝાનના આખરી દિવસોમાં** જે **નમાઝ કઝાએ ઉમરી નામે પઢે છે** અને **સમજે છે કે એનાથી આખી ઉમરની કઝા નમાઝો અદા થઈ ગઈ તે બિલકૂલ ખોટું અને તદ્દન જૂઠ છે.**

## ★ મુસાફિરની નમાઝ ★

શરીઅતની પરિભાષામાં મુસાફિર તેને કહેવામાં આવે છે કે જે પોતાના રહેઠાણથી ત્રણ દિવસના રસ્તા સુધી જવા માટે નીકળ્યો હોય.

**મસ્અલો** : દિવસનો મતલબ વર્ષમાં આવતો નાનામાં નાનો દિવસ છે. અને ત્રણ દિવસના રસ્તાનો એ મતલબ પણ નથી કે સવારથી સાંજ સુધી ચાલ્યા કરે બલ્કે દિવસનો મોટાભાગનો સમય મુરાદ છે. દા.ત. સુબ્હસાદિકની શરૂઆતથી બપોર ઢળવા સુધી ચાલ્યો, પછી રોકાઈ ગયો એ જ રીતે બીજા અને ત્રીજા દિવસે પણ એમ જ કર્યું, તો જેટલો દૂર પહોંચ્યો તેટલા લાંબા રસ્તાને સફર માટેનું જરૂરી અંતર કહીશું. બપોર સુધી આદત પ્રમાણે વચ્ચે વચ્ચે જેટલો આરામ કરવો જોઈએ એટલું રોકાતો પણ જાય. અને ચાલવાથી મતલબ પોતાની આદત મુજબની સાધારણ ચાલ છે ન તો ઝડપી કે ન તો તદ્દન ધીમી. જમીન રસ્તે માણસ તેમજ ઊંટની સાધારણ ચાલ વિશ્વાસપાત્ર ગણાશે. તેમજ પહાડી દરિયા–નદીમાં (પાણી રસ્તે) નાવડીની તે ચાલ જ્યારે કે હવા બિલકુલ રોકાએલી પણ ન હોય તેમજ ખૂબ ઝડપી પણ ન હોય. *(દુર્રેમુખ્તાર, આલમગીરી વગેરે)*

**મસ્અલો** : ગાઊ વિશ્વાસપાત્ર ગણાશે નહીં કેમકે ગાઊ કેટલીક જગ્યાએ નાના પણ હોય છે તો કેટલીક જગ્યાએ મોટા પણ હોય છે, બલ્કે મંઝિલો વિશ્વાસપાત્ર ઠરશે. વળી, જમીન માર્ગે માઈલોના હિસાબે ૫૭ માઈલ ૩ ફર્લાંગ છે. *(ફતાવા રઝવિયહ,*

*બહારે શરીઅત)* કિલોમીટરના હિસાબે ૯૨ કિ. મિ. છે.

**મસ્અલો** : ત્રણ દિવસના રસ્તાને ઝડપી સવારી વડે બે દિવસ કે ઓછા સમયમાં પસાર કરે તો પણ તે મુસાફિર છે. પણ ત્રણ દિવસથી ઓછા સમયના રસ્તાને વધારે દિવસોમાં પસાર કરવામાં આવે તો મુસાફર નથી. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલો** : જમીનમાર્ગ (ઝાડી કે પહાડી વગરનો) સાડા સત્તાવન માઈલ (૯૨ કિ. મિ.)ના અંતરને રેલવે વગેરે વાહન વડે એક જ કલાકમાં પસાર કરે તો પણ તે રેલવે કે મોટર વગેરેનો સવાર એક જ કલાકની સફરમાં પણ શરીઅતની પરિભાષામાં તે મુસાફર ગણાશે અને કસર વગેરે સફરના હુકમો તેને લાગુ પડશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ફક્ત મુસાફરીની નિય્યત કરી લેવાથી મુસાફિર ગણાશે નહીં. મુસાફિર હોવાનો હુકમ ત્યારે લાગુ પડશે કે જ્યારે તે પોતાના ગામ કે શહેરની બહાર નીકળી જાય. વળી શહેરવાળા માટે એ પણ છે કે શહેરની આજુબાજુ જે વસ્તી (પરાં વિસ્તાર) શહેરથી મળી હોય, તેનાથી પણ બહાર નીકળી જાય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : શહેર કે ગામની બહાર સ્ટેશન હોય તો સ્ટેશન પર પહોંચતાં જ મુસાફર ગણાશે જ્યારે કે સફર માટેના જરૂરી અંતર (સાડા સત્તાવન માઈલ) સુધી જવાનો ઈરાદો કરી નીકળ્યો હોય.

**મસ્અલો** : સફર માટે એ પણ જરૂરી છે કે જ્યાંથી નીકળ્યો હોય ત્યાંથી ત્રણ દિવસનાં લાંબા રસ્તા જેટલે દૂર (સત્તાવન માઈલ ૩ ફલાંગ) જવાનો વિચાર નક્કી હોય. અને જો બે દિવસના રસ્તાના ઈરાદાથી નીકળ્યો અને ત્યાં પહોંચીને બીજી જગ્યાએ જવાનો ઈરાદો કર્યો અને એ પણ ત્રણ દિવસની ઓછી અંતરનો રસ્તો છે. તો એ રીતે મસાફિર ગણાશે નહીં પછી ભલે એવા તૂટક તૂટક ઈરાદાઓથી આખી દુનિયા ફરી વળે, પરંતુ કદી પણ શરીઅતની નજરે મુસાફર ગણાશે નહીં જ્યાં સુધી કે એક જ સ્થળેથી પૂરા ત્રણ દિવસના રસ્તા (સત્તાવન માઈલ ૩ ફલાંગ એટલે ૯૨ કિ.મિ.) કે તેથી વધુનો ઈરાદો ન કર્યો હોય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : સફર માટે એ પણ જરૂરી શરત છે કે ત્રણ દિવસના રસ્તાના અંતરનો એકી સાથે ઈરાદો હોય જેથી એ રીતે ઈરાદો કર્યો કે બે દિવસના રસ્તાના અંતર જેટલું જઈને એક સ્થળે રોકાય કંઈક કામ પૂરું કરવાનું છે તે કરીને પછી એક દિવસના રસ્તાના અંતરે આગળ જઈશ તો આ રીતે તૂટક તૂટક સફરથી મુસાફર ગણાશે નહીં. *(ફતાવા રઝવિય્યહ, બહારે શરીઅત)*

## ★ મુસાફરના હુકમો ★

મુસાફર માટે વાજિબ છે કે તે નમાઝમાં કસર કરે જેથી ચાર રકાતવાળી નમાઝ બે પઢે. એને માટે બે જ રકાતો પૂરી નમાઝ છે. મગરિબ અને ફજરમાં કસર નથી. બલ્કે પૂરી નમાઝ પઢવામાં આવે ફક્ત ઝોહર, અસર, ઈશાના **ફર્ઝ**માં કસર છે.

**મસ્અલો** : મુસાફર કસર ન કરશે તો તે ગુનેહગાર થશે.

**મસ્અલો** : **સુન્નતોમાં કસર નથી**, બલ્કે પૂરી પઢે, પરંતુ ડર, બીક, ભયની સ્થિતિમાં કે ઉતાવળ હોવાના કારણે સુન્નતો છોડી શકે છે માફ છે. પરંતુ સુન્નતની કસર કરી શક્તા નથી. *(આલમગીરી)*

**મસ્અલો** : મુસાફરે કસરના બદલે ચાર રકાત નમાઝ પઢી અને જો બે રકાતે કાયદામાં બેઠો તો નમાઝ થઈ ગઈ પરંતુ બીજી રકાતે કાયદામાં ન બેઠો તો નમાઝ ન થઈ.

**મસ્અલો** : મુસાફર ત્યાં સુધી ગણાશે કે જ્યાં સુધી તે પોતાના વતન (રહેઠાણ)માં પાછો પહોંચી ન જાય અથવા કોઈ સ્થળે પૂરા પંદર દિવસ રહેવાની નિય્યત ન કરી લે. આ હુકમ ત્યારે જ લાગુ પડશે જ્યારે કે તે ત્રણ દિવસના રસ્તાનું અંતર ચાલી ચૂક્યો હોય, અને જો ત્રણ મંઝિલો પસાર કરતા પહેલાં વિચાર બદલી પાછો પોતાના ગામ કે શહેર તરફ પાછો ફરે તો મુસાફર ગણાશે નહીં પછી ભલે તે પાછો ફરતાં જંગલમાં જ હોય. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ★ પાંચ વખતની નમાઝથી ગફલત અને વઝીફાઓનું પઢવું ★

મોટા ભાગના લોકો જોવામાં આવે છે કે જેઓ નમાઝોનો ખ્યાલ નથી રાખતા, પઢે છે તો પણ વખત નીકળી જાય ત્યારે જલ્દી જલ્દી અથવા જમાઅત વગર અને (આવા લોકો) વઝીફાઓ અને તસ્બીહો પઢવામાં લાગેલા હોય છે. **આ લોકોના વઝીફાઓ તેમના મોઢા ઉપર મારી દેવામાં આવશે** કેમ કે, "જેમના ફર્ઝ પૂરા થતા નથી તેઓનો કોઈપણ નફ્લ કૂબૂલ કરવામાં આવતો નથી." **ઈસ્લામમાં સૌથી મોટો વઝીફો અને અમલ નમાઝને જમાઅત સાથે પઢવું તે છે.**

હદીષ શરીફમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ એક દિવસ ફજરની જમાઅતમાં હઝરત સુલૈમાન બિન અબી હશ્મહને ન જોયા. દિવસે બજારમાં જતાં જતાં તેમના ઘરની પાસેથી પસાર થયા તો એમનાં મા ને પૂછયું કે આજે સુલૈમાન જમાઅતમાં કેમ ન હતા ? તેમનાં મા હઝરત શિફાએ કહ્યું કે રાતભર જાગીને ઈબાદત કરતા રહ્યા અને ફજરની નમાઝના સમયે ઊંઘ આવી ગઈ અને જમાઅતમાં શરીક થવાથી રહી ગયા. અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું : "મારા માનવા મુજબ **આખી રાત જાગીને ઈબાદત કરવા કરતાં ફજરની જમાઅતમાં શરીક થવું બેહતર છે."** *(મિશ્કાત, બાબુલ જમાઅત, પેજ : ૯૭)*

આ'લા હઝરત ફર્માવે છે, **"જ્યાં સુધી ફર્ઝની અદાયગી બાકી રહે છે ત્યાં સુધી કોઈ નફ્લ કૂબૂલ કરવામાં આવતો નથી."** *(અલ્ મલ્ફૂલ, ભાગ : ૧, પેજ : ૭૭)*

## ★ જુમ્આના ખુત્બામાં ઉર્દૂ શેઅરનું પઢવું ★

જુમ્આનો ખુત્બો ફક્ત અરબી ભાષામાં પઢવું સુન્નત છે, અન્ય કોઈ ભાષામાં પઢવું સુન્નતની વિરુદ્ધ છે. ઉર્દૂ અશ્આર જો પઢવા જ હોય, તો તે ખુત્બાની અઝાનથી પહેલાં પઢી લેવામાં આવે એટલે કે બીજી અઝાન (ખુત્બાની અઝાન) પછી જે ખુત્બો પઢવામાં આવે છે તે અરબી સિવાય અન્ય કોઈ ભાષામાં પઢવું સુન્નતની વિરુદ્ધ છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૩, પેજ : ૭૫૧)*

## ★ ઈમામનું (નમાઝ દરમ્યાન) મહેરાબ અથવા બે થાંભલાની (દરવાજાની) વચ્ચે ઊભા રહેવું ★

કોઈ કોઈ જગ્યાએ જોવામાં આવે છે કે (જમાઅત દરમ્યાન) "ઈમામ મહેરાબની અંદર છે અને મુક્તદી બહાર છે" **આ સુન્નતની વિરુદ્ધ છે** અને **મકરૂહ છે.** સદરુશ્શરીઅહ્ મૌલાના અમજદ અલી સાહબ رحمۃ اللہ علیہ ફર્માવે છે :-

"ઈમામનું એકલા મહેરાબમાં ઊભા રહેવું મકરૂહ છે અને જો બહાર (મહેરાબની) ઊભા હોય પરંતુ ફક્ત સજદો મહેરાબમાં કરે અથવા ઈમામ એકલા ન હોય પરંતુ તેની સાથે થોડા મુક્તદીઓ પણ મહેરાબમાં હોય તો કોઈ વાંધો નથી. તે જ પ્રમાણે જો મુક્તદીઓ માટે મસ્જિદ નાની પડતી હોય, તો પણ (ઈમામનું) મહેરાબમાં ઊભા રહેવું મકરૂહ નથી. ઈમામનું દરવાજાની વચમાં ઊભા રહેવું પણ મકરૂહ છે." *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૧૭૪, દુર્રે મુખ્તાર અને આલમગીરીના હવાલાથી)*

આ મસ્અલાનો રસ્તો આ પ્રમાણે છે કે ઈમામનો મુસલ્લો થોડો પાછળ હટાવી દેવામાં આવે અને ઈમામ થોડા પાછળ હટીને એ રીતે ઊભા રહે કે જોવામાં એવું લાગે કે તેઓ મહેરાબમાં અથવા દરવાજાની અંદર નથી પરંતુ બહાર ઊભા છે પછી ભલે સજદો અંદર થાય પરંતુ નમાઝ દુરુસ્ત થઈ જશે.

# શું માટલીવાલાના મોલ્વીઓનું

## આ કૃત્ય બિદઅત તથા શિર્ક નથી ?!

કાર્યાલય

તા. ૪–૫–૨૦૧૨ના ''ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'' અંગ્રેજી દૈનિક પત્રમાં ત્રણ મોલ્વીઓના ફોટા સાથે સમાચાર છે કે, ''દારુલ ઉલૂમ માટલીવાલા–ભરૂચના મદ્રસાના ૪૦૦ વિદ્યાર્થીઓને હિંદુ ધર્મ વિશે શીખવાડવા માટે તેમણે રૂા. ૩૦,૦૦૦ ના ૨૦૦ પુસ્તકો હિંદુઈઝમ પર અહમદાબાદ ખાતેના પુસ્તક મેળામાંથી ખરીદયાં. જેમાં ભાગવત ગીતા, આથર્વ વેદ, યાજુર્વેદ, મહાભારત, રામાયણ, રામાયણનું ચિંતન, વેદાંત સમીક્ષા તથા સુંદરકાંડનો સમાવેશ થાય છે.''



The maulanas from Darul Ulum Islammiyah Arbiyyah Matliwala bought books on Hinduism for 400 madrassa students

લખ્યું છે કે **ઈસ્લામ અને હિંદુઈઝમ વચ્ચે ''સામ્યતા''** પ્રતિ ધ્યાન દોરવા માટે એનો અભ્યાસ જરૂરી છે. એમનું માનવું છે કે મદ્રસાના તલબાએ એના વિશે જાણવું જોઈએ અને **(Student should know & Respect all religions)** ''સર્વ ધર્મોનું સન્માન'' કરવું જોઈએ. *(Times of India, 4-5-2012)*

કૌમી એકતાના નામે ડાહયી ડાહયી વાતો કરનારા આ મોલ્વીઓ દેવબંદી સંપ્રદાયના અનુયાયીઓ છે જેમના ધર્મમાં દરેક નવી ચીજને કે કાર્યને ''બિદઅત'' કહેવામાં આવે છે અને તેઓ દરેક બિદઅતને ગુમરાહી ઠરાવીને વરસોથી ''અહલે સુન્નત વ જમાઅત''ના સુન્ની ઉલમા તથા અવામને વાત વાતમાં ''બિદઅતી'' તરીકે સંબોધે છે. જેમ કે સેંકડો વરસોથી મીલાદુન્નબી ﷺ બુઝુર્ગો તથા મહાન ઉલમા મનાવતા આવ્યા પણ એને આ જ દેવબંદી ધર્મના મોલ્વીઓ ''બિદઅત'' તથા નાજાઈઝ અને હરામ સુદ્ધાં કહે છે. અને કહે છે કે રસૂલ તથા સહાબાએ એ કામો નથી કર્યાં એટલે એ નાજાઈઝ તથા હરામ છે એવો ઘરનો કાયદો કાઢતા રહે છે. જો કે આ ખયાલનો રદિયો શરઈ દલીલો સાથે અમે આપી ચૂક્યા છીએ.

તો અન્યને બિદઅતી કહેનારા આ દેવબંદી પંથના દારુલ ઉલૂમ માટલીવાળાના મોલ્વીઓને અમારો પ્રશ્ન છે કે **શું રસૂલે પાક ﷺ તથા સહાબાએ કિરામમાંથી કોઈએ પણ આ રીતે હિંદુ ધર્મના ગ્રંથો ખરીદયા હતા ?! તથા તલબાને એનો અભ્યાસ કરવાની તાકીદ કરી હતી ?! જો નથી કરી, અને નથી જ કરી ! તો પછી આ બિદઅત તથા ગુમરાહીમાં પડી તમો ''મહા બિદઅતી'' થયા કે નહીં ?!**

રસૂલે પાક ﷺ તથા સહાબીઓએ તમારા જેમ કોઈ હિંદુ ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો નથી જ ! બલ્કે નીચેનો પ્રસંગ વાંચીને ઈબ્રત પકડો કે ખૂદ અલ્લાહે પોતાના મહાન પયગંબર હઝરત મૂસા علیہ السلام પર નાઝિલ કરેલ આસ્માની કિતાબ ''તૌરાત''નો અભ્યાસ કરવાથી પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ નારાજગી દર્શાવી હતી.

એકવાર નબીએ રહમત علیہ الصلوٰۃ والسلام હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની સાથમાં હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہની પાસે આવી ગયા. જોયું કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ તૌરાત (જેમાં હુઝૂરની તારીફનું બયાન હતું તે) પઢતા હતા, એ જોઈને હુઝૂર علیہ الصلوٰۃ والسلام જલાલમાં આવી ગયા. સિદ્દીકે અકબરે કહ્યું કે, ‘‘હે ઉમર ! શું આપ પ્યારા રસૂલના જલાલને નથી જોઈ રહ્યા ?’’ હઝરત ઉમર કાંપી ઉઠયા ! હુઝૂરે

અન્ય ધર્મવાળા લોકો સાથે શરીઅતના વર્તુળમાં રહીને સહકારભર્યા સંબંધો જરૂર રાખવામાં આવે, એ રીતની એકતા જરૂર કરવામાં આવે પણ દારુલ ઉલૂમ માટલીવાળા–ભરૂચના મોલ્વીઓ જે કહે છે કે, **"સર્વ ધર્મોનું સન્માન (તા'ઝીમ) કરવામાં આવે"** તો એનો અર્થ શું થયો ?! ઈસ્લામ સિવાય અન્ય ધર્મો કુફ્ર તથા શિર્કથી ભરેલા છે તો કુફ્ર તથા શિર્કવાળા ધર્મોનું સન્માન કઈ રીતે કરવામાં આવે તેને એઓ સમજાવે ! **અલ્લાહના નબી ﷺની તા'ઝીમ (સન્માન)માં ઊભા રહેવું જે દેવબંદી ધર્મવાળાને "શિર્ક" જણાય છે અને સુન્નીઓને પોતે "મુશ્રિક"નું લેબલ લગાડતા રહે છે, તો પછી જે ધર્મોમાં અનેક મઅબૂદોની ઈબાદત થાય છે, તેમને સિજદા થાય છે ત્યાં તેમને શિર્કથી તકલીફ નથી થતી** કે સામે ચાલીને તેમનું સન્માન કરવામાં આવે એવું કહી રહ્યા છે ?! એઓ ભૂલી ગયા કે કુર્આનમાં અલ્લાહનું ફર્માન છે : **اِنَّ الدِّیۡنَ عِنۡدَ اللّٰہِ الۡاِسۡلَامُ** "બેશક ! અલ્લાહની નજીક ઈસ્લામ જ દીન છે." *(સૂરએ આલે ઈમરાન, આયત : ૧૯)*

સાચુ કહ્યું છે કોઈકે કે :–

*ખુદા જબ દીન લેતા હૈ તો અક્લેં છીન લેતા હૈ !*

ફર્માવ્યું, **''તમારા દીનમાં શું કમી છે કે તમે અન્યની કિતાબ પઢો છો ?''** વિચાર કરો ! તૌરાત કે જે આસમાની કિતાબ છે ! જેના નાઝિલ થવાના વિશે આપણુ ઈમાન છે તેની મના કરી દીધી અને ફર્માવ્યું, ''હઝરત મૂસા علیہ السلام પણ મારા જમાનામાં હોત તો પણ મારી પયરવી કર્યા સિવાય તેમના માટે કોઈ રસ્તો ન હતો.''

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ હિદાયત કરે છે કે, **દરેક બાતિલ ધર્મવાળાની બધી જ વાતો ખરાબ નથી હોતી, કેટલીક વાતો બોધદાયક હોય છે તો કેટલીક કુફ્ર તથા શિર્કની હોય છે. શયતાન એવા માણસની પ્રતિક્ષામાં જ રહે છે કે માણસ આવા પ્રકારની કિતાબ વાંચે તો તે સારી વાતો દિલમાં ઉતારતો જાય છે અને જ્યારે કુફ્ર તથા શિર્કની વાત એ દરમિયાનમાં આવે છે તો તેને પણ બનાવી સંવારીને તે જ સારી વાતોમાં મેળવી દઈ દિલમાં ઉતારી દે છે. આ રીતે શયતાન તેના ઈમાનને તબાહ કરી દે છે અને વાંચનારને ખબર પણ પડતી નથી.** જેવી રીતે દુશ્મનને ખતમ કરવા માટે શરબતમાં ઝેર ભેળવીને આપી દેવાય છે.

## ★ રબ્બે કરીમ મગફેરત ફર્માવે ! ★

**લુસાકા :** જાંબિયા ખાતે "બરકાતે ખ્વાજા" (માસિક) તથા "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"ના ખાસ ચાહક જામનગર નિવાસી જનાબ યૂસુફભાઈ રાવલ્યા સાહબનો રાત્રે ૧.૪૦ વાગે મુ.તા. ૧૪ રજબ હિ.સ. ૧૪૩૩ અંગ્રેજી તા. ૪–૬–૨૦૧૨ના રોજ લગભગ ૭૦ વરસની વયે ઈન્તેકાલ થયો. મર્હૂમ પુખ્તા સુન્ની, હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના મુરીદ, મસ્લકે આ'લા હઝરતના શયદાઈ હતા. હજારો માઈલ દૂર રહેવા છતાં દીનો સુન્નિયતની એ લાગણી હતી કે સતત પત્ર વહેવારથી કદીક ફોનથી સંપર્કમાં રહી દુઆઓથી નવાઝતા હતા. લગભગ સર્વ સુન્ની સંસ્થાઓનો સંપર્ક રાખી સહાય કરતા રહેતા હતા. બે મહીના અગાઉ જ ફોન પર તેમણે એક દસ લાખ સુધીની મસ્જિદ બનાવવાની ઈચ્છા પણ પ્રદર્શિત કરી હતી. જનાબ એસ. એ. સૂર્યા–જામનગર તરફથી રૂા. ૫૦૦/– મર્હૂમના સવાબ અર્થે અમને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવી જન્નતુલ ફિરદૌસમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી*

# વહાબીઓ થકી અસલ કિતાબોમાં થતી ઘાલમેલની દાસ્તાન !....

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

ઈસ્લામના ઈતિહાસમાં ૧૪૦૦ ઉપરાંત વરસોની અહલે સુન્નત વ જમાઅતના ઉલમાની મશ્હૂર કિતાબોમાં કુર્આન, હદીષની રૂએ મઝહબે હક્ક઼ અહલે સુન્નતના અક઼ીદા રજૂ કરેલા છે જેના પરથી બોધ લઈને પોતાના ગલત અક઼ીદા તથા પોતે અપનાવેલો જહન્નમ તરફ દોરતો માર્ગ છોડવાને બદલે, વર્તમાનકાળના નવા ફૂટી નીકળેલા બદ્અક઼દા વહાબી, દેવબંદી, અહલે હદીષ વગેરેએ પોતે તૌબા કરીને હક્ક઼ને અપનાવવાને બદલે પૂર્વજ બુઝુર્ગોની કિતાબોમાં જ હેરફેર કરવાનો પ્રયાસ કર્યો ! આ જ એમના જૂઠા તથા બાતિલ હોવાની દલીલ છે કે પોતાના જૂઠને છુપાવવા માટે પૂર્વજ બુઝુર્ગોની અસલ કિતાબોમાં હેરફેર કરી રહ્યા છે ! આ યહૂદી ઈસાઈની સ્ટાઈલ છે કે જેમણે આખરી પયગંબરની સ્પષ્ટ નિશાનીઓ તૌરાત તથા ઈન્જીલમાં હતી તેના પરથી આપણા નબી આખિરુઝ્ઝમાં મુહમ્મદ મુસ્તફા ﷺ પર ઈમાન લાવવાને બદલે તેવી આયતોને છુપાવી તથા તેમાં હેરફેર કરીને ગુમરાહ થઈ ગયા. એ જ રાહે ચાલીને વહાબી, દેવબંદી, અહલે હદીષ વગેરે કુર્આનમાં તો હેરફેર ન કરી શક્યા કેમ કે અલ્લાહે તેની હિફાઝતનો જિમ્મો લીધો હોવાથી તે અશક્ય બાબત હોવાથી તેની આયતોના અર્થોમાં તેમજ પૂર્વજ બુઝુર્ગોની કિતાબોમાં ઘાલમેલ કરીને પોતાના પર જહન્નમી હોવાની મહોર મારી દીધી છે ! એવા લોકો હજી સમજે અને મરતા પહેલાં તૌબા કરી લે, કેમ કે કુર્આને પાકમાં આપણો રબ તઆલા તો ફર્માવે છે :

وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَأَنْتُمْ تَعْلَمُونَ

''અને હક્ક઼ સાથે બાતિલને ન ભેળવો અને જાણી જોઈને હક્ક઼ ન છુપાવો.'' *(સૂરએ બક઼રહ, આયત : ૪૨)*

### ★ વહાબીઓ થકી તફસીરે સાવીમાં હેરફેર ! ★

''તફસીરે જલાલૈન'' એક મશ્હૂર તફસીર છે જેને ''જલાલ'' નામના બે શયખો : જલાલુદ્દીન મુહલ્લી (વિસાલ : હિ.સ. ૮૬૪) અને જલાલુદ્દીન સિયૂતી (વિસાલ : હિ.સ. ૯૧૧) رحمۃ اللہ علیہما એ મળીને સંપાદિત કરી છે.

મશ્હૂર માલિકી મુહક્કિ઼ક઼ **ઈમામ અહમદ સાવી** (વિસાલ : હિ.સ. ૧૨૪૧)એ આ તફસીર પર એક હાશિયો (ખુલાસો) લખ્યો છે જે ''હાશિયતુસ્સાવી અલલ જલાલૈન'' નામથી પ્રખ્યાત છે. ઈમામ સાવી માલિકી સૂરએ ફાતિર, આયત : ૬ના હેઠળ લખે છે : ''કહેવામાં આવે છે કે આ આયત ખારિજ (ખારજીઓ)ના જાહેર થવાની આગાહી કરે છે. એ ખારજીઓએ કુર્આન તથા સુન્નત (હદીષ)ના અર્થોમાં હેરફેર કર્યો અને એ કારણે મુસલમાનોની જાન તથા માલને હલાલ ઠરાવ્યાં. અને **તેમની જ પદ્ધતિ પ્રમાણે આજે હિજાઝનો વહાબી ફિર્કો ચાલી રહ્યો છે.** એ લોકો પોતે પોતાને હક્ક઼ પર સમજે છે, પરંતુ હક઼ીક઼તમાં **એઓ જૂઠા છે. શૈતાન એમના પર સવાર થઈ ચૂક્યો છે** અને તેમને અલ્લાહની યાદથી ગાફેલ કરી ચૂક્યો છે. આ **શૈતાની ગિરોહવાળા છે** અને હક઼ીક઼તમાં નુકસાનવાળા છે.'' *(હાશિયતુસ્સાવી અલલ જલાલૈન, સૂરએ ફાતિર, આયત : ૬, (૧) મતબૂઆ બાબુલ હલબી–કાહિરા, ભાગ : ૩, પેજ : ૨૫૫, ઈ.સ. ૧૯૩૦ (૨) મક્તબતુલ મસાદિલ હુસૈની–કાહિરા, ૩/૩૦૭, ૩૦૮, ઈ.સ. ૧૯૩૭) (૩) દારુલ અહયાઉત્તરાષ, બૈરૂત, ૩/૩૦૭, ૩૦૮, ઈ.સ. ૧૯૭૦)*

ઈમામ સાવી માલિકી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૨૪૧) વહાબી ફિર્કાના સ્થાપક ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદી તમીમી (મૃત્યુ : ઈ.સ. ૧૨૦૬)ના સમકાલિન હતા અને એના કારસ્તાનોથી ખૂબ માહિર હતા. જેમ કે ઉપરોક્ત તફસીરના લખાણથી જાહેર થાય છે. આ લખાણ વહાબીઓની બુરાઈ તથા વહાબીઓના પેશવા ઈબ્ને અબ્દુલ વહાબ નજદીની સાચી છબી પ્રદર્શિત કરી રહ્યું છે એટલા માટે આ વહાબીઓએ જ્યારે તફસીરે સાવીની નવી આવૃત્તિ બહાર પાડી તો ઉપરોક્ત લખાણમાંથી કેવળ "વહાબી" શબ્દ ન ઉડાડી મૂક્યો બલ્કે પૂરા વાક્યને જ ઉડાડી મૂક્યું !

વહાબીઓની નવી આવૃત્તિ જોવા માટે અભ્યાસ કરો : (હાશિયતુસ્સાવી અલલ જલાલૈન, ભાગ : ૩, પેજ : ૩૦૭, ૩૦૮, પ્રકાશક : દારુલ ફિક્ર–બૈરૂત)

**નોંધ** : અસલ કિતાબની તથા હેરફેરવાળી કિતાબની બંનેની ઝેરોક્ષ જોવા માટે વાંચો કિતાબ : તેહરીફાત, અઝ : ફઝુલલ્લાહ સાબરી ચિશ્તી, ફલાહ રિસર્ચ : ફાઉન્ડેશન, એફ–૨૫/૧, ઉપ્પેર ગ્રાઉન્ડ ફલેટ, શાહીન બાગ, અબુલ ફઝલ ઈન્કલેવ–૧૧૪ ઓખલા ન્યુ દિલ્હી–૧૧૦૦૨૫, પ્રાપ્તિ સ્થાન : કુતુબખાના અમજદિયા, મેટીયા મહલ, જામા મસ્જિદ–દિલ્હી, ૦૧૧–૨૩૨૪૩૧૮૭

### ★ શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہની કિતાબ : "મદારિજુન્નબુવ્વત"માં હેરફેર ! ★

**હેરફેર નં. ૧** : શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૦૫૨) લખે છે : "**وهو بكل شیٔ عليم**નો અર્થ એ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઝાતે ઈલાહી તથા અહકામે સિફાતે હક્ક઼ને જાણવાવાળા છે અને આપે જાહેરી તથા બાતિની અવ્વલ તથા આખરના સર્વ ઈલ્મોને ઘેરેલા છે." *(મદારિજુન્નબુવ્વત–ફારસી, ભાગ : ૧, પેજ : ૩, પ્રકાશન વર્ષ : હિ.સ. ૧૨૮૦, પ્રકાશક : નવલ કિશોર–દિલ્હી)*

દેવબંદી પ્રકાશકે મદારિજુન્નબુવ્વતનો જે ઉર્દૂ તર્જુમો પ્રસિદ્ધ કર્યો છે એમાં ઉપરોક્ત વાક્ય ઉડાડી મૂક્યું છે ! *(જુઓ : મદારિજુન્નબુવ્વત, ભાગ : ૧, પેજ : ૨, ૩, અનુવાદક : સઈદુર્રહમાન અલ્વી, પ્રકાશક : મક્તબા રહમાનિયા, ઉર્દૂ બાઝાર–લાહોર)*

**હેરફેર નં. ૨** : **اوّل ما خلق الله نوری**નો ભાવાર્થ એ છે કે અલ્લાહ તબારક વ તઆલાએ સૌ પ્રથમ નૂરે મુહમ્મદી صلی اللہ علیہ وسلمને પેદા ફર્માવ્યું. *(મદારિજુન્નબુવ્વત–ફારસી, ભાગ : ૧, પેજ : ૨, હિ.સ. ૧૨૮૦, પ્રકાશક : નવલ કિશોર–દિલ્હી)*

દેવબંદી અનુવાદકે પોતાની આવૃત્તિમાં આ લખાણને પણ ઉડાડી મૂક્યું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ : ૧, પેજ : ૧૧, અનુવાદક : સઈદુર્રહમાન અલ્વી, પ્રકાશક : મક્તબે રહમાનિયા, ઉર્દૂ બાઝાર–લાહોર)*

અને પેજ–૭૧ પર જો તર્જુમો લખ્યો પણ છે તો આગળ કૌંસમાં (એટલે કે નૂરે નબુવ્વત તથા હિદાયત)ની પાબંદી લગાડીને પોતાના દિલની ગંદકી જાહેર કરતાં એ દર્શાવવા ચાહ્યું કે આપ صلی اللہ علیہ وسلم નૂરે મુજસ્સમ નથી, અને આપની અસલ જાત નૂર નથી. બલ્કે આપનુ કેવળ "વઅઝ તથા હિદાયત" ફર્માવવું "નૂર" છે. જ્યારે કે હદીષમાં એવી કોઈ પાબંદી કે શર્ત નથી અને ન શયખ અબ્દુલહક્ક઼ દહેલ્વી رحمۃ اللہ علیہએ અસલ કિતાબમાં એનો કોઈ ઉલ્લેખ કર્યો છે.

**હેરફેર નં. ૩** : શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ હુઝૂરની વિલાદત પર ખુશ થઈને અબૂ લહબે પોતાની લોંડી આઝાદ કરી, તે ખુશી બદલ તેના અઝાબમાં ઘટાડો થવાનો વાક્યો દર્શાવીને પછી હુઝૂર صلی اللہ علیہ وسلمની વિલાદતની ખુશી મનાવનારાઓની પ્રશંસા કરી છે. *(મદારિજુન્નબુવ્વત–ફારસી, ભાગ : ૨, પેજ : ૨૬, હિ.સ. ૧૨૮૦, પ્રકાશક : નવલકિશોર–દિલ્હી)*

એ વાત ચમકતા સૂરજ જેમ જાહેર છે કે દેવબંદી, વહાબી જમાઅતી મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم મનાવવાને શિર્ક તથા બિદઅતમાં ગણે છે એટલા માટે તેમણે

પોતાના તર્જુમામાં ઉપરોક્ત લખાણને પણ કટ કરી નાખ્યું ! *(જુઓ : મદારિજુન્નબુવ્વત, ભાગ : ૨, પેજ : ૩૫, અનુવાદક : સઈદુર્રહ્માન અલ્વી, પ્રકાશક : મક્તબે રહમાનિયા, ઉર્દૂ બાઝાર–લાહોર)*

**હેરફેર નં. ૪ :** શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : "હુઝૂરે અકરમ ﷺનો પડછાયો ન સૂરજના સમયે પડતો, ન ચાંદના સમયે." હકીમ તિર્મિઝીએ ઝકવાન رضی اللہ عنہથી "નવાદેરુલ ઉસૂલ"માં એ જ પ્રમાણે વર્ણન કર્યું છે. *(મદારિજુન્નબુવ્વત–ફારસી, ભાગ : ૧, પેજ : ૨૬, હિ.સ. ૧૨૮૦, પ્રકાશક : નવલકિશોર–દિલ્હી)*

આ લખાણને દેવબંદી અનુવાદકે તદ્દન ઉલ્ટાવીને રજૂ કર્યું અને લખ્યું છે કે : "સહીહ વાત એ છે કે નબી علیہ الصلوٰۃ والسلامનો પડછાયો મુબારક હતો." *(મદારિજુન્નબુવ્વત, ભાગ : ૨, પેજ : ૩૫, અનુવાદક : સઈદુર્રહમાન અલ્વી, પ્રકાશક : મક્તબે રહમાનિયા, ઉર્દૂ બાઝાર–લાહોર)*

***નોંધ :** આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

### ★ દેવબંદી પેશવા થાનવી તથા અંબેઠવીની ખયાનત ! ★

શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની મશહૂર કિતાબ "મદારિજુન્નબુવ્વત"માં લખે છે : કેટલાક લોકો આ જગાએ એ શંકા લાવે છે કે અમુક રિવાયતોમાં આવ્યું છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "હું બંદો છું, હું નથી જાણતો કે આ દીવાલ પાછળ શું છે." આ વાતની કોઈ અસલ નથી અને ન તો આ પ્રકારની કોઈ સહીહ રિવાયત આવેલી છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ : ૧, પેજ : ૯, પ્રકાશક : નવલકિશોર–દિલ્હી)*

હવે જુઓ ! દેવબંદીના કુતબુલ ઈર્શાદ રશીદ અહમદ ગંગોહી તથા મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી પોતાની રસૂલ દુશ્મનીની સાબિતી આપતાં ઉપરોક્ત લખાણમાં પોતાની કિતાબમાં હેરફેર સાથે નક઼લ કરતાં લખે છે :–

શયખ અબ્દુલહક્ક઼ રિવાયત કરે છે કે, "મને દીવાલ પાછળનો ઈલ્મ નથી." *(બરાહીને ક઼ાતિઅહ, પેજ : ૧૨૧, ૧૨૨, પ્રકાશક : કુતુબખાના ઈમદાદિયહ, દેવબંદ–યુ.પી.)*

**વાંચકો !** આ વાત પર વિચારણા કરો કે શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની કિતાબમાં ઉપરોક્ત મનઘડત રિવાયતની રદ કરતાં સ્પષ્ટપણે લખે છે કે, "આ વાતની કોઈ અસ્લ નથી અને ન આ પ્રકારની કોઈ સહીહ રિવાયત આવેલી છે." પરંતુ દેવબંદી મોલ્વીઓએ શયખ અબ્દુલહક્ક઼ رحمۃ اللہ علیہના આ લખાણને નક઼લ જ ન કર્યું અને અધૂરુ લખાણ લખીને હઝરત શયખના જ લખાણથી એ સાબિત કરવાની કોશિશ કરી કે ખૂદ હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ વાતને માનનારા છે કે રસૂલુલ્લાહ ﷺને દીવાલ પાછળ નો ઈલ્મ ન હતો !

આટલા મહાન ખયાનતી દેવબંદી પેશવાઓ જ છે તો નાના શું ખેલ નહીં કરતા હોય ?!

***નોંધ :** આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

### ★ મુલ્લા અલી ક઼ારીની કિતાબમાં હેરફેર ! ★

"શરહે શિફા"માં હઝરત ઈમામ મુલ્લા અલી ઈબ્ને સુલ્તાન ક઼ારી હરવી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૦૧૪) લખે છે :–

"જો ઘરમાં કોઈ મૌજૂદ ન હોય તો તમે કહો : અસ્સલામુ અલન્નબી વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહ. કેમ કે નબી કરીમ ﷺની રૂહ મુબારક મુસલમાનોના ઘરોમાં હાજર હોય છે." *(શરહે શિફા, ભાગ : ૨, પેજ : ૧૧૮, પ્રકાશક : દારુલ કુતુબે ઈલ્મિયહ, લેબનાન)*

આ લખાણ કેમ કે દેવબંદી વહાબી અક઼ીદા પર કારમો ઘા છે જેથી દેવબંદી ખયાનતખોરોના રઈસુલ મુહર્રિફીન મોલ્વી સરફરાઝ સફદર (ગુજરાનવાલા, પાકિસ્તાન) આ લખાણનો તર્જુમો કરતાં લખે છે :–

"અસ્સલામુ અલન્નબી વ રહ્‌મતુલ્લાહિ વ બરકાતુહ એટલા માટે (ન) પઢે કે આપની રૂહ મુબારક મુસલમાનોના ઘરોમાં હાજર હોય છે." *(હઝરત મુલ્લા અલી કારી અને મસ્અલાએ ઈલ્મે ગયબ વ હાઝિરો નાઝિર, મતબૂઆ ગુજરાનવાલા, પેજ : ૩૬, મક્તબાએ સફદરિયા, ગુજરાનવાલા–પાકિસ્તાન)*

**વાંચકો વિચારે !** દેવબંદી મોલ્વીની શાને રિસાલતથી આ કેવી દુશ્મની કે હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہનું અરબી લખાણ :–

**لَا لِاَنَّ رُوْحَهٗ علیه السلام حاضر فی بیوت اهل الاسلام**

તો સહીહ લખ્યું પરંતુ તર્જુમો કરતી વખતે પોતાની બેઈમાનીથી "**ન**" શબ્દનો વધારો કરીને જાહેર કરી આપી.

હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہએ લખ્યું કે, **لِاَنَّ رُوْحَهٗ** લખ્યું "એટલા માટે પઢે કે આપ ﷺની રૂહ મુબારક મુસલમાનોના ઘરોમાં હાજર હોય છે." તો દેવબંદી મોલ્વીએ لِاَنَની સાથે لَا વધારાનું મિલાવીને લખાણનો ભાવાર્થ જ બદલી નાખ્યો.

**لاحول ولا قوة الا بالله**

આ જ દેવબંદી મોલ્વીએ પોતાની બીજી કિતાબ "તબરીદુન્નવાઝિર"માં આ જ લખાણ પોતાના તરફથી ખૂદ ઘડીને લખી પણ આપ્યું :–

**لَا لِاَنَّ رُوْحَهٗ علیه السلام حاضر فی بیوت اهل الاسلام**

"એ ખયાલ સહીહ નથી કે રસૂલે ખુદા ﷺની રૂહ મુબારક મો'મિનોના ઘરોમાં મૌજૂદ છે." પછી લખે છે કે, "અમુક નુસ્ખાઓમાં 'લા' શબ્દ છૂટી ગયો છે." *(તબરીદુન્નવાઝિર, મતબૂઆ : મક્તબે સફદરિયા, ગુજરાનવાલા–પાકિસ્તાન)*

**વાંચકો વિચારો !** આવા જૂઠ તથા બનાવટ કરનારા તેમના પેશવા છે તો નાના શું જૂઠ તથા બનાવટ ન કરે ?! અમારી આ હેરફેરિયા દેવબંદી મોલ્વીઓને ચેલેંજ છે કે તેઓ "શરહે શિફા"' અઝ : મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہનો કોઈ એક એવો કલમી નુસ્ખો અથવા છપાયેલો અસલ નુસ્ખો રજૂ કરે જેમાં لَا (લા) ના શબ્દો હોય, ખૂદ લેખકના હાથનો હોય, બાદમાં કોઈ હેરફેરિયોએ એમાં કોઈ ઘાલમેલ કરેલ ન હોય.

હકીકત તો એ છે કે સઘળા દેવબંદી આવુ કોઈ લખાણ પ્રદર્શિત નથી કરી શકતા, કેમ કે એવો કોઈ કલમી કે પ્રિન્ટેડ નુસ્ખો મૌજૂદ જ નથી.

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

### ★ કિતાબ અકીદતુસ્સલફિ અસ્હાબુલ હદીષમાં હેરફેર ★

ઈમામ અબૂ ઉષ્માન સાબૂની શાફઈ رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૪૪૯) ઈમામ જવૈનીના શાગિર્દ હતા. એમના બારામાં ઈમામ બયહકી શાફઈ લખે છે : "અબૂ ઉષ્માન સાબૂની શાફઈ પોતાના સમયના શૈખુલ ઈસ્લામ, ફકીહ, મુહદ્દિષ, મુફસ્સિર અને મુસલમાનોના ઈમામ હતા. *(તબકાતે શાફઈય્યહ કુબરા, અઝ : ઈમામ સુબકી, ભાગ : ૪, પેજ : ૨૮૮)*

ઈમામ અબૂ ઉષ્માન સાબૂની પોતાની મશહૂર કિતાબ "અલ અકીદતુસ્સલફિ અસ્હાબિલ હદીષ"માં લખે છે : "મેં હિજાઝનો સફર રસૂલુલ્લાહ ﷺના '**રોઝાની ઝિયારતની**' નિય્યતથી કર્યો."

આ લખાણ વહાબી અકીદાથી વિરુદ્ધ છે (કેમ કે તેમને ત્યાં રોઝાની ઝિયારત શિર્ક છે ! જુઓ તકવિયતુલ ઈમાન) એટલા માટે તેમણે નવા છપાયેલા નુસ્ખાઓમાં આ લખાણમાં ફેરફાર કરી નાખ્યો. નીચેના લખાણમાં અમે આ કિતાબના ત્રણ હેરફેરવાળા નુસ્ખાનું નિરીક્ષણ કરીશું.

**હેરફેર નં. ૧ :** પ્રથમ હેરફેરવાળા નુસ્ખામાં આ પ્રમાણે ફેરફાર કરી આપવામાં આવ્યો કે :–

"મેં હિજાઝનો સફર રસૂલુલ્લાહ ﷺની **મસ્જિદની ઝિયારત**ની નિય્યતથી કર્યો.

હાશિયામાં વહાબી લેખક લખે છે : "અસલ લખાણમાં રસૂલુલ્લાહ ﷺના 'રોઝાની ઝિયારત'

હતી **પરંતુ આ એક ગલતી હતી !** કેમ કે સફરની ઝિયારત કેવળ ત્રણ મસ્જિદો માટે છે.'' *(અલ્ અકીદતુસ્સલફિ અસ્હાબિલ હદીષ, પેજ : ૬, પ્રકાશન વર્ષ : હિ.સ. ૧૯૩૭, મુહક્કિક અબ્દુલ્લાહ અસ્સબત કુવૈતી, દારુસ્સફિયહ, કુવૈત)*

વહાબીઓની આ જ કુટેવ છે કે તેમણે ઈમામ સાબૂનીને શૈખુલ ઈસ્લામ રૂપે તો સ્વીકાર્યા, પરંતુ તેમના લખાણમાં ફેરફાર કરી નાખ્યો કેમ કે એ ઈબ્ને તયમિયાની માન્યતાના વિરુદ્ધ હતું કે જેના પ્રમાણે સફર કેવળ ત્રણ મસ્જિદોનો કરવામાં આવે છે. આ હેરફેર કેવળ ઈબ્ને તયમિયાના અકીદાની બરાબરી પેદા કરવા માટે કરવામાં આવી.

**હેરફેર નં. ૨ :** ત્યારબાદ આ કિતાબનો એક અન્ય વહાબી નુસ્ખો પ્રસિદ્ધ થયો જેમાં મૂળ લખાણ જેમનું તેમ યથાવત રાખવામાં આવ્યું, પરંતુ હાશિયામાં રસૂલુલ્લાહ ﷺના રોઝા મુબારકની ઝિયારત માટે સફર કરવા બદલ ઈમામ સાબૂનીની ટીકા ટીપ્પણ કરવામાં આવી. *(અલ્ અકદતુસ્સલફિ અસ્હાબિલ હદીષ, હિ.સ. ૧૪૦૪, દારુસ્સલફિયહ, કુવૈત)*

**હેરફેર નં. ૩ :** ત્રીજા બહાર પડેલ નુસ્ખામાં ઈમામ સાબૂનીના લખાણમાં ધડમૂળથી ફેરફાર કરીને આ પ્રમાણે લખાણ લખવામાં આવ્યું કે :–

''મેં હિજાઝનો સફર રસૂલુલ્લાહ ﷺની **મસ્જિદની ઝિયારત**ની નિય્યતથી કર્યો.'' *(અલ્ અકીદતુસ્સલફિ અસ્હાબિલ હદીષ, મુહક્કિક અબી ખાલિદ મજદી બિન સઅદ, પ્રકાશક : દારુત્તૌહીદ–કુવૈત)*

**વિચારો !** આ ત્રીજા નુસ્ખામાં પ્રથમ નુસ્ખાની જેમ લખાણ તો ફેરવી જ નાખ્યું પરંતુ કાંઈ નોંધ (હાશિયો) પણ નથી મારી જેથી વાંચકોને મૂળ લખાણ શું હતું તેની ખબર જ ન થઈ શકે !

***નોંધ :*** *આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

### ★ ઈમામ નવવીની કિતાબુલ અઝકારમાં ઘાલમેલ ! ★

શયખુલ ઈસ્લામ, ફકીહ મુહદ્દિષ, હાફિઝુલ હદીષ, ઈમામ નવવી શાફઈ رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૬૭૬) પોતાની મશ્હૂર કૃતિ ''કિતાબુલ અઝકાર''માં ઉતબીનો મશ્હૂર બનાવ વર્ણન કરતાં લખે છે :–

''ઉતબીએ કહ્યું, હું નબી ﷺની કબ્ર પાસે બેઠેલો હતો એવામાં એક અઅ્રાબીએ આવીને કહ્યું, અસ્સલામુ અલૈકુમ યા રસૂલલ્લાહ ! મેં અલ્લાહ ﷻનો આ ઈર્શાદ સાંભળ્યો છે :–

ولو انهم اذ ظلموا انفسهم جاؤك۔۔۔الآية અને હું આપની પાસે આવી ગયો છું અને મારા ગુનાહો પર અલ્લાહ તઆલાથી માફી ચાહું છું અને મારા રબની બારગાહમાં આપનાથી શફાઅત તલબ કરું છું. પછી તેણે બે શેઅર પઢયા :–

(અર્થ) : ''હે તે કે જમીનમાં દફન થયેલાઓમાં સૌથી બેહતર છે, જેમની ખૂશ્બૂથી જમીન તથા ટેકરીઓ ખૂશ્બૂદાર થઈ ગઈ. મારી જાન આ કબ્ર પર ફિદા થાય જેમાં આપ રહો છો. એમાં માફી છે, એમાં સખાવત છે અને લુત્ફો કરમ છે.''

પછી તે અઅરાબી જતા રહ્યા. ઉતબી વર્ણવે છે કે મારા પર ઊંઘ સવાર થઈ ગઈ અને મેં ખ્વાબમાં નબી ﷺની ઝિયારત કરી અને આપે ફર્માવ્યું, હે ઉત્બી ! એ અઅ્રાબીની પાસે જઈને તેને ખુશખબરી આપો કે અલ્લાહે એની મગફેરત કરી આપી છે. *(અલ્ અઝકાર, પેજ : ૨૬૪, દારુત્તરાષ–બૈરૂત)*

ઉપરોક્ત રિવાયતમાં વહાબીઓએ ઘણી વિવિધ તબદીલીઓ (હેરફેર) કરી છે.

દારુલ હુદા, રિયાઝે હિ.સ. ૧૪૦૯માં ''અલ અઝકાર''નો એક નુસ્ખો બહાર પાડયો જેમાં નીચે મુજબના ફેરફારો કરી નાખ્યા :–

**હેરફેર નં. ૧ :** ઈમામ નવવીએ ઉપરોક્ત બનાવ પ્રકરણ ''રસૂલુલ્લાહ ﷺની **કબ્રની ઝિયારત** તથા તેના અઝકારના બયાનમાં''ના હેઠળ લખ્યો છે. પણ વહાબી નુસ્ખામાં હેડિંગ બદલીને પ્રકરણ ''રસૂલુલ્લાહ ﷺની **મસ્જિદની ઝિયારત**

વિશે'' કરી નાખ્યું. કેમ કે વહાબી ધરમમાં રસૂલુલ્લાહ ﷺના રોઝાની ઝિયારતના માટે સફર ખેડવી જાઈઝ નથી ! એટલા માટે તેમણે પોતાના અક઼ીદાની સાબિતીની ભાંજગડમાં આ ઘાલમેલ કરી નાખી.

**હેરફેર નં. ૨ :** ઈમામ નવવી લખે છે કે જે શખ્સ પણ હજ્જ કરે તેણે **રસૂલુલ્લાહ ﷺની ઝિયારત** કરવી જોઈએ. (**يَنۡبَغِيۡ**)

વહાબી નુસ્ખામાં આ લખાણને બદલીને આ પ્રમાણે કરી દેવામાં આવ્યું : ''જાણવું જોઈએ કે જે શખ્સ પણ હજ્જ કરે તેણે **રસૂલુલ્લાહ ﷺની મસ્જિદની** ઝિયારત કરવી મુસ્તહબ (**يستحب**) છે.''

વિચારો ! **يَنۡبَغِيۡ**ને બદલીને **يستحب** કરી આપ્યું અને ઝિયારતે રસૂલુલ્લાહ ﷺને બદલીને ઝિયારતે મસ્જિદે રસૂલુલ્લાહ કરી આપ્યું.

**હેરફેર નં. ૩ :** ઈમામ નવવી આ લખાણમાં રસૂલુલ્લાહ ﷺના રોઝા મુબારકની ઝિયારત વખતે પઢવામાં આવનારી દુઆ આ પ્રમાણે લખે છે :–

''યા અલ્લાહ ! મારા પર તારી રહમતનો દરવાજો ખોલી આપ, અને તારા **નબી ﷺની ઝિયારતના** ઝરીયા મારા પર રહમ ફર્માવ.''

કહેવાતા તૌહીદ પરસ્ત વહાબીઓએ પોતાના તરફથી પ્રસિદ્ધ કરેલ એ જ કિતાબમાં આ પ્રમાણે ઘાલમેલ કરી : ''યા અલ્લાહ ! મારા પર તારી હમતનો દરવાજો ખોલી આપ અને તારા **નબી ﷺની મસ્જિદ**ની ઝિયારતના ઝરીયા મારા પર રહમ ફર્માવ.''

ન્યાયપ્રિય વાંચકો વિચારે કે અહીં **''નબી ﷺના રોઝા''**ની ઝિયારતને બદલીને **''નબી ﷺની મસ્જિદ''**ની ઝિયારત કરી આપ્યું !

**હેરફેર નં. ૪ :** ઉપરોક્ત લખાણોમાં ઈમામ નવવીએ ઉત્બીનો જે બનાવ વર્ણવ્યો છે તેને **વહાબીઓ થકી છપાયેલ નુસ્ખામાં ધડમૂળથી પૂરો બનાવ જ ઉડાડી મૂકાયો છે !**

અહીં અમે એ જણાવી દઈએ કે ઉત્બીના આ બનાવને નીચે મુજબના મુહદ્દિષો તથા મુફસ્સિરોએ પોતાની કિતાબોમાં વર્ણન કરેલ છે.

**૦૧.** ઈમામ નવવી શાફઈ (વિસાલ : હિ.સ. ૬૭૬) અલ્અઝકાર, પેજ ૨૬૪, અલ્જમૂઅ, ભાગ : ૮, પેજ : ૨૧૭, અલ્જાહ ફી મનાસિક

**૦૨.** ઈબ્ને જમાઅતુશશાફઈ (વિસાલ : હિ.સ. ૭૩૩) હિદાયતુસ્સાલિક, ૩/૧૩૮

**૦૩.** ઈબ્ને અક઼ીલ હંબલી (વિસાલ : હિ.સ. ૫૧૩) કિતાબુત્તઝકેરહ

**૦૪.** ઈબ્ને ક઼દામતુલ હંબલી (વિસાલ : હિ.સ. ૬૨૦) અલ્મુગ્ની

**૦૫.** ઈમામ કુર્તબી માલિકી (વિસાલ : હિ.સ. ૬૭૧) તફસીરુલ જામિઈલ અહકામિલ કુર્આન, ૫/૨૬૫

**૦૬.** ઈમામ સમહૂદી શાફઈ (વિસાલ : હિ.સ. ૯૧૧) ખુલાસતુલ વફા, પેજ : ૧૨૧

**૦૭.** મુફ્તીએ મક્કા શયખ અહમદ બિન ઝયની દહલાન મક્કી (વિસાલ : હિ.સ. ૧૩૦૪) ખુલાસતુલ કલામ, ૨/૨૭૪

**૦૮.** ઈબ્ને કષીર (વફાત : હિ.સ. ૭૭૪) સૂરએ નિસાઅ્, આયત : ૬૪ના હેઠળ આ રિવાયતને નક઼લ કર્યા બાદ લખે છે : શયખ અબૂ નસ્ર બિન સબાગે ઉત્બીની મશ્હૂર રિવાયતને પોતાની કિતાબ અશશામિલમાં નક઼લ કરેલ છે.

**૦૯.** ઈબ્ને કષીર, અલ્ બિદાયા વન્નિહાયા, ૧/૧૮૦

**૧૦.** ઈમામ અલ્ભૂતી હંબલી (વફાત : હ.સ. ૧૦૫૧) કશ્ફુલ ક઼નાઅ, ૫/૩૦

**૧૧.** ઈમામ તક઼ીઉદ્દીન સુબ્કી (વફાત : હિ.સ. ૭૫૬) શિફાઉસ્સિક઼ામ ફી ઝિયારતિ ખૈરિલ અનામ, પેજ : ૫૨

**૧૨.** ઈબ્ને જવઝી હંબલી (વફાત : હિ.સ. ૫૯૭) મુષીરુલ ગ્રામ અસ્સાકિન ઈલા અશ્રફિલ અમાકિન, પેજ : ૪૯૦ વધુ પેજ નં. ૪૨....૫૨



# ઈસ્લામમાં વારસાની વહેંચણી

## અને સ્ત્રીઓ પર થયેલાં એહસાનો

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** *(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામે સ્ત્રીઓને જે ઈજ્જત તથા મર્તબો આપ્યો છે તેનો જોટો કોઈ અન્ય મઝહબમાં જડવો શક્ય નથી. માનો મર્તબો ઈસ્લામમાં જે છે તે ક્યાંય નથી, બાપ કરતાંય માનો હક્ક઼ વિશેષ છે. પત્નીના હક્ક઼ો જે ઈસ્લામમાં છે તે પણ ક્યાંય નથી. એ જ પ્રમાણે વારસાઈના સંબંધે પણ મા તથા બહેનોને ઈસ્લામે જે હક્ક઼ો આપ્યા છે એનું દષ્ટાંત પણ અન્ય ઠેકાણે મળવું દુર્લભ છે. જેઓ ઈસ્લામ પ્રતિ પૂર્વગ્રહ રાખી કૂપ્રચાર કરે છે કે ઈસ્લામે સ્ત્રીઓ સાથે ન્યાય નથી કર્યો, (મઆઝલ્લાહ !) તેઓ પણ આ લેખનો અભ્યાસ કરે અને પોતાની ગલતફહમીઓને દૂર કરે.

### ★ શું તમે બહેનોને વારસાનો હિસ્સો નથી આપ્યો ?! ★

મુસલમાનો પણ વારસાની વહેંચણી કરે તો કુર્આન હદીષના આદેશ મુજબ મા તથા બહેનોના હિસ્સાની પૂરેપૂરી ગણત્રી કરીને **તેમની મિલ્કત તેમના હાથમાં થમાવે,** નહીં તો તેણીઓનો હક્ક઼ મારી ખાવાની સજા આખેરતમાં ભોગવવા તૈયાર રહે ! **કેટલાક કહે છે કે બહેનો તો પોતાનો હક્ક઼ો માફ કરી દે છે ! વાહ ! ભાઈઓ માલદાર હોય છતાં મિલ્કતો માટે ઝઘડા કરે અને બહેનો માફ કરી આપે ! બહાનાં કોઈ જાતનાં ન બનાવશો અને તેણીઓને તેમના હક્ક઼ની મિલ્કત આપી દો, નહીં તો રબના દરબારમાં સજા ભોગવવી પડશે.** કેટલાક કહે છે કે આપણે તેમની શાદીઓમાં ખર્ચા કર્યા વગેરે..... **તો ભાઈઓ ! તમારી શાદીઓમાં ખર્ચા નથી થયા ?!** એ તો તેણીનો હક્ક઼ હતો મા બાપ પર તે નિભાવાયો પણ **તેણીનો મિલ્કતમાં જે હક્ક઼ છે તે આપવો જ પડશે, નહીં તો તમો નાહક્ક઼ હરામ માલ હડપ કરનાર ઠરશો !** કેટલાક "બહેનોને ચોથાઈ" આપવી એવું કહે છે પણ **એ જેહાલત છે,** હક઼ીક઼તમાં કેટલાં ભાઈ–બહેનો છે, મા હયાત છે કે નહીં ?! તેના પ્રમાણે ગણત્રી કરીને જે ભાગ હોય તે જ આપવો. સુન્ની મુફતીને સવાલ લખીને પૂછાવી લેવો જેથી તમો ગુનેહગાર ન રહો. **જેઓએ હજી પણ બહેનોને હક્ક઼ ન આપ્યો હોય તેઓ જીવંત છે તો આપી દે, બહેનો જો હયાત નથી તો મુફ્તી સાહબને મસ્અલો પૂછીને તેના વારસોને આપી દે જેથી ક઼યામતમાં પોતે ખુશીભેર રહી શકે.**

### ★ વિશ્વના વારસાઈના ઈતિહાસનો કદરૂપો ચહેરો ! ★

ઈસ્લામના આગમન પહેલાં જે લોકો પોતાની તાક઼તને લઈને જીવનમાં દરેક ક્ષેત્રે બુરી વૃત્તિઓની હદોને પાર કરી ચૂક્યા હતા એ જ રીતે તેઓ વારસાઈના મેદાનમાં પણ ઘણા આગળ વધી ચૂક્યા હતા. મરનારે છોડેલા માલમાં કેવળ પુરૂષોનો ભાગ હતો અને એ પણ તે લોકો જે યુદ્ધના મેદાનમાં લડી શક્તા હતા. કારણ કે કમજોર, નબળા, બાળકો અને સ્ત્રીઓ જે યુદ્ધના મેદાનમાં લડી ન શકતાં એટલા માટે તેઓને મરનારે છોડેલા વારસામાંથી પણ વંચિત રાખવામાં આવતાં. નિર્લજ્જતા એટલી હદે પહોંચી હતી કે મરનારના વારસામાં તેની પત્ની પણ ભાગીદાર બની શકતી ન હતી, અને જેના ભાગમાં પણ તે જતી તે તેને પત્ની

અથવા દાસી બનાવી લેતો ભલે તે તેનો પુત્ર પણ કેમ ન હોય ! યતીમ બાળકીઓ જો માલો દૌલતની સાથે સાથે સુંદર હોતી તો દૌલતની લાલચમાં થોડીક મહેર પર તેમની સાથે લગ્ન કરી લેતા અને જો બદ્કિસ્મતીથી તેણીઓ સુંદરતાથી વંચિત હોતી તો તેનું જીવન અંધકારમાં પરિવર્તિત થઈ જતું. કારણ કે ન તો તેઓ જાતે લગ્ન કરતા અને ન તો બીજા સાથે લગ્ન કરવા દેતા, એ ભયથી કે વારસામાં બીજો કોઈ ભાગીદાર ન બની જાય ! આ રીતે યતીમ બાળકીઓની ખુશીઓ વેડફાય જતી. આ બદ્હાલી કેવળ અરબમાં જ ન હતી બલ્કે આખા જગતમાં આ વબા ફેલાયેલી હતી. ખૂદ આપણુ ભારત જેને પોતાની સંસ્કૃતિ ઉપર ખૂબ જ ગર્વ હતો તેની પરિસ્થિતિ પણ આ જ રીતની હતી. રાજાઓનું પોતાની બહેન સાથે લગ્ન કરવું એ આ બાબતનો ખૂબ જ મોટો પુરાવો છે.

## ★ ઈલ્મે ફરાઈઝનું મહત્વ અને તેની ફઝીલત ★

વારસાના ઈલ્મનો સંબંધ ફિક્હ સાથે છે, પણ આ ઈલ્મ પોતાની મહત્તા અને અગત્યતાના કારણે એક અલગ ઓળખ ધરાવે છે. ઈસ્લામે વારસાના ઈલ્મને શીખવા પર ખૂબ જ ભાર મૂક્યો છે અને તેને અડધા ઈલ્મનું સ્થાન આપ્યું છે. પહેલાં આપણે સમજી લઈએ કે ઈલ્મે ફરાઈઝ શું છે. ઈલ્મે ફરાઈઝ એટલે ઈલ્મે ફિક્હ અને ગણિતના તે કાનૂનો જાણવા જેના થકી મરનારે છોડેલ માલમાં તેના વારસદારોનો હક્ક જાણવામાં આવે. *(તફહીમુલ ફરાઈઝ, પેજ : ૩૧)*

ઈલ્મે ફરાઈઝનું શીખવું ફર્ઝે કિફાયા છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું : "ઈલ્મે ફરાઈઝ શીખો અને લોકોને શીખવાડો કારણ કે તે અડધુ ઈલ્મ છે." સૌ પ્રથમ જે ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે તે ઈલ્મે મીરાષ (વારસાઈનો ઈલ્મ) છે અને તેનાં એંધાણ પણ જાહેર થવા લાગ્યાં છે. વધુ પડતા મદ્રસાઓમાં આ વિષયની કેવળ એક જ કિતાબ પઢવામાં આવે છે જેનું નામ "સીરાજી" છે અને નવી પેઢીમાં આ વિષય પ્રતિ દિલચસ્પી ઓછી થવા લાગી છે જે ખૂબ જ અફસોસની વાત છે.

મિશ્કાત શરીફ, બાબુલ ઈલ્મ, પેજ : ૩૮માં છે : ઈલ્મે ફરાઈઝ શીખો અને લોકોને શીખવાડો કારણ કે તે અડધુ ઈલ્મ છે. અને આ ઈલ્મ ભૂલાવી દેવામાં આવશે. અને મારી ઉમ્મતમાંથી જે વસ્તુ સૌ પ્રથમ ઉઠાવી લેવામાં આવશે તે ઈલ્મે મીરાષ છે. એટલે કે ઈલ્મે ફરાઈઝ શીખો અને શીખવાડો કારણ કે હું દુનિયાથી ઉઠાવી લેવામાં આવીશ અને ફિત્નાઓ જાહેર થશે. ત્યાં સુધી કે બે માણસો ભાગીદારી બાબતે ઝઘડો કરશે અને તેમને કોઈ એવો માણસ નહીં મળી શકે જે તેમની વચ્ચે સાચો ફેંસલો કરે. બીજી એક હદીષમાં છે : ઈલ્મે ફરાઈઝ શીખો જેવી રીતે કુર્આન શીખો છો અને લોકોને શીખવાડો છો કારણ કે હું જાહેરી જીવનથી વિસાલ પામનાર છું. *(તિર્મિઝી શરીફ)*

હઝરત ઉમર رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે ફરાઈઝનું ઈલ્મ એ રીતે શીખો જે રીતે કુર્આનનો ઈલ્મ શીખો છો. હઝરત અબૂ મૂસા અશ્અરી رحمۃ اللہ علیہ ફર્માવે છે, જે માણસ કુર્આન શીખે અને ફરાઈઝ ન શીખે તે મસ્તક વિનાના માણસ જેવો છે. *(તફહીમુલ ફરાઈઝ, પેજ : ૧૭)*

## ★ ઈસ્લામમાં વારસાનો દષ્ટિકોણ કુર્આનની રોશનીમાં ★

ઈસ્લામે વિશ્વમાં પ્રગતિ કરી અને ઈલ્મની રોશની ફેલાયી અને અંધકારનાં વાદળો દૂર થઈ ગયાં, અત્યાચારનો અંત આવી ગયો અને ઈસ્લામે દુનિયા સમક્ષ એક એવો મધ્યમમાર્ગી વારસાઈનો કાનૂન રજૂ કર્યો જેનો આધાર અત્યાચાર ઉપર નહીં, બલ્કે (الاقرب فالاقرب)ને ધ્યાનમાં રાખીને તેનું બંધારણ રિશ્તેદારીઓ (સગાઈ) ઉપર રાખવામાં આવ્યું. ઈસ્લામના આ પયગામથી કેટલાયે દિલોમાં તાજગી આવી ગઈ અને ઉમ્મીદનાં કિરણો દેખાવા લાગ્યાં.

હવે આપણે કુર્આન અને હદીષની રોશનીમાં વારસદારોના હક્કોને સમજીએ. અલ્લાહ તબારક વ

તઆલા ફર્માવે છે :–

"પુરૂષો માટે ભાગ છે એમાંથી જે માતા પિતાએ છોડયું અને રિશ્તેદારો અને સ્ત્રીઓ માટે ભાગ છે જે છોડી ગયાં મા બાપ તથા સગાં." *(સૂરએ નિસાઅ, પારા : ૪, આયત : ૭)*

આયતે કરીમાનું શાને નુઝૂલ આ પ્રમાણે છે : હઝરત અવસ બિન ષાબિત અન્સારીનું મૃત્યુ થઈ ગયું અને આપે ખૂબ જ માલ વારસામાં છોડયો. આપના વારસદારોમાં એક પત્ની, ત્રણ છોકરીઓ અને બે પિતરાઈ ભાઈ હતા. જાહિલિયતના દોર પ્રમાણે તેમના પિતરાઈ ભાઈઓએ તેમના બધા જ માલ ઉપર કબજો મેળવી લીધો, અને તેમની પત્ની તથા છોકરીઓને કાંઈ પણ ન આપ્યું. તો તેમની પત્ની ઉમ્મે કમહાએ કહ્યું કે જયારે તમોએ બધો જ માલ લઈ લીધો છે તો પછી મારી છોકરીઓ સાથે લગ્ન પણ કરી લો ! તેમની છોકરીઓ સુંદર ન હતી, એટલા માટે તેઓએ લગ્નની પણ ના પાડી દીધી. તો ઉમ્મે કમહા હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયાં અને ફરિયાદ કરી અને ઉપરોક્ત બનાવ બયાન કર્યો અને કહ્યું કે હું કઈ રીતે છોકરીઓનું, પાલન પોષણ કરું અને કઈ રીતે જીવન વીતાવું ?! તો આપ ﷺ આ ફરિયાદથી ખૂબ જ પ્રભાવિત થયા અને અવસ બિન ષાબિતના ભાઈઓને બોલાવ્યા અને આનું કારણ પૂછયું તો તેઓએ કહ્યું કે અમારામાં જે મરણ પામે છે તેના વારસદારો કેવળ પુરૂષો જ બની શકે છે, સ્ત્રીઓ અને નાબાલિગ બાળકોનો તેમાં કોઈ ભાગ નથી હોતો. ત્યારબાદ આ આયત નાઝિલ થઈ :–

"અલ્લાહ તમને હુકમ આપે છે તમારી ઔલાદ વિશે, પુત્રનો ભાગ બે પુત્રીઓ જેટલો છે, પછી જો માત્ર પુત્રીઓ જ હોય, ભલે બેથી વધુ તો તેણીઓને વારસાનો બે તૃતિયાંશ ભાગ (૨/૩) અને જો એક છોકરી હોય તો તેણીને અડધો ભાગ. અને મરનારનાં મા બાપને દરેકને તેના વારસામાંથી છઠ્ઠો ભાગ જો મરનારને ઔલાદ હોય તો. અને જો તેને ઔલાદ ન હોય અને (તેણે વારસદારોમાં) મા બાપ છોડયાં તો માનો એક તૃત્યાંશ ભાગ. પછી જો તે (મરનાર)ના બીજાં ભાઈ બહેનો હોય તો માનો છઠ્ઠો ભાગ (મરનારે) કરેલી વસિયત અને કરજ ચૂકવ્યા પછી. તમારા બાપ અને તમારા પુત્રો, તમે શું જાણો કે તેમનામાં કોણ તમને વધુ કામ લાગશે. આ ભાગ નક્કી થયેલો છે અલ્લાહ તરફથી. બેશક ! અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે." *(સૂરએ નિસાઅ, આયત : ૧૧)*

કુર્આન શરીફમાં અધિક ફર્માવવામાં આવ્યું છે :–

"અને તમારી પત્નીઓ જે છોડી જાય તેમાંથી તમારા માટે અડધો ભાગ છે જો તેણીઓની ઔલાદ ન હોય. વળી જો તેઓની ઔલાદ હોય તો તેણીઓના વારસામાંથી તમારા માટે ચોથો ભાગ છે, જે વસિયત તેણીઓ કરી ગઈ તે અને કરજ (ચૂકવ્યા) પછી. અને તમારા વારસામાં સ્ત્રીઓનો ચોથો ભાગ છે જો તમને ઔલાદ ન હોય, જો પછી તમને ઔલાદ હોય તો તેણીઓને તમારા વારસામાંથી આઠમો ભાગ જે વસિયત તમે કરી જાવ અને કરજ (ચૂકવ્યા) પછી. અને જો કોઈ એવા પુરૂષ કે સ્ત્રીનો વારસો વહેંચાતો હોય જેણે મા બાપ ઔલાદ કોઈ છોડયું નથી અને મા તરફથી તેને ભાઈ કે બહેન છે તો તેમનામાં દરેકને છઠ્ઠો હિસ્સો. પછી જો તે બહેન, ભાઈ એકથી વધારે હોય તો ત્રીજા ભાગમાં બધા ભાગીદાર છે, મરનારની વસિય્યત અને કરજ કાઢીને, જેમાં તેણે નુકસાન પહોંચાડયું ન હોય. આ અલ્લાહનું ફર્માન છે અને અલ્લાહ ઈલ્મવાળો હિલ્મવાળો (ધૈર્યવાળો) છે." *(સૂરએ નિસાઅ, આયત : ૧૨)*

એક ઠેકાણે ફર્માવ્યું : "તમને ફત્વો પૂછે છે ? તમે ફર્માવી દો કે અલ્લાહ તમને 'કલાલા' (કલાલા : જે પોતાની પાછળ ન બાપ મૂકી જાય ન ઔલાદ) બાબતે ફત્વો આપે છે. જો કોઈ પુરૂષ મૃત્યુ પામે જેની ઔલાદ ન હોય, અને તેની એક બહેન હોય તો વારસામાં એની બહેનનો અડધો ભાગ છે અને પુરૂષ પોતાની બહેનનો વારસદાર થશે, જો બહેનની ઔલાદ ન હોય. વળી બે બહેનો હોય તો વારસામાં તેનો ૨/૩ ભાગ, અને જો ભાઈ બહેન હોય પુરૂષ પણ સ્ત્રીઓ પણ તો પુરૂષનો હિસ્સો બે સ્ત્રીઓ બરાબર છે,

અલ્લાહ તમારા માટે સ્પષ્ટ વર્ણન કરે છે કે ક્યાંક ભટકી ન જાવ. અને અલ્લાહ દરેક ચીજને જાણે છે." *(સૂરએ નિસાઅ, આયત : ૧૭૬)*

### ★ વારસાની વહેંચણી હદીષની રોશનીમાં ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلام વારસાના સંબંધે ઈર્શાદ ફર્માવે છે :–

**(૧)** પુત્રી માટે અડધો છે અને જે બચે તે સગી બહેન માટે છે. (આ તે સમયે છે જ્યારે બંને મૈયતનાં વારસદાર હોય). ખરા વારસદાર ભાઈઓ બનશે (જો તે મૌજૂદ હોય) તેમની હાજરીમાં સોતેલા ભાઈ (મત્રાઈ ભાઈ) વારસદાર નહીં બની શકે. પુરૂષ પોતાના ભાઈનો વારસદાર બની શકે છે. જ્યારે તે બંને એક માથી હોય (એટલે કે સગો હોય) અને જો કેવળ પિતા તરફથી હોય (એટલે કે મા સાવકી હોય) તો તે ભાઈ ભાઈનો વારસદાર નથી બની શકતો.

**(૨)** એક માણસ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે મારા પૌત્રનું મૃત્યુ થઈ ગયું છે તો તેના છોડેલા માલમાં મારો કેટલો ભાગ છે ? તો આપે ફર્માવ્યું, છઠ્ઠો ભાગ છે. જ્યારે તે જવા લાગ્યા તો આપે બોલાવીને ફર્માવ્યું, તારા માટે બીજો છઠ્ઠો ભાગ અસલ હક્કથી અધિક છે.

**(૩)** હઝરત ઉમર رضی اللہ عنہ પાસે એક દાદી આવ્યાં અને વારસાનો સવાલ કર્યો તો આપે ફર્માવ્યું, છઠ્ઠો ભાગ છે. જો બે હશે તો બંને તેમાં શરીક થશે. અને એક હશે તો છઠ્ઠો તેને પૂરેપૂરો મળશે. *(સહમાહી અમજદિયા–ઘૌસી, પેજ : ૨૪, જાન્યુઆરી, માર્ચ–૨૦૦૪)*

ઉપરોક્ત આયતો અને હદીષોમાં જે સ્પષ્ટતા સાથે મૈયતના વારસાની સ્થિતિઓ બયાન કરવામાં આવી છે જે કેવળ અને કેવળ ઈસ્લામનો જ હિસ્સો છે, **દુનિયાના કોઈપણ મઝહબમાં આનું સુક્ષ્મ દષ્ટાંત મળવું મુશ્કેલ જ નહીં અશક્ય છે !**

ખૂબ જ અફસોસ થાય છે તેઓ પર જેઓ એવો વાંધો ઉઠાવે છે કે, "ઈસ્લામે સ્ત્રીઓ સાથે ઈન્સાફથી કામ નથી લીધું ! ઈસ્લામે પુરૂષોને સ્ત્રીઓથી બમણો ભાગ આપ્યો છે, જ્યારે કે ન્યાયનો તકાઝો એ હતો તો કે બંનેને બરાબર ભાગ મળે ! કારણ કે બંને આદમની ઔલાદ છે." તેમને શું ખબર કે ઈસ્લામે વારસામાં સ્ત્રીઓને ભાગીદાર બનાવીને તેમના પર કેટલું મોટુ એહસાન કર્યું છે ! જ્યાં સુધી વાત છે ન્યાય અને બરાબરીની તો જો ન્યાયની દષ્ટિએ જોવામાં આવે તો વારસામાં સ્ત્રીઓને આ હક્ક઼ પણ ન મળવો જોઈએ, કારણ કે **સ્ત્રી જન્મથી મૃત્યુ સુધી પુરૂષની જિમ્મેદારીમાં હોય છે. એટલા માટે કે જ્યારે તે લગ્નના સંબંધથી આઝાદ હોય છે તો પોતાના પિતાની દેખરેખમાં દરેક રોજગારીની ચિંતાથી મુક્ત રહે છે અને જ્યારે લગ્નના બંધનમાં બંધાય જાય છે તો તેનું ભરણપોષણ પતિના માથે રહે છે. અને અહીં પણ રોજગારીની ફિક્રમાંથી મુક્ત રહે છે. પણ આટલુ હોવા છતાં ઈસ્લામે તેણીને મરનારના વારસામાં ભાગ આપ્યો છે, તો તેના પર આ ઈસ્લામનું એહસાન નથી તો શું છે ?** સૌથી પહેલાં વાંધો ઉઠાવનાર પોતાના મઝહબને જુએ કે તેમના ત્યાં સ્ત્રીઓના હક્કો બાબતે અને તેણીઓ પ્રત્યે તેમનો શું દષ્ટિકોણ છે ?! **તેમને ઈસ્લામની આ ઉદારતા નજર નથી આવતી કે તેણે મરનારના વારસામાં ચાર પુરૂષને ભાગીદાર બનાવ્યા છે જ્યારે કે તેની સામે આઠ સ્ત્રીઓને તેમનો હક્ક઼ આપ્યો છે જે પુરૂષોથી તો બમણો છે !**

### ★ વારસાની વહેંચણીના હુકમો ★

મૈયતે છોડેલ માલમાં વારસાનો હુકમ લગાડતા પહેલાં આટલી વસ્તુઓને ખાસ ધ્યાન રાખવી જરૂરી છે :–

**(૧)** મરનાર પર કોઈનું કરજ તો નથી ? જો છે તો પહેલાં તેના માલમાંથી કરજ અદા કરવામાં આવશે. હુઝૂર ﷺએ વસિયતથી કરજ અદા કરવાનો હુકમ આપ્યો છે. **(૨)** મરનારે કોઈના માટે વસિયત તો નથી કરી ? જો કોઈના માટે મરનારે

વસિયત કરી છે તો તે પ્રમાણે માલને તે વ્યક્તિને આપી દેવામાં આવે. ધ્યાન રહે કે વસિયત કરેલા માલનું પ્રમાણ ત્રીજા ભાગથી (૧/૩) વધારે ન હોય, જો ૧/૩થી વધારે હોય તો પણ ત્રીજો ભાગ (૧/૩) જ આપવામાં આવશે. અને યાદ રાખશો કે જેના માટે વસિયત કરવામાં આવે તેનો સંબંધ શરીઅતે જેમના હિસ્સા નિશ્ચિત કરેલા છે તેવા વારસદારોમાંથી ન હોય. (નહીં તો મૂળ કાયદા પ્રમાણે જ વહેંચાશે.)

**(૩)** મરનારના કફન દફનની વ્યવસ્થા તેના માલમાંથી કરવામાં આવશે. ત્યાર પછી જે માલ બાકી રહેશે તેના પર વારસાના હુકમો લાગુ પડશે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી માર્ચ–૨૦૧૨ના સૌજન્યથી)*

## ★ વારસાની વહેંચણીના નમૂના ★

**સવાલ નં. ૧ :** એક શખ્સ મૃત્યુ પામ્યો તેની પાછળ પાંચ છોકરા, સાત છોકરીઓ અને એક પત્ની છોડી ગયો છે તો તેના વારસાના કઈ રીતે હિસ્સા થશે ?

**જવાબ નં. ૧ :** શરીઅત પ્રમાણે આ મરનારની મિલ્કતના કુલ ૧૩૬ હિસ્સા થશે. મરનારની પત્નીને (આઠમો ભાગ) ૧૭ હિસ્સા, પુત્રીઓને દરેકને ૭–૭ હિસ્સા અને પુત્રોને દરેકને ૧૪–૧૪ હિસ્સા આપવામાં આવશે.

**સવાલ નં. ૨ :** એક શખ્સ પોતાની પાછળ છ પુત્રીઓ, ત્રણ પુત્રો અને પોતાની પત્ની છોડી ગયો છે તો તેનો વારસો કઈ રીતે વહેંચાશે ?

**જવાબ નં. ૨ :** આ મરનારની મિલ્કતના કુલ ૯૬ ભાગ થશે. મરનારની પત્નીને (આઠમો ભાગ) ૧૨ હિસ્સા મળશે, દરેક પુત્રીને ૭–૭ ભાગ મળશે અને દરેક પુત્રને ૧૪–૧૪ ભાગ મળશે. આમ કુલ ૯૬ ભાગ થયા.

**સવાલ નં. ૩ :** એક શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. તેના વારસદારોમાં ત્રણ ભાઈઓ અને નવ બહેનો હતી જેમાંથી એક બહેન બાપના મૃત્યુ બાદ મૃત્યુ પામી. આ મરનાર તેણીનો પતિ તથા એક પુત્રી હયાત છે. તો તેમના પિતાની મિલ્કત કઈ રીતે શરીઅત પ્રમાણે વહેંચવી જેથી કોઈનો હક્ક ન માર્યો જાય તે જણાવશો.

**જવાબ નં. ૩ :** આ સંજોગોમાં કુલ મિલ્કતના ૧૫ હિસ્સા કરવામાં આવશે. ત્રણેવ ભાઈઓને બે બે હિસ્સા, નવ બહેનોને એક એક હિસ્સો મળશે. પણ નવમાંથી એક બહેન જે બાપના મૃત્યુ પછી મૃત્યુ પામી તેના એક હિસ્સાના ૫૬ હિસ્સા કરવામાં આવશે તેમાંથી તેણીના પતિને ૧૪ હિસ્સા, ૨૮ હિસ્સા તેણીની પુત્રીને, મરનાર સ્ત્રીના ત્રણેવ ભાઈઓને ૨–૨ હિસ્સા અને મરનારની આઠેવ બહેનોને ૧–૧ હિસ્સો આપવામાં આવશે.

બીજા શબ્દોમાં કુલ મિલ્કતના ૮૪૦ હિસ્સા કરવામાં આવશે. જેમાંથી દરેક ભાઈને ૧૧૪ હિસ્સા, આઠ બહેનોને દરેકને ૫૭ હિસ્સા, મરનાર બહેનના પતિને ૧૪ હિસ્સા અને તેણીની પુત્રીને ૨૮ હિસ્સા મળશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૪ :** એક શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. તેની એક પત્ની તથા બે પુત્રો તથા ચાર પુત્રીઓ હયાત હતી. બાપના મૃત્યુ પછી એક પુત્રી મૃત્યુ પામી જેને એક જગાએ પરણાવી હતી ત્યાં એક પુત્રી પછી તલાક થઈ હતી તે પુત્રી ત્યાં હયાત છે. ફરી તેણીની શાદી જ્યાં થઈ હતી ત્યાં એક પુત્રી છે અને મરનારનો છેલ્લો પતિ હયાત છે. તો મરનાર બાપનો વારસો કઈ રીતે વહેંચાશે ?

**જવાબ નં. ૪ :** મરનારની મિલ્કતના કુલ ૮૩૨ હિસ્સા થશે જેમાંથી મરનારની પત્નીને ૧૧૮ હિસ્સા, બંને પુત્રોને ૧૮૨–૧૮૨ હિસ્સા અને ત્રણ હયાત બહેનોને દરેકને ૯૧–૯૧–૯૧ હિસ્સા મળશે. હવે જે બાપના મૃત્યુ બાદ મૃત્યુ પામી તે ચોથી પુત્રીની બંને ઘરની બંને છોકરીઓને દરેકને ૨૮–૨૮ હિસ્સા અને છેલ્લે જ્યાં મૃત્યુ પામી તે પતિને ૨૮ હિસ્સા મળશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ આપનાર :** હઝરત મુફતી મુહમ્મદ નસીમ સાહબ *(મુફતી : જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

# ૧૯મા ફિક્હી સેમીનારના ફૈસલા

રજૂકર્તા : **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** *(સદર મુફ્તી અશ્રફિયા–મુબારકપુર)*

અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## વર્તમાન સંજોગોમાં "કફાઅત"નો મસ્અલો
### (કફાઅત એટલે નિકાહમાં બંને પક્ષની બરાબરી)

અલ્લાહ તબારક વ તઆલાના નજીક સૌથી વધુ ઈજ્જતવાળો અને શરીફ એ છે જે સૌથી અધિક તક્વાવાળો હોય ભલે તે કોઈપણ વંશ કે જાતિથી સંબંધ ધરાવતો હોય, અને વિવિધ ખાનદાનો તથા જાતિઓમાં મનુષ્યોની વહેંચણી માત્ર આપસમાં ફરક તથા ઓળખ માટે છે. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"હે લોકો ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રીથી પેદા કર્યા અને તમને શાખાઓ અને કૂબીલા બનાવ્યા કે જેથી પરસ્પર ઓળખાણ ધરાવો. બેશક ! અલ્લાહને ત્યાં તમારામાં સૌથી વધુ ઈજ્જતવાળા તે છે જે તમારામાં સૌથી અધિક પરહેઝગાર છે. બેશક ! અલ્લાહ જાણનાર, ખબરદાર છે." *(સૂરએ હુજુરાત, આયત :૧૩)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : "તેહકીક઼ એ છે કે નજાતનો આધાર તક્વા પર છે માટે કેવળ તક્વો પૂરતો છે ભલે વંશિય ઉચ્ચતા અને ઉલૂમમાં પૂર્ણતા ન હોય અને કેવળ શરીફુલ કૌમ (ઉચ્ચ વંશવાળો) અથવા મુલ્લા સાહબ કહેવડાવવું પૂરતુ નથી જ્યારે કે તક્વો સહેજ ન હોય." હદીષ : "જેનો અમલ સુસ્ત હોય તેને તેનો નસબ તેજ નથી કરી શકતો"નો આ જ અર્થ છે. એ મતલબ નથી કે નસબની ફઝીલત શરીઅતની રૂએ સદંતર બાતિલ છે. બલ્કે શરીઅતે મુતહ્હરાએ વિવિધ હુકમોમાં નસબના ફર્કને આધારિત રાખ્યો છે. અને પાક વંશ તથા પવિત્ર નસબથી સંબંધિત હોવું જરૂર આખેરતમાં પણ નફો આપનાર છે." *(ઈરાદતુલ અદબ લિફાઝિલિન્નસબ, પેજ : ૪)*

"હા ! નસબ (વંશ) પર ઘમંડ કરવો જાઈઝ નથી, **વંશના કારણે પોતાને મોટો સમજી અભિમાન કરવું જાઈઝ નથી, બીજાઓના નસબ પર ટોણા મારવાં જાઈઝ નથી,** એમને નીચા વંશવાળા હોવાના કારણે નીચ જાણવા જાઈઝ નથી. નસબને કોઈના હક્કમાં શરમરૂપ અથવા ગાળ સમજવું જાઈઝ નથી. એના કારણે કોઈ મુસલમાનનું દિલ દુઃખાવવું જાઈઝ નથી. આ પ્રકરણમાં જે હદીષો આવે છે એનો આ જ અર્થ છે." *(ઈરાદતુલ્ અદબ લિફાઝિલન્નસબ, પેજ : ૧૩)*

આખેરતમાં ઈજ્જત અને સરબુલંદીનો આધાર ઈમાન, ઈલ્મ અને તક્વા પર છે. ઈસ્લામી દૃષ્ટિએ દુનિયામાં પણ મુસલમાનોએ ઈમાન, ઈલ્મ અને તક્વાને જ ઈજ્જત અને શરાફતનો આધાર બનાવવો જોઈએ. મુસ્લિમ સમાજમાં ઉપરોક્ત બાબતોને બિલ્કુલ ફગાવી તો ન દેવામાં આવી પરંતુ સંપૂર્ણ રીતે બાકી પણ ન રાખવામાં આવી. દરેક જમાનામાં લોકો ખાનદાન, નસબ, માલો દૌલત, વ્યવસાય તથા દુનિયાવી માન મોભાથી પણ પ્રભાવિત થતા રહ્યા અને ઘણી બાબતોમાં આ વાતોનો લેહાઝ રાખતા. એ બાબતોમાંથી એક બાબત નિકાહ પણ છે. લોકો પોતાની દીકરીઓના નિકાહ કરવા માટે એવા યુવાનોને પસંદ કરતા જે દરેક રીતે એમના બરાબર હોય. જો આવું ન કરવામાં આવતું તો તે યુવતીને જીવન

વિતાવવું મુશ્કેલ થઈ જતુ અને તેના ઘરવાળાઓ માટે શરમજનક અને સમાજ તરફથી ટીકા ટીપ્પણનું કારણ બનતુ.

હકીકતમાં ઈન્સાનો દરમિયાન જે નિકાહનો સંબંધ સ્થાપિત થાય છે તે થોડા સમય માટે નથી હોતો બલ્કે સંપૂર્ણ જીવનનો સાથ, ન કેવળ બે ઈન્સાનો સાથે, બલ્કે બે ખાનદાનોનો સંબંધ, એક નેક નસ્લની વિલાદત (પેદાઈશ), તા'લીમો તર્બિયત અને એક સારા સમાજનું ઘડતર તેનો હેતુ હોય છે. માટે ઈસ્લામી શરીઅતે પણ એ તમામ બાબતોને ધ્યાનમાં રાખી છે જે આ દુનિયવી સફરની કામયાબીમાં મદદરૂપ અથવા હાનિકારક હોય છે. કારણ કે પરસ્પર નારાઝગીની સાથે એક લાંબો સફર ન કેવળ કઠિન હોય છે બલ્કે સ્વભાવિક રીતે તેનો અંત નિષ્ફળ તા અને જુદાઈ પર થાય છે.

હવે એ જોવાનું છે કે કઈ કઈ બાબતોમાં સમાનતા તથા કફાઅતનો લેહાઝ કરવામાં આવ્યો છે અને કેટલી હદે, અને તે પણ લોકોના ઉર્ફ પર આધારિત છે. ઉર્ફ બદલાય જાય તો હુકમ પણ બદલાય જશે. હા ! દીન અને **અકીદાનું દુરુસ્ત હોવું નિકાહ સહી થવા માટે અત્યંત જરૂરી છે. સહીહુલ અકીદાનો નિકાહ કોઈ બદ્ અકીદા સાથે હરગિઝ નથી થઈ શકતો.**

જે બાબતોનો કફાઅતમાં લિહાઝ કરવામાં આવ્યો છે તે આ પ્રમાણે છે : (૧) નસબ (૨) દીનદારી અને તકવો (૩) માલો દૌલત (૪) પૈદાઈશી મુસલમાન અથવા નવ મુસ્લિમ હોવું (૫) વ્યવસાય.

**(૧)** નસબનો એ'તેબાર એ લોકોમાં છે જેમનો નસબ સુરક્ષિત છે ભલે તે અરબ હોય અથવા એ સિવાય. સામાન્યતઃ અરબ સિવાયના લોકોનો નસબ સુરક્ષિત નથી, જેમ કે ફુકહાએ કિરામે તેનો ઉલ્લેખ કર્યો છે, માટે એમનામાં નસબનો એ'તેબાર પણ નથી. હા ! એમનામાં જાતિનો એ'તેબાર થાય છે, જેની વિગત આગળ આવશે.

**(૨)** દીનદારીનો એ'તેબાર છે અને હોવો પણ જોઈએ, એટલા માટે કે એક નેક અને પરહેઝગાર માટે પોતાની દીકરી કોઈ ફાસિક, ગૈર દીનદારના નિકાહમાં આપવી લાજ અને શરમનું કારણ બને છે. પરંતુ આ વિશે હવે માહોલ બદલાય ગયો છે. હવે ફિસ્કો ફુજૂરની અધિક્તા અને દીનથી દૂરી વધતી જઈ રહી છે, સ્ત્રી, પુરૂષ સૌ આ બુરાઈમાં સપડાયેલા છે. માટે હવે નેક લોકોને પણ ફાસિકો સાથે સંબંધ કરવા પડે છે અને એને બુરું સમજવામાં નથી આવતુ. પરંતુ દીનદાર લોકોએ બને ત્યાં સુધી આ વાતનો લેહાઝ રાખવો જોઈએ અને જે ખાનદાન કે વ્યક્તિ દીનથી બેપરવા હોય એનાથી બચવું જોઈએ, નહીં તો દીનથી દૂરી અને બેપરવાઈનાં પરિણામો ઘણા જ ભયંકર અને હાનિકારક હોય છે.

**(૩)** માલો દૌલતનો એ'તેબાર માત્ર એટલી જ હદ સુધી છે કે પુરૂષ ભિખારી અથવા ઘરબાર વિનાનો ન હોય. ઈજ્જત સાથે ખાતો પીતો હોય, મહેરે મિષ્લ (તે સમય અને સ્થળમાં ચાલતુ મહેર) અને ભરણ પોષણ આપવા સમર્થ હોય.

**(૪)** પૈદાઈશી મુસલમાન પોતાની દીકરીઓના નિકાહ કોઈ નવ મુસ્લિમ સાથે કરવાને શરમજનક સમજે છે પરંતુ આની અસર ઈસ્લામ સ્વીકારવા પર પડી શકે છે, કારણ કે નવ મુસ્લિમને પોતાનો અથવા પોતાની ઔલાદનો રિશ્તો મુસલમાનોમાં ન મળે તો તે પોતાના આગલા ધર્મમાં ફરી ચાલ્યો જાય એની સંભાવના રહે છે. અથવા કોઈ ગૈર મુસ્લિમ જે ઈસ્લામ સ્વીકારવા ઈચ્છતો હોય તે આવી સ્થિતિ જોઈ ઈસ્લામ સ્વીકારવા તૈયાર નહીં થાય. માટે જરૂરી છે કે જે પણ સાચા દિલથી ઈમાન લાવે તેનું સન્માન કરવામાં આવે તથા તેના અને તેની ઔલાદના રિશ્તા માટે યોગ્ય જોગવાઈ કરવી જોઈએ અને તેને મુસ્લિમ સમાજમાં માન મોભો આપવો જોઈએ.

**(૫)** વ્યવસાય ત્રણ પ્રકારના હોય છે : ૧. **હરામ :** જેમ કે ચોરી, ડાકૂગીરી, દેહવ્યાપાર, દારૂનો વ્યાપાર, લાંચ લેવી વગેરે. ૨. **ખસીસ** : જેમ કે ટોઈલેટ, તેના ખાડા, ગંદા નાળાં વગેરે સાફ કરવાં, મુરદાર જાનવરોનાં ચામડાં સૂકવવાં, તેમાં મીઠુ ભરવું વગેરે. એવાં કામો જેમાં નાપાક અથવા

ધૃણાસ્પદ વસ્તુઓથી શરીર કે કપડાં ખરડાય, સામાન્યતઃ આવાં કામો તથા આવાં કામો કરનારને નીચ સમજવામાં આવે છે. ૩. **હલાલ અને પાક વ્યવસાય** : જેમ કે જાઈઝ વ્યાપાર, ખેતિ, જાઈઝ નોકરી વગેરે.

ત્રીજા પ્રકારના અમુક લોકોને પણ સામાન્યતઃ નીચ સમજવામાં આવતા, પરંતુ તે વ્યાપારના કારણે નહીં બલ્કે અમુક દુર્ગણોના કારણે જે એમનામાં જોવા મળતા, તે ગુણો ન હોય તો ધૃણા પણ નહીં કરવામાં આવે, ધંધા વ્યવસાયમાં કોઈ બુરાઈ નથી અને હવે તે એ સ્થિતિ છે કે દરેક જાતિના લોકો દરેક પ્રકારના વ્યવસાયથી જોડાઈ રહ્યા છે.

### ★ ઉચ્ચતા અને નીચતાનો આધાર ★

કોઈ વ્યક્તિ ઈલ્મે દીન, સિયાદત, ઉચ્ચ અખ્લાક઼ ત્રણેવ અથવા એમાંથી કોઈ બે અથવા એકથી સજ્જ હોય તો એ શરીફ (ઉચ્ચ) કહેવાશે, અને જે વ્યક્તિ હરામ અથવા નીચ વ્યવસાયથી સંબંધિત હોય અથવા તેના સંસ્કાર અને ગુણોમાં નીચતા હોય તો તે શરીફ નહીં કહેવાય. પરંતુ કફ઼ાઅતનો આધાર દુનિયવી ઉર્ફ પર છે, માટે આમ લોકોમાં એમનામાંથી કોઈ ઈજ્જતવાળો સમજવામાં આવતો હોય તો તે પણ શરીફ કહેવાશે. જેમ કે નાજાઈઝ કચેરીઓ અને જાલિમ હાકિમોના કર્મચારીઓને સામાન્યતઃ સન્માનિત સમજવામાં આવે છે.

### ★ અરબ સિવાયના લોકોમાં ક઼ૌમિયતની બુનિયાદ ★

ક઼ૌમિયત એટલે કે જાતિનો આધાર ચાર વસ્તુઓ પર છે :–

(૧) **નસબ** : જેમના નસબ (વંશાવલી) સુરક્ષિત છે એમની જાતિ એમના નસબના આધારે છે, જેમ કે સાદાતે કિરામ કે એમનો નસબ મહફૂઝ છે.

(૨) **વ્યવસાય** : જેમ કે વણકર, ભઠિયારા, દરજી વગેરે જેમનાં નામ એમના વ્યવસાય તરફ સંબંધિત છે.

(૩) **વ્યક્તિત્વ** : જેઓની જાતિ કોઈ વ્યક્તિથી સંબંધિત હોય જેમ કે ખાન.

(૪) **વતન** : જેઓ વતનથી સંબંધિત હોય જેમ કે મુગલ, નાગોરી, મારવાડી વગેરે.

### ★ નિકાહ સંબંધનો મામલો ★

વૈવાહિક જીવનની ખુશી સામાન્ય રીતે બરાબરના લોકોમાં જ જોવા મળે છે એટલા માટે એ વાતનો લેહાઝ રાખવામાં આવ્યો કે યુવતીનો નિકાહ તેનાથી બરાબરના યુવાન સાજે જ થાય.

**(૧)** વાલીઓ અને જિમ્મેદારોએ જોઈએ કે બાલિગ થવા પર ઔલાદના નિકાહમાં જલ્દી કરે. તા'લીમ પૂરી કરવા, નોકરી અને સારા રિશ્તાની તલાશ વગેરેમાં મોડુ ન કરે. કારણ કે હદીષમાં એને ફ઼િત્નો અને મોટી ખરાબીનું કારણ બતાવવામાં આવ્યું છે અને ઔલાદના નિકાહમાં જલ્દી કરવાની તાક઼ીદ કરવામાં આવી છે. માટે યોગ્ય રિશ્તો શોધી વહેલી તકે આ જવાબદારી પૂરી કરવી જોઈએ.

હદીષ શરીફ઼માં છે :–

**(૧)** હઝરત અલી كرم الله تعالى وجهه الكريم થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ અમને ફ઼ર્માવ્યું, "હે અલી ! ત્રણ બાબતોમાં મોડુ ન કરો : નમાઝમાં જ્યારે નમાઝનો સમય થઈ જાય, નમાઝે જનાઝામાં જ્યારે જનાઝો હાજર હોય, અપરિણત સ્ત્રીને જ્યારે કુફ઼ુવ (યોગ્ય પાત્ર) મળે તો એના નિકાહમાં." *(અહમદ, હાકિમ, તિર્મિઝી, બયહક઼ી, મિશ્કાત)*

**(૨)** હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે. ફ઼ર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફ઼ર્માવ્યું, "જ્યારે તમને કોઈ એવી વ્યક્તિ નિકાહનો પયગામ મોકલે જેનો દીન તથા અખ્લાક઼ તમને પસંદ હોય તો તેની સાથે નિકાહ કરી દો. જો એવું નહીં કરો તો જમાનામાં ફ઼િત્નો અને મોટી ખરાબ ઉત્પન્ન થશે." *(તિર્મિઝી, ઈબ્ને માજા)*

**(૩)** હઝરત ઉમર બિન ખત્તાબ અને અનસ બિન માલિક رضي الله عنه થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ

ફર્માવ્યું, "તવરાતમાં લખેલ છે કે જેની પુત્રી બાર વરસની થઈ જાય અને એ તેનો નિકાહ ન કરાવી દે તો એ પુત્રી કોઈ ગુનોહ કરશે તો એ ગુનાહની જવાબદારી એ પુત્રીના પિતા પર છે." *(બયહકી, મિશ્કાત)*

**(૪)** ઔલાદ સમજદાર અને બાલિગ હોય તો માત્ર પોતાની પસંદને પૂરતી ન સમજે બલ્કે મિત્રો અથવા સહેલીઓ દ્વારા ઔલાદની પસંદ પણ પહેલાં જાણી લે, જેથી બાદમાં કોઈ અણગમો ન ઉભો થાય.

**(૫)** ઔલાદને પણ પોતાના મા બાપની પસંદ પર ભરોસો કરવો જોઈએ. અથવા યોગ્ય રીતે તેમને પોતાની પસંદ બતાવી દે અને બને ત્યાં સુધી એમની ફર્માંબરદારીમાં પોતાની ભલાઈ જાણે અને તેના પર અડગ રહે.

**(૬)** અગત્યનો મસ્અલો એ છે કે જો આકિ઼લા, બાલિગા યુવતી પોતાના વાલીઓ અને જિમ્મેદારોની મરજી વિરુદ્ધ કોઈ બીજી જાતિમાં અથવા ગૈર કુફૂથી જે આકિ઼લ, બાલિગ, મુસલમાન હોય એની સાથે પોતાનો નિકાહ કરી લે તો આવો નિકાહ થશે કે નહીં ?

ફુક્હાએ મુતઅખ્ખિરીનએ ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી હસન બિન ઝિયાદની રિવાયતે નાદિરા પર અમલ કરતાં એ ફત્વો આપ્યો છે કે આવો નિકાહ થશે નહીં, કારણ કે ગૈર કુફૂ સાથે નિકાહ કરવાથી વાલીઓની બદ્‌નામી થાય છે અને પછી તેની ભરપાઈ પણ થઈ નથી શકતી, એટલે કે કા઼ઝી સમક્ષ ચૂકાદો રજૂ કરી નિકાહ રદ કરાવવું ઘણુ જ મુશ્કેલ હોય છે.

પરંતુ હવે સ્થિતિ એ છે કે કોલેજોની યુવા યુવતીઓની ભેળસેળવાળી તા'લીમ, મોબાઈલ વગેરેથી વધતા જતા સંબંધો, કલબો અને ચોપાટીઓ પર આઝાદીની સાથે હરવુ ફરવું અને બીજી ઘણી બધી બુરાઈઓના કારણે યુવા યુવતીઓ પોતાનો નિકાહ પોતે જ કરી લે છે. પછી કોર્ટ દ્વારા તેને કા઼યદેસર પણ બનાવી લેવામાં આવે છે અને મા બાપ તથા ખાનદાનથી અલગ આઝાદ જીવન વિતાવે છે. વાલીઓ પોતાની અથવા સમાજ અથવા કા઼નૂનની શક્તિ વગેરે કોઈપણ રીતે તેમને અલગ નથી કરાવી શકતા. જાહેર છે કે જ્યારે એમનો નિકાહ થતો જ નથી તો એમની પરસ્પર જિંદગી જીવનભર હરામકારીમાં પસાર થશે અને જાહેર છે કે ઔલાદનું જીવન હરામકારીમાં વ્યતિત થશે. તો તેનું નુકસાન અને તેના કારણે પેદા થતી બદનામી ગૈર કુફૂમાં થતા નિકાહની બદનામી કરતાંય ઘણી જ વધારે છે.

મૂળ હનફી મઝહબ અને ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી નક઼લ થયેલ રિવાયતે ઝાહેરા મુજબ આકિ઼લા, બાલિગા પોતાનો નિકાહ વાલીની ઈજાઝત વગર ગૈર કુફૂમાં કરે તો નિકાહ થઈ જશે અને વાલીને અધિકાર રહેશે કે કા઼ઝીને ત્યાં ચૂકાદો રજૂ કરી આ નિકાહ રદ કરાવી દે.

આ મૂળ મઝહબથી વિપરિત મુતઅખ્ખિરીને જે મસ્લેહતના લીધે રિવાયતે નાદિરા મુજબ ફત્વો આપ્યો છે આજે એ મસ્લેહતની પ્રાપ્તિ અને નુકસાનથી બચાવ કોઈ પણ રીતે જોવા નથી મળતાં, માટે આજની સ્થિતિ એવી છે કે હવે મૂળ મઝહબ તરફ રુજૂઅ કરી રિવાયતે ઝાહિરા પર અમલ કરતાં એ હુકમ આપવામાં આવે કે **આકિ઼લા, બાલિગા યુવતી વાલીઓની ઈજાઝત વિના ગૈર કુફૂ મુસલમાન સાથે પોતાનો નિકાહ કરી લે તો એ નિકાહ જાઈઝ અને દુરુસ્ત થશે.** આ રિવાયત પર અમલ કરવા અને ફત્વો આપવામાં આકિ઼લા, બાલિગાને તેની અંગત બાબતોમાં તેનો હક્ક઼ પણ આપવું છે અને ઔલાદને જીવનભર હરામકારીના ગુનાથી બચાવવું પણ છે.

સેમીનારમાં સામેલ ઉલમાએ કિરામે ઘણા વિચાર વિર્મશ બાદ એ ફેંસલો કર્યો કે હવે અસ્લ મઝહબ અને રિવાયતે ઝાહેર મુજબ ફત્વો આપવામાં આવશે અને એમાં જ ભલાઈ છે. (વલ્લાહુ તઆલા અઅ્‌લમ)

આવા જ એક મસ્અલામાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہની એ રિવાયત જેના મુજબ ફત્વો આપવામાં આવે છે એનાથી વિપરિત ઈમામે આ'ઝમ رضی اللہ عنہના ઝાહેર

મઝહબને ઈખ્તેયાર કર્યો છે. આ મસ્અલો સ્પિ્રટ મિશ્રિત ખાંડની પડીકીના પાક અને નાપાક હોવા વિશે છે. ફત્વાનો સાર આ પ્રમાણે છે :–

''ખાંડની પડીકીને સ્પિ્રટના રંગમાં બોળવું જો શરઈ તૌર પર સાબિત પણ થઈ જાય તો પણ લગભગ હિંદુસ્તાનવાસીઓ તેને પોતાના રોજીંદા જીવનમાં વાપરે છે અને તેથી તેમના માટે આ પડીકીથી બચવું બહુ જ મુશ્કેલ છે, તેના સિવાય જે કારણોસર પછીના મુફતીઓએ ઈમામે આ'ઝમના મઝહબના બદલે ઈમામે મુહમ્મદના ક઼ૌલ પર ફત્વો આપ્યો, તે કારણ પણ વર્તમાનકાળમાં ગાયબ છે, તેના લીધે આજના યુગ પ્રમાણે ફત્વો ઈમામે આ'ઝમના મઝહબ મુતાબિક઼ આ પ્રમાણે હોવો જોઈએ કે સ્પિ્રટના રંગમાં રંગેલી પડીકીને વાપરવામાં વાંધો નથી. *(ફતાવા રઝવિય્યહ્‌ના લખાણનો ખુલાસો)*

આ ફત્વો ઉપરોક્ત વર્ણન થયેલ કુફૂના મસ્અલાનું દષ્ટાંત એ રીતે છે કે જે રીતે આ મસ્અલામાં સામાન્યતઃ અધિક્તમ લોકોના સપડાયેલ હોવાના કારણે ગુનાહથી બચવું મુશ્કેલ છે એ જ રીતે કુફૂના મસ્અલામાં પણ માહોલની આઝાદી અને ક઼ાનૂની દબાવના કારણે ગુનાહથી બચવું મુશ્કેલ છે, બંને મસ્અલામાં સામ્યતા ગુનાહથી બચવાનું મુશ્કેલ હોવું છે.

જેમ પડીકીથી નાપાકીના મસ્અલામાં મસ્લેહત જાહેર મઝહબથી રુજૂઅ કરવાનો તકાદો કરે છે એવી જ રીતે કુફૂના મસ્અલામાં મસ્લેહત અસ્લ મઝહબ તરફ રુજૂઅનો તકાદો કરે છે અને રિવાયતે નાદિરાના મુજબ અમલ કરવામાં મસ્લેહતની પ્રાપ્તિ અને ખરાબીથી બચાવ બંનેવ મળતાં અને રિવાયતે ઝાહેરા પર ઘણા ફુક઼હાએ ફત્વો આપ્યો અને તેને રાજેહ તથા દુરુસ્ત કહેવું, અને પોતે આપણા ઈમામે ષાની ક઼ાઝીયુલ કુઝાત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہએ પણ તેને જ અધિક સાવચેતીપૂર્ણ બતાવ્યું. પછી ઈમામ સરખસીના જમાના સુધી સર્વ ફુક઼હાએ આ જ ઝાહિર્રુરરિવાયત મુજબ ફત્વો આપ્યો અને અમલ કર્યો. (વલ્લાહુ તઆલા અઅ્‌લમ) *(અશ્રફિયા, માર્ચ–૨૦૧૨, મુબારકપુર) .....ક્રમશઃ*

પેજ નં. **૩૨** નું ચાલુ...

**૧૩.** ઈબ્ને હજર હયતમી (વફાત : હિ.સ. ૯૭૪) અલજવાહિરુલ મુનઝ઼્ઝમ

**૧૪.** ઈમામ અલ્બાજી માલિકી (વફાત : હિ.સ. ૪૭૪) સુનનુસ્સાલિહીન વ સુનનિ આબિદીન

**૧૫.** ઈમામ ષઅલ્બી (વિસાલ : હિ.સ. ૪૨૭) તફસીરે કશ્ફુલ બયાન

**૧૬.** ઈબ્ને નજ્જાર હંબલી (વિસાલ : હિ.સ. ૬૪૩) અખ્બારુલ મદીના–૧૪૭

**૧૭.** ઈમામ આલૂસી હનફી (વિસાલ : હિ.સ. ૧૨૭૦) તફસીરે રૂહુલ મઆની, ૪/૭૦

**૧૮.** શયબ અબૂ નસ્રુદ્દીન અલ્સબાગ઼, અશમામિલ (જેવું કે ઈબ્ને કષીરે વર્ણવેલ છે)

**૧૯.** ઈમામ માવર્દી (વિસાલ : હિ.સ. ૪૫૦) અલ અહકામુસ્સુલ્તાનિયા

**૨૦.** ઈમામ બયહક઼ી શાફઈ (વિસાલ : હિ.સ. ૪૫૮) શોઅબુલ ઈમાન

**૨૧.** ઈબ્ને અસાકિરે શાફઈ (વિસાલ : હિ.સ.૫૭૧) તારીખે દમિશ્ક઼, ૨/૪૦૮

**૨૨.** ઈમામ ક઼સ્તલાની શાફઈ (વિસાલ : હિ.સ. ૯૨૩) મવાહિબે લદુન્નિયા

**૨૩.** ઈમામ અબૂ હૈયાન ઉન્દલુસી (વિસાલ : હિ.સ. ૭૪૫) તફસીરુલ બહરિલ મુહીત

**આટલી કિતાબોમાં આ દર્શાવેલા વિવિધ મુહદ્દિષો, મુફસ્સિરોએ એ રિવાયત પ્રથમ જે વર્ણન કરી તેવી જ નક઼્લ કરેલી છે પણ વહાબીઓની રસૂલ દુશ્મની જેઓ કે અસલ કિતાબોમાં કેવી ઘાલમેલ કરી રહ્યા છે ?!** (અલ્લાહની પનાહ !)

***નોંધ*** *: આ દરેક હેરફેરની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો. ..........ક્રમશઃ*

# ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

## થકી થયેલ કામો તથા તેનું રિઝલ્ટ !

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(પ્રમુખ : ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા)*

**કામ વો લે લીજીયે તુમકો જો રાઝી કરે-ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ**

ઈ.સ. ૧૯૯૫થી **''ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા''**ની સ્થાપ્ના થઈ જેનું **બંધારણ** જે જાહેર કરાયું તેમાં વલસાડ જિલ્લાથી પંચમહાલ સુધી **ગરીબ આબાદીઓમાં મદ્રસા-મસ્જિદનું સંચાલન** તથા **ગરીબ, યતીમો, બેવાઓ, ગરીબ સાદાતોને મદદ.** આ **''મેઈન મુદ્દો''** હતો જેને અનુસરીને અત્યાર સુધીમાં શરૂમાં........

- **૨૫**થી લઈને વધુમાં વધુ **૨૪૦** મદ્રસાઓનું સંચાલન વર્ષભર થતુ રહ્યું (હાલ : અનિવાર્ય સંજોગોમાં **૧૧૦** જ મદ્રસા સંચાલન હેઠળ છે).
- તેમજ વધઘટ સાથે વરસ દરમ્યાન આ વરસોમાં ૧૫૦થી ૪૫૦ સુધી સંખ્યામાં દર વરસે ગરીબોને મદદ થતી રહી. **૪૦-૪૨** બેવાઓને દર વરસે ફિક્સ સહાય જતી હતી. ગરીબ વિદ્યાર્થીઓને મફતમાં નોટબૂકો પણ આપેલી છે.
- જામિઆ અશ્રફિયા-મુબારકપુર તથા ઓઝાગંજ ખાતે પઢતા ''ગુજરાતી'' તલબાને મંથલી તેમજ જામેઅ અઝહર-મિસર પણ સહાય સતત કરવામાં આવી.
- ક્રાંતિકારી માસિક **''બરકાતે ખ્વાજા''**ની સુન્ની જાગૃતિની કામગીરી તો આપની નજરો સમક્ષ જ છે જે **૫૦૦ મસ્જિદો** પર **ફ્રી**માં જાય છે.
- જરૂરતવાળા સ્થળોએ લગભગ **૩૦** પાણીના બોરીંગ થયાં.
- એક ગરીબ વિદ્યાર્થીને ડેન્ટીસ્ટ બનવા માટે રૂા. ૬૦,૦૦૦/- પાંચ વર્ષ સુધી દર વર્ષે (કુલ રૂપિયા ત્રણ લાખની) સહાય એક સખીદાતા પાસેથી અપાવવામાં આવી.
- **૬૫** સ્થળોએ મસ્જિદ-મદ્રસા બાંધકામમાં ક્યાંક પૂરે પૂરી ક્યાંક આંશિક સહાય થતી રહી.
- અને ''SDI સાર્વજનિક દવાખાના'' હાજીખાં બજાર ભરૂચ ખાતે અત્યાર સુધીમાં હજારો ગરીબ પેસન્ટોની સારવાર થઈ.
- ખાસ તો જ્યાં આગળ સુન્ની મસ્જિદ ઉભી કરવામાં શરૂઆતનું કામ કઠિન હોય ત્યાં ખાસ પ્રશ્ન જમીન ખરીદીનો તે આપણા મિશન થકી કેટલાયે સ્થળોએ હલ થયો છે. કેમ કે **ગૈર સુન્નીઓ મસ્જિદ થવા જ ન દે તેવી જગાએ સાવધાનીથી મસ્જિદના પાયા આપણા આ મિશને અલ્લાહની મદદથી નાખ્યા છે.** જેને વિગત જાણવાની ઈચ્છા હોય તે અમારો સંપર્ક કરે. આજે ત્યાં આલીશાન મસ્જિદ મદ્રસા સુન્નિયતના કિલ્લારૂપ ચાલી રહ્યા છે.
- ઉપરાંત ઈ.સ. ૨૦૦૧ના **કચ્છ ભૂજ ધરતીકંપ**માં રૂબરૂ નિરીક્ષણ કરીને **Rs. 5,58,624/-**ની ખાદ્યસામગ્રી, વાસણ, કપડાં વગેરેની સહાય મોકલી તેમજ એ ધરતીકંપમાં જંબુસર તાલુકાના અસરગ્રસ્તોને પણ **Rs. 3,91,500/-**ની સહાય કરી હતી.
- તેમજ **સમૂહ લગ્નો** તા. ૨૫-૨-૨૦૦૧ અને ૨૩-૫-૨૦૦૧ના થયાં જેમાં કુલ **૧૬** જોડાંની શાદીઓ કરાવી હતી. પણ પાછળથી કેટલીક બાબતો અમને અનુકૂળ ન જણાતાં ફરી નથી કર્યાં અને શાદીમાં ગરીબોને ડાયરેક્ટ સહાય ચાલુ રાખી હતી.
- તેમજ ચાર વરસ પહેલાં સૂરત ભરૂચ ખાતે **નદીના પુરથી નુકસાન થતાં** રૂબરૂ પહોંચીને અભ્યાસ કરીને કુલ **Rs. 8,67,400/-**ની સહાય

જે તે સમયે કરવામાં આવી હતી.

- તેમજ **ઈ.સ. ૨૦૦૨ના ભયાનક કૌમી રમખાણોમાં** પણ પંચમહાલ તરફ તથા અંકલેશ્વર, રાજપારડી વગેરે ખાતે રૂબરૂ સ્થિતિ જોઈને લગભગ સાતેક લાખની સહાય કરી હતી. આ બધું અલ્લાહને ખાતર મુસ્લિમોની લાગણીમાં આપના જેવા સહાય કરનારા સખીદાતાઓની સહાયથી જ થયું હતું. અલ્હમ્દુલિલ્લાહ !

અન્ય ફિર્કાવાળા (વહાબી, દેવબંદી, મૌદૂદી)ઓ થકી ક્યાંક તો ૨૧ વરસ, ક્યાંક ૧૦ વરસથી ક્યાંક એથી ઓછાં વરસોથી મસ્જિદ–મદ્રસા પર સુન્ની ગામોમાં લગભગ ૫૫–૬૦ જગાઓએ કબજો હતો ત્યાંથી **વહાબી ઈમામો હટાવી સુન્ની ઈમામો રાખ્યા** કે રાખવામાં સહકાર કર્યો, તબ્લીગઢોંગીઓની ધોકાબાઝ **જમાઅતો આવતી બંધ** કરી તેની વિગત આ પ્રમાણે છે : **જંબુસર તાલુકામાં** : ૫ ગામોએ. **ભરૂચ તથા વાગરા તાલુકામાં** : ૧૨–સ્થળોએ. **આમોદ તાલુકામાં** : ૨–સ્થળોએ. **કોસંબા સાઈડમાં** : ૨ સ્થળોએ, **કરજણ તાલુકામાં** : ૩–સ્થળોએ. **પાદરા તાલુકામાં** : ૨–સ્થળોએ. **શિનોર તાલુકામાં** : ૨–સ્થળે. **તીલકવાડા તાલુકામાં** : ૯–સ્થળોએ. **ડભોઈ તાલુકામાં** : ૨–સ્થળોએ. **નસવાડી તાલુકામાં** : ૧–સ્થળે. **બોડેલી તાલુકામાં** : ૧–સ્થળે. **આણંદ, ખેડા, બોરસદ, મહેમદાવાદ ખાતે** : ૧૫ ઉપરાંત સ્થળોએ. **ઝઘડિયા તાલુકામાં** : ૨–સ્થળોએ. તે ઉપરાંત પણ સુન્નિયતની રક્ષા માટે આ ક્ષેત્રે કાર્યવાહી સતત ચાલી રહી છે.

તેમજ ''સુન્ની દા'વતે ઈસ્લામી'' થકી દર વર્ષે ભરૂચ સબજેલ પાસે વાર્ષિક સુન્ની ઈજતેમાની સાથોસાથ અન્ય દીનો સુન્નિયતની તબ્લીગનાં કામો કરવામાં આવ્યાં અને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે ''તર્બિયતી સેન્ટર'' ચલાવ્યું (જે હાલ બંધ છે) જેમાં ગુજરાત ઉપરાંત, કેરાલા, કર્નાટક, મહારાષ્ટ્ર, ઝારખંડ.... વગેરે રાજ્યોમાંથી તલબા આવીને મુબલ્લિગ બન્યા ત્યાં ''સુન્ની દા'વતે ઈસ્લામી''ની શાખાઓ સ્થાપી, તેઓએ જ ત્યાં દીની દુનિયવી શિક્ષણ સાથે સ્કૂલો મિડિયમ ઈંગ્લિશની સ્થાપી, દારુલ ઉલૂમો સ્થાપ્યાં. જેની સચ્ચાઈ જાણવી હોય તે અમારો સંપર્ક કરે તો તેમનાં નામ એડ્રેસ, ફોન નંબરો મળશે. **આ સુન્નિયતની જાગૃતિ તથા ઉમદા રિઝલ્ટ ન કહેવાય ?** ભલે ગુજરાત બહાર પણ છે તો સુન્નિયતનું જ કામ છે ને ?! જો બિહાર યુપીવાળાએ ગુજરાતીઓને પઢાવ્યા ન હોત તો આજે ઈલ્મની આ રોશની ગુજરાતમાં પણ ક્યાંથી હોત ?! જેથી કોઈ પક્ષપાત વિના દયાદરા મિશને સુન્નિયતનું કામ કર્યુ છે. અને ''સુન્ની દા'વતે ઈસ્લામી''ની શાખાઓ ભરૂચ તાલુકામાં, જંબુસર તાલુકામાં, ભાવનગર, પાલીતાણા, ધોરાજી, દાહોદ, હાડગુડ, આણંદ, સૂરત, વડોદરા વગેરે **પોતાની હૈસિયત પ્રમાણે હજારો વિઘ્નો વચ્ચે કામ કરે જ છે.** અલ્હમ્દુલિલ્લાહ!

એટલુ જરૂર હશે કે **અર્વાચીનકાળમાં ચાલતી કામોનો શો કરી કાગનો વાઘ બનાવવાની ઢબ અમે અપનાવી ન હતી ! જેનાથી અમુકને અમારી કાર્યવાહી નાપસંદ પડી હોય અને ''રિઝલ્ટ નથી'' એવું કહે તો અલગ વાત છે.** બસ ! આપ લોકોને વિનંતિ કે ફક્ત ખુદાની રઝા ખાતર શક્ય તે સાથ આપશો.

આજે પણ આ જ બંધારણ અને આ જ મુદ્દાઓ પર **''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''** કામ કરે છે અને કરશે, ઈન્શાઅલ્લાહ ! તો સર્વ સુન્ની જગતને અમારી આજીજીભરી અપીલ છે કે કોઈ ગલતફહમી હોય તો ડાયરેક્ટ ખુલાસો મેળવશો અને કેવળ અલ્લાહને રાજી કરવા ખાતર **લિલ્લાહ, ઝકાત, ઉશ્ર, સદકા, ફિત્રા, નઝરો નિયાઝની રકમ નીચેના સરનામે પહોંચે તે રીતે મોકલી** ઉપરોક્ત કામો માટે સહાય કરશો. સંપર્ક કરો :–

**ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**

**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ જશ્ને શાદી મુબારક ★

**જંબુસર** : ખાતે મલેક ઈકબાલ રૂસ્તમહુસૈનના નેક ફરઝંદ મુહમ્મદ સમીરની નિકાહખ્વાની તા. ૨–૬–૨૦૧૨ શનિવારે જંબુસરના મલેક ઝહીર રૂસ્તમહુસૈન બેન્ડવાલાની નેક દુખ્તર તસ્લીમા સાથે રાખવામાં આવી. મુબારકબાદ ! દુલ્હા–દુલ્હન, કુટુંબીજનોને રબ તઆલા આબાદ રાખે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**આમોદ** : (જિ. ભરૂચ)ના હાજી મુહમ્મદ સિદ્દીક઼ આદમ પટેલના નેક ફરઝંદ તૌસિફની શાદી કુડચણ મુક઼ામે તા. ૧૦–૬–૨૦૧૨ રવિવારે મર્હૂમ સુલેમાન ઈસપ પટેલની નેક દુખ્તર અજમીન સાથે રાખવામાં આવી. સલાતો સલામ સાથે સાદાત, હાફિઝો, આલિમોની હાજરીમાં સરઘસ નીકળ્યું હતું અને હઝરત મૌલાના સૈયદ મન્સૂરઆલમ રઝવી સાહબે નિકાહ પઢાવ્યા હતા. એ જ પ્રમાણે તા. ૧૦–૬–૨૦૧૨ સોમવારે ભરૂચ મુક઼ામે બીજા નેક ફરઝંદ રઈસના નિકાહ મુહમ્મદ આદમ નવાબ (નેશનલ પાર્ક)ની નેક દુખ્તર યાસ્મીન સાથે થયા હતા. મંગળવાર તા. ૧૨–૬–૨૦૧૨ના રોજ વલીમો રાખવામાં આવ્યો હતો. દુલ્હા દુલ્હન તથા સૌ કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

**જૂનાગઢ** : થી જનાબ મેહબૂબભાઈ ભીખુભાઈ શેખ જણાવે છે કે તેમના નેક ફરઝંદ મુહમ્મદ રિઝવાનના નિકાહ જનાબ નાસિરખાન આમનખાન પઠાણ નવાગઢવાળાની નેક દુખ્તર નાઝીયાબાનુ સાથે મુ. તા. ૧૨–રજબ હિ.સ. ૧૪૩૩, અંગ્રેજી તા. ૩–૬–૨૦૧૨ના રોજ નવાગઢ રાખવામાં આવ્યા. એ નિમિત્તે તા. ૧–૬–૨૦૧૨ના રોજ નઅત શરીફનો અને ૨–૬–૨૦૧૨ના રોજ તકરીરનો પ્રોગ્રામ રાત્રે નસીબા હોલ–જુનાગઢ ખાતે રાખવામાં આવેલ છે. (મુબારકબાદ !) *–તંત્રી*

**નબીપુર** : ખાતે હાજી આદમ હાજી અહમદ ડેમા (ભીખાભાઈ)ના નેક ફરઝંદ ઈસ્માઈલની શાદી લિંબાયત સૂરત નિવાસી રશીદભાઈ યૂસુફભાઈ પટેલની નેક દુખ્તર સાઈના સાથે વલણ મુક઼ામે તા. ૧૦–૬–૨૦૧૨ રવિવારે રાખવામાં આવી. (મુબારકબાદ !) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંબુસર** : ખાતે હઝરત સૈયદ હશ્મતઅલી મુઝફ્ફરઅલી સાહબની દુખ્તરે નેક અખ્તર શહેનીલાની નિકાહખ્વાની તા. ૨૭–૫–૨૦૧૨ રવિવારે (ઝોહર બાદ જુમ્આ મસ્જિદ પાસે) રાજપીપળાના રહેવાસી જનાબ સૈયદ સઈદુદ્દીન મુહમ્મદ સાહબના નેક ફરઝંદ મુહમ્મદ જુનૈદ સાથે રાખવામાં આવી. એના નિમિત્તે ૨૬–૫–૨૦૧૨ના રાત્રે મેહફિલે નઅત સજાવવામાં આવી હતી. જનાબ હશ્મતબાપુ તેમજ દુલ્હા–દુલ્હન અને બંનેવના કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ ઉપરોક્ત સર્વે જોડાંને સલામત રાખે, અને બંને જહાનની નેઅમતોથી માલામાલ ફર્માવે. (આમીન) *–તંત્રી*

### ★ ઈન્તેકાલે પુરમલાલ ! ★

**શીલ** : (જિ. જુનાગઢ) ખાતે તા. ૨૭–૫–૨૦૧૨ના રોજ શીલ જામા મસ્જિદના ખતીબો ઈમામ જનાબ મૌલાના અબ્દુલ હબીબખાન નાંદરખીવાળાના બાઈકને ટ્રક સાથે ગમખ્વાર અકસ્માત થતાં આપનો ઈન્તેકાલ થયો છે. મર્હૂમની દફનવિધિમાં મોટી સંખ્યામાં લોકો શરીક થયા હતા અને ઝિયારતમાં ઘણા આલિમો, હાફિઝો તથા ચાહકોએ હાજરી આપી હતી. રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *તંત્રી*

**ઝારખંડ** : જનાબ ક઼ારી મુબારક હુસૈન સાહબ (ઉસ્તાદ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)ના દાદા રમઝાનઅલી ઉર્ફે રાજનમિયાં તા. ૫–૬–૨૦૧૨ના રોજ ઝારખંડ જિ. જામતાળા ખાતે ઈન્તેકાલ કરી ગયા. રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. (આમીન) *–તંત્રી*

## ★ જુનાગઢમાં સમૂહ શાદીનો પ્રોગ્રામ ★

**જુનાગઢ** : તા. ૧૫–૪–૨૦૧૨ રવિવારે સવારે ૯.૦૦ કલાકે જમાલવાડી મસ્જિદે કરીમા કંપાઉન્ડમાં સંજરી સોશ્યલ ટ્રસ્ટ તરફથી સાતમી (૧૨) સમૂહ શાદી (ઈજતેમાઈ નિકાહ)નું શાનદાર આયોજન શરીઅત મુજબ ખાનકાહે રઝવિય્યહ્ ગાદીનશીન ગુલેગુલઝારે સુન્નિયત, પીરે તરીક્ત હઝરત અલ્લામા અશ્શાહ ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવીના પ્રમુખ સ્થાને આયોજન કરવામાં આવેલ જેમાં ઉલમાએ કિરામ, સાદાતે એઝામ તેમજ સમાજના આગેવાનો, ડોકટરો, વકીલો, વરીષ્ઠ પત્રકારો વગેરે ઉપસ્થિત રહેલ તેમ સંજરી સોશ્યલ ટ્રસ્ટના પ્રમુખ અ. વહાબભાઈ અ. રજાકભાઈ કુરૈશીની યાદી જણાવે છે.

*–(પ્રમુખ) : અ. વહહાબભાઈ અ. રજાકભાઈ કુરૈશી*

## તામીરે મસ્જિદ માટે મદદની અપીલ

**નવી સાયર (તા. કરજણ)** : "મદીના મસ્જિદ"ના બાંધકામમાં આપ સૌને નમ્ર અપીલ કરવામાં આવે છે કે આપની નેક કમાઈમાંથી જે બને તે રકમ, ઈંટ, સિમેન્ટ, કપચી, રેતી, સલ્લી, મારબલ, બારી દરવાજા.... વગેરેની જરૂર છે તો ઈમદાદ આપી અને આપના દોસ્ત બિરાદરો પાસેથી અપાવી સવાબે દારૈન હાંસલ કરશોજી. લિ. મદીના મસ્જિદ ટ્રસ્ટ (પ્રમુખ: અશરફભાઈ નીવાજભાઈ ગરાસીયા, મો. ૯૮૭૯૧૫૧૩૦૬, ૯૮૭૯૧૫૮૭૯૫)

**A/c. No. : 455902010980723** (રારોદ યુનિયન બેંક)

**વેરાવળ** : ખાતે **"મસ્જિદે મુસ્તફા"**ના બીજા માળનું કામ ચાલે છે. એક વરસમાં રૂા. ૨૫ લાખનું કામ થઈ ગયું, મસ્જિદનું ૬૧૦૦ સ્કવેર ફૂટમાં કામ ચાલે છે, આસપાસ ગરીબ વસ્તી છે જેથી સખીદાતાઓ પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે બારી, દરવાજા, ટાઈલ્સ, મારબલ, રેતી, સિમેન્ટ, લોખંડ વગેરે આપી આપી અપાવી સહકાર કરે.

સંપર્ક કરશો :– મૌલાના અહમદ નૂરી **Mob. : 99246 95822, 92753 23486**
(**HDFC A/c. : 02301000036136** સરફરાઝ અ. કરીમ)

**ખાંડબારા** : તા. નવાપુર, જિ. નંદરબાર (મહારાષ્ટ્ર) "રઝા એ ગૌષિયા જામા મસ્જિદ"નું તામીરી કામ ચાલે છે. અંદાજિત ખર્ચ **રૂા. ૧ કરોડ ત્રીસ લાખ** થાય છે. તો આપ સખીદાતાઓને નમ્ર અપીલ છે કે અલ્લાહના ઘરમાં ઈંટો, રેતી, કપચી, સળીયા, સિમેન્ટ તથા જરૂરી સામાન આપી અપાવી જન્નતમાં ઘર બનાવશો. **મદદ મોકલવાનું સરનામુ :–**

રઝાએ ગૌષિયા જામા મસ્જિદ, **BOB : IFSC CODE : BARBOKHADHU,**
**A/c. No. : 11170200000012 Contact Mob. No. 0923496784, 09404575486**

### :: મદ્રસા માટે અપીલ ::

**વેરાવળ** : મદ્રસા ગૌષિયા રઝવિય્યહ (તુર્ક ચોરા, નૂરી મંઝિલ–વેરાવળ)ની નવી બિલ્ડિંગના બાંધકામની જરૂર છે. તો સખીદાતાઓ આ ઈલ્મે દીનના પ્રચાર માટે ઊભા થતા મદ્રસાના કામને આગળ વધારવા ભરપુર સહાય કરશો એવી અપીલ છે. સંપર્ક કરશો :– (૧) હાજી સુલેમાન વલી મુહમ્મદ નૂરી–વેરાવળ (૨) જનાબ ખિઝરભાઈ નવીવાળા–ધોરાજી (**Mob. 9638008662**)

## U.K.માં સુન્ની દા'વતે ઈસ્લામીનો

# ૧૮ મો વાર્ષિક સુન્ની તબ્લીગી ઈજતેમા યોજાયો

બ્રિટનની ધરતી પર ઈશ્કે નબી ﷺથી દિલોને ઝગમગાવવા માટે, સુન્નતોની સુવાસ ફેલાવવા આલમી તેહરીક "સુન્ની દા'વતે ઈસ્લામી"નો સુન્ની ઈજતેમા નૂર હોલ–પ્રેસ્ટન ખાતે તા. ૧–૬–૨૦૧૨ જુમ્આની નમાઝ બાદ બહેનો માટે યોજાયો જેમાં જનાબ કારી રિયાઝુદ્દીન અશરફીએ તિલાવતે કુર્આને પાકથી શરૂઆત કરી અને નઅતે પાક પેશ કરી ત્યારબાદ અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅતે મુસ્તફા પોતાની આગવી અદામાં પેશ કરી હતી. ત્યાર બાદ હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબે ઔરતોની ઈસ્લાહ પર બયાન કર્યું હતું અને છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. ઝિક્ર દુઆ બાદ ઔરતોનો ઈજતેમા ખત્મ થયો હતો. મોટી સંખ્યામાં પ્રેસ્ટન, બોલ્ટન, બ્લેકબર્ન, માંચેસ્ટર, લેસ્ટર, લંડન વગેરે સ્થળોએથી બહેનોએ હાજરી આપી હતી. ત્યારબાદ શનિવારે મર્દોના ઈજતેમામાં જનાબ કારી રિયાઝુદ્દીન સાહબની તિલાવતથી ઈજતેમાની શરૂઆત થઈ. નઅતે પાક SDIના એક બાળકે પેશ કરી. ત્યાર બાદ કારી રિઝવાન સાહબે નઅત પઢી સાથે સાથે મજમાની તર્બિયત કરી હતી. મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબ, મૌલાના ખાન મુહમ્મદ કાદરી અને હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી સાહબે ઈમાન અફરોઝ બયાનો કર્યા છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી સાહબના બયાન દુઆ સલાતો સલામ બાદ બીજા દિવસનો ઈજતેમા ખત્મ થયો. ત્રીજા દિવસે રવિવારે મૌલાના મુહમ્મદ હુસૈન, મૌલાના ઈમરાન દયાદરવી–લંડન (ભાણા) તથા અન્ય મુબલ્લિગોનાં અંગ્રેજીમાં ઉર્દૂમાં બયાનો થયાં છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ ઈમાન અફરોઝ બયાન કર્યું, ઝિક્ર દુઆ બાદ ઈજતેમા ખત્મ થયો. વિવિધ ટાઉનોમાંથી મોટી સંખ્યામાં ઉલમા, મુબલ્લિગીન તથા અવામે હાજરી આપી હતી. એ ઉપરાંત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી તથા અલ્હાજ કારી રિઝવાન સાહબ થકી લંડન, બોલ્ટન, માંચેસ્ટર, લેસ્ટર, બર્મિંગહામ વગેરે સ્થળોએ કામયાબ ઈજતેમા થયા હતા.

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સૈયદ યુવતી** : જન્મ તારીખ : ૨૨–૧૧–૧૯૭૯, ઊંચાઈ : ૫'.૪", રંગ : ગોરો, એજ્યુકેશન : દસમી પાસ મિડિયમ ઈંગ્લિશ, ફેશન ડિઝાઈનર, કુકીંગ એક્સપર્ટ, નોકરીયાત–ધંધાદારી એવો નેક સૈયદ યુવાન પસંદગીને પાત્ર (વડોદરા, ભરૂચ, અંકલેશ્વર તરફ) કોન્ટેક મો. નં. : 93767 22399

**૨. પટેલ યુવતી** : જન્મ તારીખ : ૧–૨–૧૯૯૨, વજન : ૫૧ કિગ્રા., ઊંચાઈ : ૫'.૬", એજ્યુકેશન : PTC 74.% પાસ, ગોરી, સ્માર્ટ, દેખાવડી, સુંદર, સુશીલ (સુરત તરફ) મો. 97239 14058

**૩. પટેલ યુવતી** : જન્મ તા. : ૨૭–૭–૧૯૯૩, વજન : ૪૮.૫ કિગ્રા., ઊંચાઈ : ૫'.૨", એજ્યુ. : SSC 79% PTC પ્રથમ વર્ષ 80%, બીજા વર્ષની પરીક્ષા આપી છે. ગોરી, દેખાવડી, (સૂરત તરફ) કોન્ટેક મોબાઈલ નંબર : 97239 14058

**૪. પટેલ યુવતી** : ૨૩ વર્ષ, B.A. વીથ ઈંગ્લિશ, હાલ : પ્રાઈવેટ સ્કૂલમાં, ઈંગ્લિશ ટીચર (પાલેજ તરફ), કોન્ટેક મોબાઈલ નંબર : 9998573483

**૫. પટેલ યુવાન** : ઉમર : ૨૦ વર્ષ, ઊંચાઈ : ૫''.૦૦ એજ્યુ. : B.A. (પાલેજ તરફ) કોન્ટેક મોબાઈલ નંબર : 9998573483

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

## પોસ્ટકાર્ડ લખી કે SMS કરીને મફત મંગાવો

✪ **અનીસુલ અરવાહ** (હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہનાં કથનો) (પેજીસ : ૬૪)

સંપાદક : સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

✪ **ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ** رضی اللہ عنہ (પેજીસ : ૮૪)

**નોંધ : ઉપરોક્ત બંને કિતાબોના અનુવાદક/સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

બંનેના પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,** તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

આપણે સુન્નીઓ બુઝુર્ગોથી મહોબ્બતનો દાવો તો જોરશોરથી કરતા રહીએ છીએ. પણ દાવો ત્યારે જ સાચો ઠરશે જયારે કે તે બુઝુર્ગોના જીવનનું અનુસરણ કરીએ, તેમનાં કથનો પર અમલ કરીએ. ફક્ત ન્યાઝ–ફાતેહા કરી દેવા પૂરતા નથી ખાસ તો તેમની વાતો પર અમલ જરૂરી છે. પ્રસ્તુત કિતાબોમાં હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہના પીર હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہનાં કથનો પર જો ચાલી જઈએ તો આપણે બંને જહાનમાં કામયાબ છીએ ! અને બીજી કિતાબ મહાન સહાબી, ખલીફાએ દોમ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના જીવન પ્રસંગ પર છે એને વાંચો અને એમના નક્શે કદમ ચાલી નજાત મેળવો. **રૂા. ૩૦૦ ભરી મેમ્બર/ડોનર થનારને આવી કિતાબો ઘર બેઠાં ફ્રીમાં વરસભર મળતી રહેશે.** *–તંત્રી*

**જરૂરી નોંધ** : ઈન્ટરનેટ પર ઈ.સ. ૨૦૦૪થી આજ સુધીનાં "બરકાતે ખ્વાજા" તથા વિવિધ **૧૫૦** ઉપરાંત ગુજરાતી દીની કિતાબો વાંચવા વેબ સાઈટ ઓપન કરો **www.barkatekhwaja.net**

## ચાંચવેલમાં દસ્તારબંદીનો શાનદાર જલસો

**ચાંચવેલ** : તા. ૧૨–૬–૨૦૧૨ ઈશા બાદ "દારુલ ઉલૂમ બુખારીયા ફૈઝુર્રસૂલ" ખાતે ચાલુ સાલે ફારિગ થનાર ૩–આલિમ, ૧૧–હાફિઝ, ૪–કારી, કુલ : ૧૮ તલબાની દસ્તારબંદીનો જશ્ન પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ ગુલામરસૂલ બાવા–ચાંચવેલની સદારતમાં યોજાયો, જેમાં ખલીફાએ શૈખુલ ઈસ્લામ, શેરે ગુજરાત હઝરત મૌલાના સૈયદ કમર આલમ કુત્બી કારંટવી સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. સાદાતે કિરામ, ઉલમાએ એઝામના મુબારક હાથો વડે ફારિગ થનારાઓની દસ્તારબંદી થઈ હતી.

## બેહતરીન બયાનાત : ત્રણ સીડીઓ mp3

ઈમાનની મજબૂતી તથા અમલોની ઈસ્લાહ પર ખૂબ જ અસરકારક બયાનો : મુકર્રિર : **(૧)** અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી **(૨)** હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) **ફક્ત રૂા. ૧૦૦/–નો મનીઓર્ડર કરીને મંગાવો** અને ઘરમાં ઔલાદ, મા બહેનોને સંભળાવો જેનાથી ઘરમાં ઈસ્લામી માહોલ બનશે, ઈન્શાઅલ્લાહ !

**સંપર્ક કરો : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** મુ.**દયાદરા,** તા. જિ. ભરૂચ, પીન. ૩૯૨૦૨૦ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧) અથવા **બોનાન્ઝા STD PCO,** મોટા ચકલા, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૬૫, મો. ૯૪૨૭૪ ૩૭૫૯૦

સુન્નીઓની રહનુમાઈ માટે દીવાદાંડી

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાના આગામી પ્રકાશનો

★ **નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી (ભાગ : ૪)** *અઝ : ફક઼ીહુલ્ હિંદ હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદશરીફુલ હક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ*, **અનુવાદક** *: પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

★ **અનીસુલ અરવાહ** *(હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ નાં કથનો, સંપાદક : સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

★ **દલીલુલ આરિફીન** *(હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ નાં કથનો, સંપાદક : હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ)*

★ **ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ** رضی اللہ عنہ

★ **ઈસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન ગની** رضی اللہ عنہ

★ **ઈસ્લામના ચોથા ખલીફા હઝરત અલી મુર્તઝા** رضی اللہ عنہ

★ **૧૯ મા ફિક્હી સેમીનારના ફેંસલા** *(રજૂકર્તા : હઝરત મુફ્તી નિઝામુદ્દીન સાહબ મુબારકપુર)*

★ **બરકાતુલ ઈમદાદ યા'ને બુઝુર્ગોની મદદોની બરકતો** *(અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ)*

★ **વહાબીઓ થકી અસલ કિતાબોમાં થતી ઘાલમેલની દાસ્તાન**

★ **તોહફાએ નિકાહ** (ચાર કિતાબો : નિકાહ વિશે ઈસ્લામી ખયાલ, દહેજની હક઼ીક઼ત, પતિ પત્નીના હક્કો, તલાક઼ તથા ઈદ્દતના હુકમો) *અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

વગેરે કિતાબો નજીકના ભવિષ્યમાં આપના હાથોમાં પહોંચશે, ઈન્શાઅલ્લાહ !

**આજીજી સાથે વિનંતિ :** સુન્નીઓના અક઼ીદાની મજબૂતી તથા અમલોની સુધારણા માટે અતિ જરૂરી કિતાબો **ઈ.સ. ૧૯૮૬**થી પ્રસિદ્ધ કરતી આ સંસ્થાના મેમ્બર/ડોનર બનશો. **વરસભરમાં એકવાર ફક્ત રૂા. ૩૦૦ મેમ્બર ફી કે ડોનેશન રૂપે નોંધાવનારને વરસભર છપાતી કિતાબો (આજીવનના રૂા. : ૬૦૦૦) ઘર બેઠાં મળતી રહેશે.** પોતે તથા પોતાની ઔલાદ **અહલે સુન્નત પર, મસ્લકે આ'લા હઝરત** પર મજબૂતીથી જામી રહેવા માટે આજે જ આ સંસ્થાના મેમ્બર/ડોનર બની જાવ.

## રમઝાન શરીફમાં ભરપુર સહાય કરશો !

રમઝાન શરીફના મુબારક મહિનામાં આપની સખાવતના દરિયાને છલકાવી દેશો અને **વધુમાં વધુ મદદ આપની લિલ્લાહ, ઝકાત, સદક઼ા, ખયરાત, ન્યાઝની રકમો** વગેરેને આવી કિતાબો છપાવવાના કામમાં ઉત્તેજન માટે મોકલી આપશો જેનો બદલે રબ્બે કરીમ તેના હબીબે પાક صلی اللہ علیہ وسلم ના સદક઼ામાં બંને જહાનમાં અતા કરશે.

**પોસ્ટથી સંપર્ક સરનામુ :– અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, C/o.** ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**બેંક એકાઉન્ટ નંબર**

**BOB 34620100000107** પટેલ શબ્બીર અલી તથા **SBI 10328886242**

**આંગડિયા થકી મોકલનાર માટે**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા C/o.** ઈન્ડિયન ફૂટવેર, હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટેશન સામે–ભરૂચ

**સખીદાતાઓ ! એક નઝર ઈધર ભી !**

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ


ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ.તા. આમોદ, જિ. ભરૂચ, પિન–૩૯૨ ૧૧૦
ફોન : (૦૨૬૪૨) ૨૪૬૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭
Web. :www.barkatekhwaja.net Email : anjuman2006@hotmail.com


**પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો !** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના ફઝલો કરમથી, સરકારે દો જહાં ﷺની નઝરે ઈનાયતથી, ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ફયૂઝાને કરમથી આપણી પ્યારી સંસ્થા **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"** ક્રમે ક્રમે તરક્કી કરી રહેલ છે. ઈ.સ. ૨૦૦૪થી સામાન્ય હોલમાં "હિફ્ઝ કલાસ" ઉમદા કારીની તા'લીમ હેઠળ પીરે તરીકત **હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફ નૂરાનીબાવા પેટલાદી** (શાહઝાદાએ મોહસિને મિલ્લત હઝરત સૈયદ નૂરાનીબાબા رحمۃ اللہ علیہ)ની ભલી દુઆઓ સાથે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના શાકિર અલી નૂરી રઝવી**ની નિગરાનીમાં શરૂ થયો આઠ વરસમાં કુલ **૪૮ હાફિઝો** તૈયાર થયા અને **આજે તજવીદ સાથે સહીહ કુર્આન પઢવા બાબતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના હાફિઝો તથા તલબા પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. અલ્હમ્દુલિલ્લાહ !** છ વરસ પર **આલિમ કલાસ**ની શરૂઆત કરી હતી આજે સાદિસા જમાઅત સુધી તલબા પહોંચ્યા છે. **આવતા વર્ષે પ્રથમ ફાઝિલોની જમાઅત બહાર પડશે, ઈન્શાઅલ્લાહ !** અમામાની તથા સુન્નતોની પાબંદી સાથે સફેદ લિબાસમાં ડિસિપ્લીન સાથે તલબાને યોગ્ય તા'લીમ સાથોસાથ અંગ્રેજી તથા કોમ્પ્યુટરની તા'લીમના પિરિયડમાં દરેકને ફરજીયાત તા'લીમ અપાય છે તથા પરીક્ષા પણ એની લેવાય છે. તેમજ દીની ખિદમત કરવાની પ્રેરણા માટે સતત તર્બિયત ઉસ્તાદો થકી ડેઈલી થાય છે. આસપાસ ગામોમાં **નૂરી કાફલા** મોકલી તબ્લીગે દીન કરવામાં આવે છે. હાલ લગભગ ૮૨ તલબા ઉપરાંત ૭–મિસ્બાહી આલિમોમાં એક મુફતી સાહબ, ૨–કારી સાહબો તથા અન્ય કર્મચારીઓ થઈને ૧૫નો સ્ટાફ છે. ખર્ચ દિવસે દિવસે વધી રહ્યો છે જેને પહોંચી વળવુ કઠિન જણાય છે. માટે કેવળ અલ્લાહની રઝાને ખાતર આ તરફ સહાયનો હાથ લંબાવવા અપીલ છે.

**✯ અલ્લાહને ખાતર અમારી જરૂરતો પ્રતિ લક્ષ કરશો ! ✯**

★ દારુલ ઉલૂમનો અનાજ–પાણી, પગાર વગેરેનો **હાલ માસિક ખર્ચ** લગભગ **રૂા. સવા લાખ છે.**

★ સ્ટાફ માટે પ્રથમ માળે રૂમો બનાવવા છે જેનો ખર્ચ ઓછામાં ઓછો **૧૦–૧૨ લાખ** થશે.

★ લાયબ્રેરી હોલ બનાવવો બાકી છે જેનો ખર્ચ લગભગ **રૂા. ૮ લાખ** થશે.

★ ભવિષ્યમાં **કિર્અત તથા તજવીદ**ના **સ્પેશ્યલ કોર્સ** સાથે **"કારી કલાસ"** શરૂ કરવાની ખ્વાહિશ છે જેના માટે અધિક ઉમદા કારી રાખવામાં આવશે. (ઈન્શાઅલ્લાહ !)

આ ઉપરાંત **સ્કૂલ દીની તા'લીમ સાથે શરૂ થઈ રહી છે,** અન્ય યોજનાઓ અનુકૂળતા પ્રમાણે અમલમાં આવશે તો આપનાથી ભરપુર સહકારની અપેક્ષા છે. તમારા તથા મર્હૂમોના સવાબ અર્થે **બાંધકામમાં લિલ્લાહ તેમજ ખેરાત** ઉપરાંત અન્ય કામે **ઝકાત, સદકા, ન્યાઝ, કુર્બાનીની ખાલો** વગેરેથી સહાય કરશો.

**✪ પટેલ શબ્બીર અલી રઝવી (પ્રમુખ)** **✪ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા (નાઝિમે આ'લા)**